કુમાર


સંસ્થાપક · સ્વ. રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક · વર્ષ છપ્પનમું · અંક પહેલો
જાન્યુઆરી · ઓગણીસ સો ઓગણ્યાએંશી

તંત્રી : બચુભાઈ રાવત



હંજ-જોડની જોડી. ફોટો : વસંત સંઘવી (જુઓ આ અંકની 'કલાવાર્તા') હંજ (ફ્લૅમિંગો)ના દેહની મુલાયમતા, ડોકના વળાંક, એમની જૂથરચના ને પાણી પરના ચળકાટની કલામય રજૂઆત.
(કૅમેરા · 'મામિયા, લેન્સ ૫૦૦ ટેમરોમ, ફિલ્મ ઑરવો એન. પી. ૭, સ્પિડ ૧/૫૦૦ સે., એફ · ૧૬. પેપર 'ઈન્દુ'.)



રામ-પરશુરામ ભેટ

વડતાલનાં સ્વામીનારાયણ મંદિરનું એક ભીંતચિત્ર

એક કાળે ઉત્કૃષ્ટતાએ પહોંચેલી અજંતાની ભીંતચિત્ર-કળા દૂરદૂર સુધી પોતાનો પ્રભાવ પાથર્યાં પછી અનેકવિધ કારણે જે ગતિ-અવગતિ પામતી ગઈ તેમાંથી એક તરફ નવી પ્રાકટ શૈલીઓ વિકસી તેમ બીજી બાજુ જનસમાજમાંથી તદ્દન લુપ્ત થવાની હદે પણ પહોંચી, અને બે-અઢી સૈકા પહેલાંના અરસામાં ગુજરાતમાં ગામગામડાનાં દેવસ્થાનો, દરબારગઢો ને શ્રીમંતોની હવેલીઓનાં શોભનમાં જ ભીંતચિત્રો થવા લાગ્યાં. સલાટો અને કમાંગરોનું એ કામ બની ગયું. દેવદેવીઓ, પૌરાણિક-કથા પ્રસંગો, રાસલીલા, મલ્લો, અંબાડીવાળા હાથીઓ ને ફૂલબુટ્ટાનાં શોભન રૂપે આજે એ ક્યાંક રડચુંખડચું હજી જોવા મળે છે. ભભકવાળા રંગો, જાડી એકધારી રેખા અને ભાવ કરતાં વર્ણનને એ વધુ વફાદાર લાગે છે. જનસમાજની કલાની પિપાસા સંતોષવાનું આવું કામ લોકબોધ અને શોભન અર્થે ચાલતું રહ્યું. એના ચીતરનારાઓ કારીગરો જ ગણાતા. મંદિરમાં આવાં ચિત્રો ગામની શોભા ગણાતાં ને સામાન્ય ગ્રામજન એની સરળ બોધકતા ને રંગભભકને સમજી-માણી શકતો. વડતાલનું સ્વામીનારાયણ મંદિર એક ઘણું જૂનું મંદિર છે. એમાં મરામત અને રંગરોગાન થતાં રહેવા છતાં એની ઘણી અસલીઅત હજી ટકી રહી છે. મંદિર આસપાસના ઊંચા કોટની ભીંતો ઉપર હજી યે દાયકાઓ જૂનું ચિત્રાંકન એના અસલ રૂપમાં જોવા મળે છે. પણ જ્યાં નવાં ઉમેરણો સાથે જૂના કામને ઘૂંટવામાં આવ્યું છે ત્યાં નવા રૂપે અસલી ઢબનું આવું ચિત્રકામ પણ જોવા મળે છે. કલા કરતાં કથન પર તેમાં વધુ ભાર છે. ચિત્રિત પ્રસંગ સાથે સંકળાએલાં પાત્રોની ઓળખ માટે તેમનાં નામ પણ તેમાં લખ્યાં છે. પાત્રોના પોશાક તેમ જ અન્ય અલંકરણોમાં પરંપરિત પ્રભાવ દેખાય છે. શોભન ઉપરાંત લોકોને પરિચિત કથાપ્રસંગો નિરૂપતી એની સરળતા દર્શાવે આવતા હજારો ભાવુક ગ્રામજનો સમજી-માણી શકે છે. ગુજરાતમાં પ્રસરેલી કળાનો આ પણ એક ફાંટો છે. (બ્લૉક - સાહિત્ય મુદ્રણાલયના સૌજન્યથી)

જાન્યુઆરી ૧૯૭૯ · અંક ૬૬૧

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ:રૂ.૨૪-૦૦; પરદેશ:રૂ.૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ:રૂ.૨-૫૦

વાચકો લખે છે...

નૂતન વર્ષ નિમિત્તે

વિરાટે જાગ્યા જે શત શત યુગે તારક બધા
ન સૂતા કે બૂઝ્યા બસ પલકમાં શું ઝગમગે!
અને કો યુગોથી ક્ષણ પણ નહીં તેજ વિસરે:
તમો છો ધીખ્યાની પરમ સતનો માર્ગ ચઢવા!
તમે ના તારા કે અમ પણ નહીં તારક છતાં:
સિતારા આત્માના અકળ ગગને થૈ વિચરશું!
(પોરબંદર) —હિમાંશુ ભટ્ટ

Don't Quit

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે છપાવેલા 'આગળ ધસો'(Pushing to the Front) અને 'સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ'(Health, Wealth and Happiness (?)) ગ્રંથોના અનુકરણ જેવી લેખમાળા 'કુમાર'માં પ્રસિદ્ધ થાય છે. એવો જ અર્થ સારનાર બિબ્બીઝ ઍન્યુઅલવાળું 'નૂતન વર્ષની પ્રતિજ્ઞા'નું કાવ્ય–મૂળ–આપે પ્રકટ કર્યું છે. એથી પ્રોત્સાહિત થઇને હું આ સાથે એક અંગ્રેજી કાવ્ય મોકલું છું. એવી આશાથી કે આપ એને અનુકૂળતાએ 'કુમાર'માં પ્રકટ કરશો.

આ કાવ્યનો કર્તા કોણ છે, એ હું જાણતો નથી. પરંતુ અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કંપનીના વિદેહ ચીફ એન્જિનીઅર અને જનરલ મૅનેજર મિ. પોલીને એમના ટેબલ ઉપરના કાચ હેઠળ આ કાવ્ય દબાવી રાખેલું જે એમના સ્મૃતિ અંકમાં પ્રસિદ્ધ થએલું, એની આ નકલ મેં કરી લીધેલી.

DON'T QUIT

When things go wrong as they
sometimes will,
When the road you are trudging
seems all uphill,
When the funds are low, and the
debts are high,
And you want to smile, but you
have to sigh,
When care is pressing you down
a bit,
Rest, if you must – but don't
you quit.
Life is queer with its twists and
turns,
As everyone of us sometimes
learns,
And many a failure turns about,
When he might have won had
he stuck it out,
Don't give up, though the pace
seems slow –
You might succeed with another
blow.
Often the goal is nearer than
It seems to a faint and faltering
man,
Often the struggler has given up,
When he might have captured
the Victor's cup,
And he learned too late, when
the night slipped down,
How close he was to the
Victor's crown.
Success is failure turned inside
out –
The silver tint of the clouds of
doubt –
And you never can tell how close
you are,
It may be near when it seems
afar,
So stick to the fight when you're
hardest hit –
It's when things seem worst that
you mustn't QUIT.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

'રાષ્ટ્રીય' નહિ 'રાષ્ટ્રિય'

ઘણા વખતથી આ બાબત પર લખવા વિચાર થતો, પણ પ્રમાદને લીધે લખી શકાયું નહિ. પણ વારંવાર વર્તમાનપત્રો

(અનુસંધાન પૃષ્ઠ ૨૯)

શતરંજની રમત દરમિયાન મહોરાંઓની ચાલથી જે વિધવિધ પરિસ્થિતિઓ–કૉમ્બિનેશન્સ રચાય છે તેમાંથી જીત તરફ આગળ વધવા ખેલાડી પોતાની ચાલ માટે જે ચાતુર્ય વાપરે છે તેનો અભ્યાસ ઊગતા ખેલાડીઓ માટે ઘણો રસમય અને માર્ગદર્શક બની રહે છે. આ અંકથી 'શતરંજ'ના વિભાગમાં લેખક આવાં વિવિધ કૉમ્બિનેશન્સ અને તેની સામે રમાએલી બુદ્ધિયુક્ત ચાલની સમજ આપવાનો આરંભ કર્યો છે તે તરફ શતરંજના રસિયાઓનું ધ્યાન દોરીએ છીએ. તે રસપ્રદ જ નહિ, 'શતરંજ' શીખતા નવોદિતો માટે માર્ગદર્શક પણ બની રહેશે. –સં.

શરદની સવારે / રાજેન્દ્ર શાહ

· ગાન ·

આજ શરદની શાન્ત સવારે :
મૃદુલ મધુર મુરલી બાજત
સઈ, ચલ કાલિન્દી કિનારે.

નીડ મહીં અવ રહે ન પંખી
મુહુમુહુ કૂજત કુંજે;
હવા વિકંપિત વહે હળુળુળુ
મર્મર પલ્લવ પુંજે,
પરિમલછાયું સુનીલ વનાંચલ
ભીંજી રહેલ તુષારે.

ધીર ચરણે તું અધીર અકેલી,
લીજે કેડી એકાન્ત મિલનની
કાજ અવર પરું મેલી.

ગગન ખૂણે અંકાઈ, નયનમાં
ઊઘડી જે અરુણાઈ,
ઉરે અંતર ઊઠયો સૂર તે
સઘળે રહ્યો છવાઈ :
ચલ કલ મંજુલ કૃષ્ણ જલે
ખાલી નિજ ઘટ ભરવા રે.

પિતાના મૃત્યુ પછી

ઘેર પત્ર લખતાં / કનૈયાલાલ મ. પંડયા

· શિખરિણી સૉનેટ ·

લખું શું ? સંબોધું કવણ શબ્દે ? અક્ષર પડે
નહીં, હાથે મારા અવઢવ હવે, કાગળ પરે
સુકાતી ભાષાનું રણ પસરતું, આંખ પલળે.
ન હોવાનું બાપુ, શત શત ઘણું થાય વસમું.

થતું, રાજીખુશી ખબર લખવી, ત્યાં જ પડઘે
દૂખેલો હોંકોટો મરદ રવનો, મૌન ઋષિનું,
સ્મરું સાધુવૃત્તિ, સરળ કરણી, ગામભરની
જીભે કાલીઘેલી 'મનખ પરભુનું' હજુ તમે.

કહો શું પુછાવું ? દખડું અતડું ભાલ વચમાં
હશે બેઠું, માડી, ઝળહળત ગોખે અવ ફરી
જપેલા દેવોનું યજન કરશો હાથ અડવે.
ગયા એ, પોથીને જનમટીપ દીધી અનવધિ.

હવે આળું આળું અબુધ મન મર્જાદ વિસરે
લખું લો કે કૂખે ઘરવધૂ તણે પૌત્ર ફરકે.

દશા / શિલ્પિન્ થાનકી

· ગઝલ ·

ફરી વેશપલટો કરી જોઉં છું,
મને હુંથી આળગો કરી જોઉં છું.

કશું દોરવામાં સફળ કયાં થયો ?
હજી એક લીટો કરી જોઉં છું.

હશે શબ્દ મારા જ આગળ જતા,
અનાયાસ પીછો કરી જોઉં છું.

પછીતથી પ્રસરશે વિષાદી ક્ષણો–
ભલે બંધ ઝાંપો કરી જોઉં છું.

સમય છે, રુકે, ના રુકે પણ ખરો,
છતાં હાથ ઊંચો કરી જોઉં છું.

❏ **શરદની સવારે** : શરદ ઋતુના શાંત મધુર પ્રભાતની સૌન્દર્યલહાણ અનુભવવા રાખીને ઈજન આપતા કાવ્યનાયકની ઉક્તિરૂપે રચાએલા આ ગીતમાં કલ્પના, ભાવ, વર્ણનાદ અને લયનો માદક હિલ્લોળ ભાવકને પણ સૌન્દર્યાનુભૂતિની ક્ષણોમાં અવગાહન કરાવી જાય છે. ગીતના ઉપાડનો સ્થૂળ પ્રાકૃતિક સૌન્દર્યવૈભવ અંતિમ અંતરામાં સૂક્ષ્મ ભાવાભિવ્યક્તિની ગહેરાઇએ પહોંચે છે—'અને ખાલી નિજ ઘટ ભરવા રે'થી પૂરા થતા ગીતમાં આ પાર્થિવ જળ ઉપરાંત અનેક અર્થસલિલ છલકાવી દેવાનું સુજ્ઞ ભાવકને ય ઈજન છે. ❏ **ઘેર પત્ર લખતાં** : પિતાના મૃત્યુની સ્મૃતિ પત્રલેખનને થંભાવી દે છે તેનું સરળ આલેખન સૉનેટના પ્રથમ શ્લોકમાં કરાયું છે. એક તરફથી ભાષા સુકાય છે—વિરહસંતાપથી સ્તો—તો તત્ક્ષણ આંખ ભીંજી રહે છે. ત્રીજી પંક્તિમાંનો આ વિરોધ શોકના ભાવને દઢાવે છે. બીજા શ્લોકમાં પિતાનાં સ્મરણોથી સ્મૃતિપાત્ર છલકાઈ જતું દર્શાવ્યું છે. ત્રીજા શ્લોકમાં વિધવા માતાનું કલ્પનાચિત્ર કરુણને ઘેરો બનાવે છે ત્યાં જ સૉનેટની અંતિમ કડીમાં સૉનેટ સહજ પલટો આવે છે. ઘરવધૂની કૂખે પૌત્ર ફરકે છે તેનો આનંદ પેલા વિષાદને ઘડીભર ભુલાવી દે છે અને શોકની તેમજ શરમની પાળો ઓળંગી એ પ્રકટી રહે છે, પણ સંયમશીલતાથી!

બેદરકારી

બહાદુરશાહ પંડિત

સુમન એના મિત્ર સાથે ઝૂંપડપટ્ટીના વિસ્તારમાંથી સિગારેટ પીતો પીતો પસાર થઈ રહ્યો હતો. વાતોમાં ને વાતોમાં એણે સિગારેટના ઠૂંઠાને હોલવ્યા સિવાય જ ફેંકી દીધું. સળગતું ઠૂંઠું એક ઝૂંપડીના પાછળના ભાગમાં જઈને પડ્યું. ત્યાં પડેલો કચરો સળગી ઊઠ્યો અને એકાદ કલાક બાદ તો આખી ઝૂંપડીમાં આગ વ્યાપી ગઈ.

સુમનની સાવ નાની લાગે એવી બેદરકારીના પરિણામે એક ગરીબ કુટુંબ નિર્વાસિત બની ગયું. એણે સિગારેટ નાખી દેતાં પહેલાં હોલવી નાખવાની દરકાર લીધી હોત તો ?

આવી નાની સરખી બેદરકારી કેવાં ગંભીર પરિણામો લાવે છે, એનાં દષ્ટાંતો બહુ દૂર શોધવા જવાં પડે એમ નથી. તમે બારી પાસે ઊભા ઊભા કેળાં ખાઈને છાલ નીચે નાખો છો અને કોઈ રાહદારીનો હાથ કે પગ ભાંગે છે. તમે મિત્રને લખેલા પત્ર પરનું સરનામું લખવામાં બેદરકારી રાખો છો ને ટપાલીને રખડપટ્ટી થાય છે યા તમારા મિત્રને પત્ર મળતો જ નથી.

આપણા ભારતવાસીઓની બેદરકારી તો વિશ્વની પ્રજાઓ સાથે સ્પર્ધામાં પ્રથમ આવે એટલી ઊંચી કક્ષાની છે! કોઈના ઘરમાંથી બહાર નીકળી એના કૉપાઉન્ડનો દરવાજો બંધ કરવાની તકલીફ આપણે જવલ્લે જ લઈએ છીએ. જાહેર બગીચામાં નાસ્તો કર્યા બાદ એનો કાગળ ઊડતો રાખવાની તો આપણી પ્રજાકીય ખાસિયત છે. આગગાડીના ડબ્બામાં ફળ કે મગફળી ખાઈ એનાં છોડાં અંદર જ નાખવાની આદત આપણને કદી શરમ ઉપજાવી શકી નથી. મિત્રના ઘેરથી વાંચવા લાવેલા માસિક પર ચાનો કપ મૂકતાં આપણે એના પર પડનાર ડાઘાની દરકાર રાખતા નથી.

ભૂલ અને બેદરકારી વચ્ચે ઘણો ભેદ છે. યાદશક્તિના અભાવે કે અણઆવડતના કારણે માણસ ભૂલ કરે એ ક્ષમ્ય છે. પણ બેદરકારી તો સમજીને–જાણીબૂઝીને કરેલી ભૂલ છે. એમાં આવડતનો નહિ પણ વિવેકનો અભાવ છે.

મહાત્મા ગાંધીજીનો વિવેક આ બાબતમાં કેટલો સૂક્ષ્મ ને ઔચિત્યપૂર્ણ હતો એ નીચેના ઉદાહરણ પરથી જોઈ શકાય છે. મુંબઈમાં કૉંગ્રેસની બેઠક હતી. ગાંધીજી મારવાડી વિદ્યાલયમાં ઊતર્યા હતા. એક દિવસ તેમને ક્યાંક જવું હતું. તેઓ ટેબલ ઉપરની વસ્તુઓ વ્યવસ્થિત કરી કંઈક શોધવા લાગ્યા. કાકાસાહેબ એમની પાસે જ હતા. એમણે પૂછ્યું, બાપુજી, શું શોધો છો?'

'મારી પેન્સિલ : નાનકડી છે.'

એમનો સમય અને તકલીફ બચાવવા કાકાસાહેબ પોતાના ખિસ્સામાંથી પેન્સિલ કાઢીને એમને આપવા માંડી, પણ બાપુ બોલ્યા: 'નહિ નહિ, મારી એ નાની પેન્સિલ જ મારે જોઈએ. એ નાની પેન્સિલ મારાથી ખોઈ ન શકાય. તમને ખબર છે, એ પેન્સિલ મને મદ્રાસમાં નટેશનના નાના દીકરાએ આપી હતી. કેટલા પ્રેમથી એ પેન્સિલ લાવેલો! એ મારાથી કેમ ખોવાય?'

માણસની બેદરકારી એના પ્રમાદ, વિલાસ કે અભિમાનમાંથી જન્મે છે એના દાખલા ઇતિહાસ પૂરા પાડી શકે એમ છે. મહમ્મદ ઘોરી છેક દિલ્હીના દરવાજા ખખડાવવા લાગ્યો ત્યાં સુધી પૃથ્વીરાજ ચૌહાણ એના આક્રમણ અંગે બેદરકાર જ રહ્યો કારણ કે એ સંયુક્તા સાથે વિલાસ ભોગવવામાં ગળાબૂડ હતો. મધ્ય કાળના બધા રજપૂતો એમના મિથ્યા કુલાભિમાનને કારણે વિદેશીઓના આક્રમણ અંગે બેદરકાર રહ્યા અને એમણે પોતાની સ્વતંત્રતા ગુમાવી.

ઘણી વાર વૈજ્ઞાનિકો અને ચિંતકો એમના ધૂની સ્વભાવના કારણે બેદરકાર બનતા જોવા મળે છે. આવી બેદરકારી એમને પણ નુકસાન તો કરતી જ હોય છે. પણ એનાથી બીજાને નુકસાન ના થતું હોવાથી એવા કિસ્સાઓ અમર બની જાય છે.

જાણીતા વૈજ્ઞાનિક લૂઈ પાશ્ચર એક ભોજનસમારંભમાં ગયા હતા. ત્યાં મુખ્ય ભોજનના અંતે ફળ આપતાં એમની પાસે બેઠેલાં એક મહિલાએ ફળ ખાવાનું શરૂ કર્યું. લૂઈ પાશ્ચરે એમને અટકાવીને કહ્યું: 'આ ફળ ઉપર અનેક જંતુ ચોંટેલાં હોય છે, એટલે એમને પાણીથી ધોયા સિવાય ખવાય નહિ.' એમ કહી એમણે વેઈટર પાસે એક પ્યાલામાં પાણી મંગાવ્યું અને ફળ ધોઈ નાખ્યાં.

સમારંભને અંતે લૂઈ પાશ્ચરને ભાષણ કરવાનું હતું. એમણે ત્યાં ઊભા ઊભા જ ભાષણ કર્યું. ભાષણ પૂરું થતાં એમને એટલી તરસ લાગી હતી કે પેલો પાણીનો પ્યાલો ઉપાડી ગટગટાવી ગયા!

બાળકોને નાનપણથી ચીવટના સંસ્કારો પાડવામાં આવે તો બેદરકારી ઓછી થઈ શકે. એમની સામે થોડાં ચોકસાઈનાં સારાં દષ્ટાંતો ધરવાં જોઈએ.

એક ઑફિસમાં ક્લાર્કની જગ્યા માટે ઈન્ટરવ્યૂ લેવાતા હતા. એક પછી એક ઉમેદવાર ઈન્ટરવ્યૂ આપીને જતો હતો. એક ઉમેદવારે બારણામાં પ્રવેશતાં વચ્ચે ટાંકણી પડેલી જોઈ. તરત જ એણે ટાંકણી ઉપાડીને ઈન્ટરવ્યૂ લેનાર સાહેબના ટેબલ પર ટાંકણી રાખવાની ગાદીમાં ખોસી દીધી...સાહેબે એને નોકરીમાં રાખી લીધો!

અમેરિકાના ન્યૂ જર્સીમાં બેલ ટેલિફોન કંપનીના ડ્રાઈવરોને એક ખાસ સૂચના આપવામાં આવી છે, કે તમે જ્યારે મોટર અથવા ટ્રક હાંકવા માટે બેસવા જાઓ ત્યારે એની આસપાસ એક ફેરો મારીને પછી બેસવું. ડ્રાઈવરો આ આંટો મારવાથી એમની મોટરની પાછળ, બાજુમાં કે નીચે કોઈ બાળક કે પ્રાણી હોય તો એને દૂર ખસેડી શકે છે. આ ફેરાને 'સલામતી ફેરો' કહેવામાં આવે છે.

બેદરકારીથી ભૂલ થઈ જાય ત્યારે માણસે પોતે પોતાની જાતને શિક્ષા કરવી જોઈએ. બહુ વર્ષો પહેલાં 'કુમાર'માં 'દંડ' નામની એક લઘુ કથા પ્રસિદ્ધ થઈ હતી.

એક અમલદાર પોતાની કચેરી માટે એક કારકુન રોકવા ઇચ્છતા હતા. એક યુવાનનો ઈન્ટરવ્યુ લેવાતો હતો. દરમ્યાન એ અમલદાર ઊઠીને કંઈ કામે બારીએ ગયા. પછી આવીને કંઈક શોધવા લાગ્યા. પછી એમણે પેલા યુવાનને પૂછ્યું: 'અહીં ટેબલ ઉપર સો રૂપિયાનો બેરર ચેક પડ્યો હતો એ તમે જોયો?'


'ના સાહેબ.' પેલા યુવાને જવાબ આપ્યો: 'પણ જરા ઊભા થશો?' અમલદાર ઊભા થયા. એમના નીચે ચેક દબાએલો પડ્યો હતો.

અમલદારે ચેક ઉપાડીને એ યુવાનના હાથમાં આપી કહ્યું : 'તમે કહેતા હતા કે તમારાં માતા માંદાં છે એથી તમારે નોકરીની ખાસ જરૂર છે. માતાની સારવાર માટે આ ચેક લઈ જાઓ. એથી મારી બેદરકારી માટે મને યોગ્ય દંડ થશે અને તમારું કામ થશે. પણ હું તમને નોકરીમાં તો નહિ જ રાખું. જેની આગળ એક વાર મારી ગફલત પકડાઈ ગઈ એની પાસેથી હું કદી કામ ના લઈ શકું.'

આપણી બેદરકારી કે ગફલત ક્યાંય પકડાઈ ના જાય એ માટે આપણે કેટલા જાગ્રત છીએ?

હરિૐ આશ્રમ તરફનું
અંક ૬૬૦ માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'ટીપુ સુલતાન'ના લેખક
શ્રી અશોક હર્ષને મળે છે.

ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના એક સેનાની, ભારતના બંધારણના ઘડનારાઓમાંના એક, ભારતની લોકસભાના સભ્ય, જૈન સમાજના એક અગ્રગણ્ય નેતા, એક નામાંકિત સૉલિસિટર, અનેક સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના સૂત્રધાર, ગુજરાતી સાહિત્ય પરિષદના વર્ષો સુધી મંત્રી, પીઢ પત્રકાર, વિચારશીલ લેખક ને સમર્થ ચિંતક.



ચીમનલાલ ચકુભાઈ શાહ

લેખક · પ્રો. ડૉ. રમણલાલ ચી. શાહ

ચીમનભાઈ એટલે આપણા રાષ્ટ્ર-સ્થવીરોમાંના એક. આજે સિત્યોતેર વર્ષની વયે પણ તેઓ પોતાનો મોટા ભાગનો સમય વિવિધ સામાજિક, ધાર્મિક, ને સાંસ્કારિક પ્રવૃત્તિઓનાં સંચાલન અને માર્ગદર્શનમાં તેમ જ લેખન, અધ્યયન અને મનનચિંતનમાં પસાર કરે છે.

ચીમનભાઈ એટલે સેલ્ફ મેઈડ મૅન. એમનું જીવન એટલે શૂન્યમાંથી સર્જન. એમનું જીવન એટલે પ્રબળ પુરુષાર્થની ગૌરવગાથા.

ચીમનભાઈનો જન્મ સૌરાષ્ટ્રમાં લીમડી પાસે પાણસીણા ગામમાં ઈ. સ. ૧૯૦૨ના માર્ચની ૧૧મી તારીખે સ્થાનકવાસી જૈન કોમમાં થયો હતો. એમના પિતા ચકુભાઈ ગુલાબચંદની આર્થિક સ્થિતિ સારી નહિ એટલે ઈ. સ. ૧૯૦૦માં તેઓ મુંબાઈમાં નોકરી કરવા ગએલા. મુંબાઈમાં ઝવેરી બજારમાં સુથારચાલમાં એક નાનકડી ઓરડીમાં રહેતા અને દવા બજારમાં દવાની એક દુકાને નોકરી કરતા. બાળક ચીમનભાઈ બે વર્ષના થવા આવ્યા ત્યાં એમની માતાનું અવસાન થયું. પિતા ચકુભાઈ ભરયુવાન વયે વિધુર થયા. બીજાં લગ્ન કર્યાં. અપર માતા રંભાબહેને બાળક ચીમનભાઈને પોતાના જ સંતાનની જેમ ઉછેર્યા—એટલી બધી સારી રીતે કે ચીમનભાઈને પોતાની જન્મદાત્રી માતા જુદી છે એવી ખબર સુધ્ધાં પડવા દીધી નહિ રંભાબહેનને પોતાનું કોઈ સંતાન થયું નહિ એથી પણ એમનું સમગ્ર વાત્સલ્ય ચીમનભાઈ પર વરસ્યું. એથી ચકુભાઈ, રંભાબહેન અને ચીમનભાઈ એ ત્રણ સભ્યોના કુટુંબમાં કોઈ કૌટુંબિક વિસંવાદ કે સંઘર્ષને અવકાશ રહ્યો નહિ.

પ્રાથમિક શિક્ષણ પાણસીણામાં અને માધ્યમિક શિક્ષણ મુંબાઈની બાબુ પન્નાલાલ હાઈસ્કૂલમાં તથા ભરડા હાઈસ્કૂલમાં લઈને ચીમનભાઈએ તેજસ્વી કારકિર્દી સાથે મૅટ્રિકની પરીક્ષા ૧૯૧૯માં અમદાવાદમાં આપી. પણ પરીક્ષાના દિવસો દરમિયાન જ અમૃતસરમાં જલિયાંવાલા બાગનો બનાવ બન્યો અને ભારતભરમાં જાણે અગ્નિજ્વાળા ફાટી નીકળી. અમદાવાદમાં પણ તોફાનો થયાં અને વિદ્યાર્થીઓએ મૅટ્રિકની પરીક્ષા માટેના શમીઆના બાળી નાખ્યા. ભૂમિતિના પેપરની પરીક્ષા અધૂરી રહી અને થોડા સમય પછી તે વડોદરામાં લેવાનું નક્કી થયું. પરંતુ તે દરમિયાન ચીમનભાઈના લગ્નની તિથિ નક્કી થઈ ગઈ હતી. ભૂમિતિની પરીક્ષા ન આપે તો ટકા ઓછા આવે. નાપાસ થવાનો પ્રશ્ન નહોતો, કારણ કે ગણિતના બીજા બે પેપરો સારા ગયા હતા. સત્તર વર્ષની વયે ચીમનભાઈનાં અજવાળીબહેન સાથે લગ્ન થયાં.

મૅટ્રિકમાં પૂરી તૈયારી છતાં સંજોગવશાત્ પ્રથમ વર્ગ ન મળ્યો. બીજી બાજુ ગૃહસ્થજીવનમાં પ્રવેશ કર્યો હતો. એ જમાનામાં મૅટ્રિક સુધીનો અભ્યાસ ઓછો ન ગણાતો. પરંતુ ચીમનભાઈની ઇચ્છા કૉલેજમાં અભ્યાસ કરવાની હતી. આર્થિક સ્થિતિને કારણે પિતાશ્રીની ઇચ્છા એમને નોકરીએ બેસાડવાની હતી. છેવટે એક વર્ષ માટે ભણવાની છૂટ મળી ને તેઓ મુંબાઈમાં એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા.

એ દિવસોમાં એલ્ફિન્સ્ટન જેવી કૉલેજમાં અભ્યાસ કરવો એ મોટા ગૌરવની વાત ગણાતી. આખા મુંબાઈ ઈલાકામાં ગણીગાંઠી કૉલેજો હતી અને તેમાં સર્વશ્રેષ્ઠ તે એલ્ફિન્સ્ટન. પ્રિન્સિપલ તરીકે કોઈ અંગ્રેજ જ હોય. ચીમનભાઈના વખતમાં પ્રિન્સિપલ કૉન્વર્ટન્ટ હતા અને અધ્યાપકોમાં નરસિંહરાવ દિવેટિયા, સંસ્કૃતના સમર્થ પંડિત એ. બી. ગજેન્દ્રગડકર અને ફિલૉસૉફીના પ્રખર અભ્યાસી ડિ–અન્દ્રાદે હતા. ચીમનભાઈ એ દિવસોમાં એમના પિતાશ્રી સાથે કાલબાદેવીમાં એક ચાલમાં રહેતા. ઓરડીમાં વીજળીની બત્તી પણ નહોતી. પોતે ચાલીમાં સૂઈ રહેતા અને ચાલીની બત્તીએ વાંચતા. કાલબાદેવીથી એલ્ફિન્સ્ટન કૉલેજ સુધી ટ્રામમાં એક આનાની ટિકિટ હતી એ પણ પરવડે તેવી સ્થિતિ નહોતી, એટલે રોજ કૉલેજ ચાલીને જતા અને ચાલીને પાછા આવતા.

પહેલા વર્ષનો અભ્યાસ પૂરો થયો અને ઉનાળાની રજાઓ પડી કે તરત પિતાશ્રીએ એમને ઠાકરશી મૂલજીની ઑફિસમાં નોકરીએ બેસાડી દીધા. પરંતુ પરીક્ષાનું પરિણામ જ્યારે આવ્યું ત્યારે તે ઘણું જ સારું હતું. ચીમનભાઈને સરકાર તરફથી શિષ્યવૃત્તિ મળી–આગળ અભ્યાસ ચાલુ રાખે એ શરતે. તે સ્વીકારવી કે નહિ એ પ્રશ્ન હતો. કુટુંબ



ચીમનભાઈ શાહ
યુવાન વયે
◁

▷
સામેના પૃષ્ઠ પર:
પિતા
ચકુભાઈ
ગુલાબચંદ
•
અપર માતા
રંભાબહેન
•
પત્ની
અજવાળીબેન સાથે
ચીમનભાઈ

ઉપર ભણવાનો આર્થિક બોજો નહોતો એટલે એક વધુ વર્ષ ભણવાની છૂટ મળી. વળી પરિણામ સારું આવ્યું, શિષ્યવૃત્તિ મળી ને વળી અભ્યાસ કરવાની મર્યાદા લંબાવાઈ. એમ કરતાં બી. એ., એમ. એ. ને એલએલ. બી. થયા. ઘણુંખરું પહેલો નંબર મેળવતા. એમ. એ. માટે કાશીનાથ તેલંગ સુવર્ણચન્દ્રક અને એલએલ. બી. માટે યુનિવર્સિટી સુવર્ણચન્દ્રક મળ્યા. કૉલેજમાં બે વર્ષ માટે 'દક્ષિણાફેલો' તરીકે નિમાયા.

એ દિવસોમાં સુશિક્ષિતોમાં એકબીજાને નામના આદ્યાક્ષરથી બોલાવવાની પદ્ધતિ વિશેષ પ્રચલિત હતી. ચીમનલાલ ચકુભાઈ એટલે 'સી. સી.' પણ એલ્ફિન્સ્ટનમાં એમની સાથે બીજા પણ એક સી. સી. હતા, તે આપણા જાણીતા કવિ અને નાટ્યકાર ચંદ્રવદન ચીમનલાલ મહેતા. એમનાં વર્ષોમાં એમની સાથેના બીજા તેજસ્વી વિદ્યાર્થીઓમાં અશોક મહેતા, યુસુફ મહેરઅલી, મીનુ મસાણી, સીરવાઈ (ઍડવોકેટ જનરલ), કવિ ભાનુશંકર વ્યાસ (બાદરાયણ), કવિ અમીદાસ કાણકિયા વગેરે હતા. વિદ્યાર્થીકાળે ચીમનભાઇનો સ્વભાવ સંકોચશીલ હતો. તેનું મુખ્ય કારણ એ હતું કે બોલતી વખતે તેમની જીભ તોતડાતી હતી. બીજું કારણ નબળી આર્થિક સ્થિતિ હતી. પરંતુ તેમનામાં ગજબનો આત્મવિશ્વાસ હતો. તેમણે દૃઢ સંકલ્પ કર્યો હતો કે તોતડાપણા ઉપર વિજય મેળવવો અને ડેમોસ્થિનિસની જેમ સારા વક્તા થવું તથા પ્રબળ પુરુષાર્થ કરી આથિક સ્થિતિ સુધારવી. બી. એ. અને એમ. એ.માં એમણે મુખ્ય વિષય તત્ત્વજ્ઞાનનો લીધો હતો. પ્લેટો, સોક્રેટિસ, એરિસ્ટોટલ, કેન્ટ, હેગલ વગેરેનાં લખાણોની એમના જીવન ઉપર મોટી અસર પડી અને તર્કયુક્ત વિચારણાની ટેવ પડી. એલએલ. બી.ના અભ્યાસથી દરેક પરિસ્થિતિનો બારીકાઈથી વિચાર કરવાની અને શબ્દેશબ્દ તોળીતોળીને બોલવા-લખવાની ટેવ પડી.

ચીમનભાઈ એમ. એ.માં પ્રથમ નંબરે આવ્યા એટલે પ્રિન્સિપલ હૅમ્પ્ટને તેમને પોતાની ધારવાડની કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાવા માટે નિમંત્રણ આપ્યું. પ્રિન્સિપલ રાનડેએ તેમને પોતાની કૉલેજમાં આવવા કહ્યું. પરંતુ ચીમનભાઇએ વકીલાતના વ્યવસાયમાં જવાનું નક્કી કર્યું. એ વ્યવસાયમાં ઍડવોકેટ થવું કે સૉલિસિટર થવું એ પ્રશ્ન હતો. પોતાની બોલવાની મર્યાદાનો ખ્યાલ રાખી ચીમનભાઇએ અધ્યાપક કે ઍડવોકેટને બદલે સૉલિસિટર થવાનો નિશ્ચય કર્યો અને 'કૅપ્ટન ઍન્ડ વૈદ્ય'ની પેઢીમાં આર્ટિકલ કરી ૧૯૨૮માં સૉલિસિટર થયા કે તરત જ પેઢીએ એમને માસિક અઢીસો રૂપિયાના પગારે નોકરીમાં રાખી લીધા. સમય જતાં એમણે પોતાની જુદી પેઢી ચાલુ કરી.

અભ્યાસના સતત પરિશ્રમને લીધે સૉલિસિટર થતાં સુધીમાં તો ચીમનભાઇને આંતરડાના ક્ષયનો રોગ લાગુ પડ્યો. ઑપરેશન કરાવવું પડ્યું અને ડૉક્ટરોએ મુંબાઈ છોડવાની સલાહ આપી. પણ મુંબાઈ સિવાય સૉલિસિટરનો વ્યવસાય ચાલે નહિ, એટલે ગમે તે સંજોગોમાં મુંબાઈમાં રહેવાનો જ નિશ્ચય કર્યો અને પરિણામે તે આજે પણ ચાલુ છે. એવા નબળા શરીર પાસેથી પણ મજબૂત મનથી કામ લીધા કર્યું.

કૉલેજમાં હતા ત્યારથી જ ચીમનભાઇને જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં રસ હતો. પોતાને પડયાં તેવાં કષ્ટો બીજાઓને ન પડે તે માટે વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ થવી જોઈએ એવી એમને ભાવના હતી અને એ માટે ધગશપૂર્વક કામ કરવા તેઓ ઉત્સુક હતા. વિદ્યાર્થી તરીકેની એમની તેજસ્વિતાથી સ્થાનકવાસી જૈન સમાજ સુપરિચિત થયો હતો. એટલે જ ૧૯૨૭માં મુંબાઈમાં જ્યારે સ્થાનકવાસી કૉન્ફરન્સનું અધિવેશન યોજાયું ત્યારે પચ્ચીસ વર્ષની યુવાન વયે સ્વાગત સમિતિના મંત્રી તરીકે એમની નિમણૂક થઈ. ત્યારથી તે આજ સુધી એ કૉન્ફરન્સમાં એમણે સક્રિય કામ કર્યું છે અને વર્ષો સુધી મંત્રીનો હોદ્દો ધરાવ્યો છે. ઈ. ૧૯૩૦ની સાલથી એમણે કૉંગ્રેસની લડતોમાં ભાગ લેવો શરૂ કર્યો. એ પહેલાં કૉંગ્રેસના અધિવેશનમાં હાજરી આપવાનું તો એમણે ૧૯૨૧થી, કૉલેજમાં ભણતા હતા ત્યારથી શરૂ કર્યું હતું. ઈ. ૧૯૩૪માં એમણે Socialism in India નામનો લેખ લખ્યો. એની એક નકલ એમણે જવાહરલાલ નેહરુને જોવા માટે મોકલી. એ જ વર્ષે જવાહરલાલે કૉંગ્રેસમાં પોતાના સમાજવાદી વિચારોની ઘોષણા કરી હતી. આથી ચીમનભાઇનો લેખ વાંચી તેઓ પ્રભાવિત થયા. એમણે એ લેખ જયપ્રકાશ નારાયણને વાંચવા માટે આપ્યો અને એ લેખના લખનાર કોણ છે અને શું કરે છે તેની તપાસ કરવાનું એમને કહ્યું. જયપ્રકાશ તપાસ કરતા કરતા મુંબાઈમાં ચીમનભાઈની ઑફિસે આવી પહોંચ્યા. રૂબરૂ વિચારોની આપ-લે થઈ. લેખ પુસ્તિકારૂપે છપાયો અને જવાહરલાલે એની પ્રસ્તાવના લખી આપી. આમ, બત્રીસ વર્ષની યુવાન વયે ચીમનભાઈ, જવાહરલાલ અને જયપ્રકાશના સંપર્કમાં આવ્યા.

ઈ. ૧૯૩૭માં તે સમયની બ્રિટિશ સરકારે કરેલી ઘોષણા અનુસાર મુંબાઈ રાજ્યમાં કૉંગ્રેસ સત્તા ઉપર આવી. બાળાસાહેબ ખેર મુખ્ય પ્રધાન થયા અને ગૃહપ્રધાન બન્યા કનૈયાલાલ મુનશી. તે સમયે પ્રધાનમંડળે નિર્ણય લીધો કે સરકારી સૉલિસિટર કોઈ અંગ્રેજ નહિ પણ હિંદી હોવો જોઇએ. એ માટે પસંદગી થઈ ચીમનભાઈની. તેઓ સરકારના પ્રથમ હિંદી સૉલિસિટર થયા. અલબત્ત, સરકારી રીતરસમ ફાવે એવી નહોતી, પગાર પણ ઓછો હતો, રાજીનામું આપવાનું મન થઈ આવતું, છતાં મુનશીનાં આગ્રહને લીધે એ સ્થાન પર ટકી રહ્યા, તે ૧૯૪૨ની 'હિંદ છોડો'ની લડત સુધી.

આ સમય દરમિયાન, આઝાદી માટેની ચળવળ વધતી વધતી દેશી રાજ્યોમાં પણ પહોંચી. સૌરાષ્ટ્રમાં રાજકોટ, લીમડી અને ધ્રાંગધ્રામાં મોટા પાયા પર લડત ચાલી. એને દબાવી દેવા માટે રાજ્ય તરફથી દમન અને અત્યાચાર થયા. લીંબડીમાં લડતે ગંભીર સ્વરૂપ લીધું. લગભગ છ હજાર માણસોએ લીંબડીમાંથી હિજરત કરી. એમાં ચીમનભાઈનાં માતાપિતા પણ હતાં. લીંબડીના અત્યાચારોનો અહેવાલ તૈયાર કરવાનું કાર્ય સરદાર પટેલે ચીમનભાઇને સોંપ્યું ને એમણે પાંચ વર્ષ ચાલેલી એ લડતનો ઇતિહાસ 'Lawless Limbdi'ના નામથી લખ્યો. સરદાર પટેલે એની પ્રસ્તાવના લખી. ભારતની સ્વાતંત્ર્ય લડતનું સમાધાન વિચારવા સર સ્ટૅફર્ડ ક્રિપ્સ હિંદ આવ્યા ત્યારે દેશી રાજ્યોની પરિષદના







પ્રમુખ ડૉ. પટ્ટાભી સીતારામૈયાએ ક્રિપ્સને દેશી રાજ્યોની પરિસ્થિતિથી વાકેફ કરવા માટે આ પુસ્તક આપ્યું. લીંબડીની લડત પાંચ વર્ષ ચાલી. દરમિયાન રાજા સગીર હોવાથી ૧૯૪૪માં બ્રિટિશ સરકારી ઍડમિનિસ્ટ્રેટર સાથે લડતનું સમાધાન થયું. હિજરતીઓ લીંબડીમાં પાછા ફર્યા. આ સમાધાન કરાવવામાં ચીમનભાઇએ મુખ્ય ભાગ ભજવ્યો. આ સમય દરમિયાન તેઓ ત્યારના અગ્રણી કૉંગ્રેસ કાર્યકર અને પાછળથી કૉંગ્રેસ પ્રમુખ થએલા ઢેબરભાઈ સાથે પરિચયમાં આવ્યા.

ઈ. ૧૯૪૬માં મુંબાઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનની ચૂંટણીમાં એક ઉમેદવાર તરીકે ચીમનભાઈની પસંદગી થઈ. તેઓ જીત્યા ને ૧૯૪૮માં બીજી વાર પણ ચૂંટણીમાં જીત્યા. આમ, સતત છ વર્ષ મુંબાઈ શહેરના પ્રશ્નોમાં એમણે સક્રિય રસ લઈ માર્ગદર્શન આપ્યું. કૉર્પોરેશનની જુદી-જુદી કમિટીઓના સભ્યપદે પણ તેઓ રહ્યા હતા. ઈ. ૧૯૪૭માં તેમણે જૂનાગઢમાં આરઝી હકૂમતની સ્થાપનામાં સરદાર પટેલની દેખરેખ નીચે ઢેબરભાઈ સાથે મહત્ત્વનું કાર્ય કર્યું.

સ્વરાજ્ય મળ્યા પછી ૧૯૪૮થી ચીમનભાઈની એક મુખ્ય કામગીરી તે બંધારણસભા (Constituent Assembly)ના સભ્ય તરીકેની હતી. તેઓ પ્રખર ધારાશાસ્ત્રી છે ને બંધારણના વિષયના નિષ્ણાત છે, એટલે બંધારણસભાને તેમની શક્તિનો સારો લાભ મળ્યો. એમના કાર્યની જવાહરલાલ, ઢેબરભાઈ, દાદાસાહેબ માવલંકર વગેરેએ પ્રશંસા કરી એટલું જ નહિ લોકસભાની ચૂંટણીના ઉમેદવાર તરીકે એમની પસંદગી કરી. તેમાં પણ તેઓ સફળ થયા અને ત્યાં તેમની શક્તિનો સૌને સવિશેષ પરિચય થયો. ઈ. ૧૯૫૦માં ન્યૂ ઝીલૅન્ડમાં કૉમનવેલ્થ પાર્લમેન્ટરી કૉન્ફરન્સ થઈ તેમાં ભારતીય પ્રતિનિધિ મંડળના એક સભ્ય તરીકે તેમની પસંદગી થઈ. ત્યાર પછી ૧૯૫૩માં વૉશિંગ્ટનમાં ઈન્ટર-પાર્લમેન્ટરી યુનિયનનું અધિવેશન યોજાયું તેમાં પણ ચીમનભાઈની નિયુક્તિ થઈ. વળી એ જ વર્ષે સંયુક્ત રાષ્ટ્રસંઘની બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળ મોકલવાનું હતું. એ પ્રતિનિધિમંડળમાં પણ ચીમનભાઇને લેવામાં આવ્યા. આમ, ૧૯૪૮ થી ૧૯૫૭ સુધી ચીમનભાઇએ દિલ્હીમાં રહી કેન્દ્ર સરકારની કામગીરીમાં પોતાનો યશસ્વી ફાળો આપ્યો. ભાષાકીય ધોરણે રાજ્યોની પુનઃરચના કરવામાં આવતી હતી તે સમયે એમણે લોકસભામાં કરેલું પ્રવચન યાદગાર બની ગયું છે.

ઈ. ૧૯૩૭માં ચીમનભાઈ કનૈયાલાલ મુનશીના પ્રથમ સંપર્કમાં આવ્યા. એમની લેખનશક્તિ તથા મૌલિક ચિંતનશક્તિથી પ્રભાવિત થએલા મુનશીએ એમને ગુજરાતી સાહિત્ય પરિષદની કારોબારી સમિતિમાં લીધા અને ૧૯૩૯ થી ૧૯૫૧ સુધી એમ સતત બાર વર્ષ સુધી ચીમનભાઇએ ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી તરીકે સેવાઓ આપી. એમણે અમદાવાદ, લાઠી, નાગપુર, જૂનાગઢ, નવસારી વગેરે સ્થળે ભરાએલાં અધિવેશનોમાં હાજરી આપી, એ અધિવેશનોની પૂર્વ તૈયારીઓ કરવામાં, વહીવટી આયોજન કરવામાં અને અધિવેશન પછી એના અહેવાલો તૈયાર કરવામાં પુષ્કળ સમય આપ્યો. એમની કામગીરીથી પ્રસન્ન થઈ મુનશીએ એમને ભારતીય વિદ્યાભવનની કારોબારી સમિતિમાં પણ લીધા. સાહિત્ય પરિષદના મંત્રી હતા ત્યારે ચીમનભાઈની લેખનપ્રવૃત્તિ ઠીક ચાલતી. સ્વ. રામનારાયણ પાઠક ત્યારે 'પ્રસ્થાન'ના તંત્રી હતા. એમની સૂચનાથી ચીમનભાઈ 'પ્રસ્થાન'માં નિયમિત નોંધ લખતા. ત્યાર પછી એ પ્રવૃત્તિ મંદ પડી. પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષથી 'પ્રબુદ્ધ જીવન'ના પોતે તંત્રી થયા ત્યાર પછી એમની લેખનપ્રવૃત્તિ ફરીથી નિયમિત ચાલવા લાગી છે. એમના ચિંતનાત્મક લેખોનું પુસ્તક 'અવગાહન'ના નામથી પ્રગટ થયું છે. 'ભગવાન મહાવીર' અને 'આલ્બર્ટ સ્વાઈત્ઝર' એ બે પરિચય-પુસ્તિકાઓ પણ એમણે લખી છે.

પત્રકારત્વના અને કેળવણીના ક્ષેત્ર સાથે પણ ચીમનભાઇને ગાઢ સંપર્ક રહ્યો છે. તેઓ ૧૯૩૯થી 'જન્મભૂમિ' અને એનાં બીજાં પત્રો સાથે સંકળાએલા રહ્યા છે. કેટલોક સમય એ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી તરીકે એમણે કામ કર્યું અને એ પછી એના પ્રમુખ બન્યા. ઈ. ૧૯૫૫થી તેઓ પ્રેસટ્રસ્ટ ઑવ ઇન્ડિયામાં ડાયરેક્ટર તરીકે જોડાયા. ત્યાર પછી એના પ્રમુખ તરીકે ચૂંટાયા. હાલ તેઓ બીજી વાર એના પ્રમુખ તરીકે ચૂંટાયા છે. તેઓ 'ફ્રી પ્રેસ' જૂથ, 'એક્સપ્રેસ' જૂથ અને 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા' જૂથનાં પત્રો અને કામગીરીથી તથા એના કર્મચારીઓના પ્રશ્નોથી પણ સુમાહિતગાર છે, કારણ કે વર્ષો સુધી એ પત્રોના સૉલિસિટર તરીકે એમણે કામ કર્યું છે.

ચીમનભાઇને કેળવણીના ક્ષેત્રમાં જીવંત રસ છે. કૉલેજમાં અધ્યાપક થવાની દરખાસ્ત યુવાન વયે સંજોગવશાત્ એમણે ન સ્વીકારી, પરંતુ કર્વે યુનિવર્સિટીની મુંબાઈની કૉલેજની સ્થાપના થઈ ત્યારે પોતાના વ્યવસાયની સાથેસાથે તેમાં કેટલાંક વર્ષ માનાર્હ અધ્યાપક તરીકે પણ કામ કર્યું ને તે પછી વર્ષોથી એ યુનિવર્સિટીની સૅનેટ ને સિન્ડિકેટનાં સભ્ય તરીકે સેવાઓ આપી રહ્યા છે. મુંબાઈમાં જૈન કેળવણી મંડળ, જેના હસ્તક ઘણી સંસ્થાઓ ચાલે છે, તેમાં એના સ્થાપનાકાળથી આજ સુધી તેઓ મંત્રી રહ્યા છે. વળી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ અને લીંબડી કેળવણી મંડળમાં એના પ્રમુખ તરીકે પણ તેઓ કાર્ય કરી રહ્યા છે.

કેળવણીની પેઠે તબીબી રાહતના ક્ષેત્રે પણ એમની સેવાઓ નોંધપાત્ર રહી છે. મુંબાઈમાં કોનવેસ્ટ જૈન ક્લિનિક જે ગરીબો ને મધ્યમ વર્ગના માણસો માટે આશીર્વાદ રૂપ છે તેના તેઓ આદ્ય સ્થાપક અને ત્રીસ વર્ષથી પ્રમુખ છે. તેવી જ રીતે સૌરાષ્ટ્ર મેડિકલ સેન્ટર અને સુરેન્દ્રનગર સી. યુ. શાહ ટી. બી. હૉસ્પિટલના તેઓ શરૂઆતથી જ પ્રમુખ છે.

ચીમનભાઈ કાયદાના નિષ્ણાત હોવાથી કેન્દ્ર અને રાજ્યોની સરકારની એ વિષયની ઘણી જુદી જુદી સમિતિઓમાં વખતોવખત એમણે કામ કર્યું છે, અને જુદા જુદા ધારાઓ ઘડવામાં સરકારને મદદરૂપ થયા છે. ગુજરાત સરકારના ઔદ્યોગિક વિકાસ નિગમના પ્રમુખ તરીકે પણ એમણે સેવા આપી છે.

ચીમનભાઈ લોકસભાના સભ્ય હતા ત્યારે તેમની તબિયત અસ્વસ્થ રહેતી હતી. લોકસભામાંથી નિવૃત્ત થઈ ૧૯૫૭માં મુંબાઈ આવ્યા અને ડૉક્ટરને બતાવ્યું. ડૉક્ટરે કહ્યું કે આંતરડામાં કૅન્સરની ગાંઠ હશે. ઈ. ૧૯૫૯માં ઑપરેશન કરાવ્યું છતાં આંતરડામાંથી કશું નીકળ્યું નહિ. પરંતુ આંતરડાં નબળાં પડી ગયાં હતાં. અને પાચનશક્તિ સાવ મંદ પડી ગઈ હતી એ સાચું. એથી ચીમનભાઈએ ખાવાપીવામાં ખૂબ કાળજી રાખવાનું અને નિયમિત ફરવા જવાનું ચાલુ કર્યું અને ઘર છોડી મુંબાઈ બહાર રહેવું પડે એવી રાજદ્વારી કે ઇતર પ્રકારની નિમણૂક સ્વીકારવાનું માંડી વાળ્યું. પરિણામે મુંબાઈની ઘણી સંસ્થાઓને એમની સેવાઓનો સારો લાભ મળ્યો છે. તેઓ જે સંસ્થામાં જોડાય તે સંસ્થાને આર્થિક રીતે સધ્ધર બનાવી આપે છે અને એની પ્રવૃત્તિઓની ક્ષિતિજ વિસ્તારી આપે છે. ફંડફાળાની શરૂઆત પોતાનાથી જ કરે છે અને મિત્રો, સંબંધીઓ તથા અન્ય દાતાઓ પાસેથી સારી રકમ મેળવી આપે છે. લોકોને તેમનામાં ઘણો વિશ્વાસ છે અને તેથી તેમના હાથે લાખો રૂપિયાનાં ફંડ જુદા જુદા હેતુઓ માટે થયાં છે. તેઓ ભારત જૈન મહામંડળ અને ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રમાં અગ્ર સ્થાન ધરાવે છે અને દેશમાં જ્યાં અને જ્યારે કુદરતી આપત્તિ આવી પડે છે ત્યારે એ કેન્દ્ર તરફથી રાહતકાર્ય માટે તેમની દ્વારા ઘણી મોટી રકમનાં ફંડ એકત્ર થાય છે. ભગવાન મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ મહોત્સવ પ્રસંગે રાષ્ટ્રીય સમિતિના મંત્રી તરીકે તેમણે ઘણું સંગીન કાર્ય કર્યું છે.

ચીમનભાઈ પચીસથી વધુ સંસ્થાઓમાં પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી કે ટ્રસ્ટીનો હોદ્દો ધરાવે છે. આટલી બધી સંસ્થાઓનાં કામને તેઓ એકલે હાથે કેવી રીતે પહોંચી વળતા હશે એવો પ્રશ્ન થાય. એનો જવાબ એ છે કે ચીમનભાઈ અત્યંત કુશળ વહીવટકર્તા છે, દરેક બાબતનો પુખ્ત અને ઝીણવટભર્યો વિચાર કરે છે પરંતુ નિર્ણય ત્વરિત લે છે, ફાલતુ વાતચીત અને ચર્ચાઓમાં સમયને વેડફાઈ જવા દેતા નથી, અને પોતાના હાથ નીચેના માણસોમાં પૂર્ણ વિશ્વાસ મૂકી તેમની પાસેથી હોંશથી કામ લે છે. ગમે તેવી વિષમ પરિસ્થિતિમાં તેઓ પોતાના મનની સમતુલા અને સ્વસ્થતા ગુમાવતા નથી. સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લેતા હોવા છતાં અંતરથી તેઓ અલિપ્ત રહી શકે છે. કારણ કે તેમની વિચારણાના પાયામાં ધર્મ અને તત્ત્વજ્ઞાન રહેલાં છે. પહેલેથી તત્ત્વજ્ઞાનના વિદ્યાર્થી હોઈ ભગવાન મહાવીર, બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત વગેરેનો એમના જીવન ઉપર પ્રભાવ પડે એ સ્વાભાવિક છે. તદુપરાંત ગાંધીજી, રાજચંદ્ર, સોક્રેટિસ, ટૉલ્સ્ટૉય, આલ્બર્ટ સ્વાઈત્ઝર વગેરેનો પણ એમણે ઊંડો અભ્યાસ કર્યો છે અને એમના જીવનવિકાસમાં એ મહાપુરુષોનો પણ મહત્ત્વનો ફાળો છે.

સામાજિક ક્ષેત્રે, વિશેષતઃ મુંબાઈમાં, ચીમનભાઈનું સ્થાન ઘણું મોટું છે. લોકસેવાનાં અનેક કાર્યો એમના હાથે થયાં છે. એમની ૭૧મી જન્મજયંતી પ્રસંગે એમના મિત્રો અને પ્રશંસકોએ એમને સાડા ત્રણ લાખ રૂપિયાની થેલી અર્પણ કરી હતી. ચીમનભાઈએ એમાં પોતાના તરફથી રૂ. ૭૧,૦૦૦ ઉમેરીને તે રકમનું 'માનવ રાહત ટ્રસ્ટ' કર્યું છે જેમાંથી દર વર્ષે લગભગ ચાલીસ હજાર રૂપિયાની સહાય ગરીબોને અપાય છે. તેવી જ રીતે એમની તોંતેરમી જન્મજયંતી પ્રસંગે ઝાલાવાડી સભા જેના તેઓ ત્રીસ વર્ષથી પ્રમુખ છે, તેના સભ્યોએ એમને ચાર લાખ રૂપિયાની થેલી અર્પણ કરી, જેમાં ચીમનભાઈએ રૂ. ત્રીસ હજાર ઉમેર્યા. એ રકમનું ચીમનભાઈના નામથી 'ઉચ્ચ શિક્ષણ ફંડ' સ્થાપવામાં આવ્યું છે જેમાંથી દર વર્ષે રૂપિયા પચાસ હજાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તરીકે અપાય છે. ચીમનભાઈ પ્રત્યે લોકોને કેટલો પ્રેમાદર છે તેની સાક્ષી આ ઘટનાઓ છે.

ચીમનભાઈ જેમ ચિંતનશીલ લેખક છે તેમ કુશળ વક્તા અને વ્યાખ્યાતા છે. લેખનમાં તેમ વક્તૃત્વમાં ગુજરાતી તેમજ અંગ્રેજી એ બંને ભાષા પર તેઓ અસાધારણ પ્રભુત્વ ધરાવે છે. શ્રી મુંબાઈ જૈન યુવક સંઘ તરફથી પ્રતિ વર્ષ યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ૧૯૩૬થી આજ સુધી દર વર્ષે તેઓ કોઈ એક વિષય ઉપર મનનીય વ્યાખ્યાન આપતા આવ્યા છે. એમના વક્તવ્યમાં હમેશાં ગહનતા, મૌલિકતા, નવો અભિગમ અને તાજગી રહેલાં હોય છે. તેમની વાણી સ્પષ્ટ ને સચોટ હોય છે અને શ્રોતાઓ પર તેનો ઊંડો પ્રભાવ પડે છે.

સ્વ. પરમાનંદ કાપડિયાના અવસાન પછી 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રીપદની જવાબદારી ચીમનભાઈના માથે આવી પડી. એથી મોટો લાભ એ થયો કે વર્તમાન ભારતીય અને આંતરરાષ્ટ્રીય રાજદ્વારી ને ઈતર ઘટનાઓ વિષેના તેમના વિચારો, જે પહેલાં તેમના એ વિષેનાં વ્યાખ્યાનો દ્વારા ફક્ત થોડાક શ્રોતાઓને જ જાણવા મળતા હતા તે હવે 'પ્રબુદ્ધ જીવન'ના વિશાળ વાચક વર્ગને સુલભ થયા છે. તદુપરાંત એ પત્રના પ્રત્યેક અંકમાં કોઈ એક વિષય ઉપર તેમનો મનનીય લેખ પણ હોય છે. એમાં એમના સંનિષ્ઠ ને પારદર્શક વ્યક્તિત્વનો આપણને પરિચય થાય છે. એમની શૈલી ગાંધીજીની ગદ્યશૈલીની આપણને યાદ અપાવે છે. ચીમનભાઈની એક મોટી સેવા એ છે કે દેશમાં જ્યારે કટોકટીનું શાસન લાદવામાં આવ્યું અને વાણીસ્વાતંત્ર્ય છીનવી લેવામાં આવ્યું ત્યારે તેની સામે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા એમણે પૂરી નિર્ભયતાથી પોતાનો બુલંદ અવાજ ઉઠાવ્યો. એ દિવસો દરમિયાન 'પ્રબુદ્ધ જીવન' ઉપર સતત ભય તોળાતો રહ્યો, ને ચીમનભાઈની ધરપકડની અફવાઓ વારંવાર મુંબાઈમાં ફેલાતી રહી, પરંતુ એમની સાચી નિષ્ઠા અને ઉચ્ચ ચારિત્ર્યશીલતાને લીધે સરકારે સદ્‌બુદ્ધિપૂર્વક એવું કોઈ પગલું લીધું નહિ. કટોકટી દરમિયાન ચીમનભાઈએ મુક્ત વિચારણા દ્વારા કરેલી દેશસેવા યાદગાર બની રહેશે.

શ્રી ચીમનભાઈનું પરિણીત જીવન બહુ ઉત્સાહપ્રેરક ન કહી શકાય. ચીમનભાઈનાં લગ્ન સત્તર વર્ષની વયે એમના દાદાએ નક્કી કરેલી કન્યા સાથે થયાં. એ જમાનાની કેટલી યે તેજસ્વી વ્યક્તિઓના જીવનમાં બન્યું છે તેમ પતિપત્ની વચ્ચે અભ્યાસ, સંસ્કાર વગેરેનું અંતર રહેલું. ચીમનભાઈ સૉલિસિટર થયા હતા અને એમનાં પત્ની અંજવાળીબહેન અલ્પશિક્ષિત હતાં. બંનેની પ્રકૃતિ વચ્ચે પણ અંતર હતું. પત્નીનો સ્વભાવ વિશેષ બહિર્મુખ, એકલવાયો, શાંત છતાં આગ્રહી હતો. ચીમનભાઈની જાહેર જીવનની પ્રવૃત્તિઓ પત્નીને બહુ પસંદ નહોતી. પરિણામે દામ્પત્યજીવનમાં ક્યારેક ઘર્ષણ થયા કરતું. ત્રણેક વખત પત્નીએ માનસિક સમતુલા ગુમાવી હતી, પરંતુ તબીબી સારવારથી સારું થઈ ગયું હતું. આવી વ્યથાભરી પરિસ્થિતિમાં પણ ચીમનભાઈએ પૂરી સ્વસ્થતા, ધૈર્ય અને નિષ્ઠાથી પોતાનું ગૃહજીવન નભાવ્યું. પોતાની જાહેર જીવનની પ્રવૃત્તિઓ ઉપર તેની અસર પડવા ન દીધી. કેટલેક અંશે એ ગૃહજીવન જાહેરજીવનને પોષક બન્યું. માંદગી દરમિયાન એમણે પત્નીની સારી ચાકરી કરી. ઉત્તરાવસ્થામાં પત્નીનું માનસપરિવર્તન થયું હતું. વારંવાર તેઓ ચીમનભાઈ માટે હૃદયની શુભેચ્છા વ્યક્ત કરતાં. ઈ. ૧૯૭૩માં, લગભગ બે વર્ષના મંદવાડ પછી એમનું અવસાન થયું. ત્યાર પછી ૧૯૭૬માં ચીમનભાઈનાં માતાનું ૮૭ વર્ષની વયે સમાધિપૂર્વક અવસાન થયું.

ચીમનભાઈને સંતાનોમાં બે પુત્રો છે. મોટા પુત્ર મનસુખભાઈ એમની સાથે વકીલાતના વ્યવસાયમાં જોડાએલા છે. નાના પુત્ર સુધીરભાઈ એન્જિનીઅર છે. એ બંનેને ત્યાં સંતાનો છે. (અનુ. પૃ. ૧૦)

ત્રીજું ડૂસકું

? સરોજ ત્રિવેદી !

કોર્ટમાં ખુરશીઓ પર થોડા લોકો તમાશાની રાહ જોઈ રહ્યા હતા. આગલી હરોળમાં એક યુવાન સ્ત્રી ચૂપચાપ સાડીના છેડાને વળ દેતી પોતાના મનમાં ચાલતી ઊથલપાથલને છુપાવવા મથતી હતી. પાસે એક વૃદ્ધ આદમી ગંભીર મોંએ વકીલ જોડે કંઈક ધુસપુસ વાતો કરી રહ્યો હતો. સ્ત્રીનું શ્યામરંગી મોં વિલાએલું હતું ને એની આંખો પર પોપચાં ઢળેલાં હતાં. એ જ હરોળની દૂરની એક ખુરશી પર સસ્તાં કપડાં પહેરેલો, વિખરાએલા વાળવાળો, મામૂલી લાગતો એક યુવાન આદમી બેઠો હતો. ટાઈપરાઈટરના ટકટક અવાજ સિવાય બધું નીરવ હતું.

'ફરિયાદી વંદનાબહેન નરહરિપ્રસાદ જોષી...!' —ચપરાસીનો અવાજ ખામોશીને ચીરતો પેલી સ્ત્રીને જગાડી ગયો. બીજો અવાજ: 'જયંતીલાલ રામકૃષ્ણ શુક્લ...હાજર છે...?'-પેલો યુવાન આદમી યંત્રવત્ ઊભો થઇ પિંજરાના કઠેડા પર હાથ ટેકવી ઊભો રહ્યો.

સોગંદના શબ્દો ઉચ્ચારાઈ રહ્યા એટલે વકીલે આરોપનામું વાંચી સંભળાવવા માંડયું. આરોપનામું જેમજેમ આગળ વંચાતું ગયુ તેમ તેમ વંદના વધુ ને વધુ સંકોરાતી ગઈ.

વકીલના 'કાળી છે એટલે...' અને 'કાઢી મૂકી છે...' જેવા તિરસ્કારની ગંધભર્યા શબ્દો સાંભળી વંદના ઓર ઝંખવાઈ ગઈ. જયંતીલાલની આંખોમાં આદિમ ધૃણા ચમકી ઊઠી.

પોતાના જમાઈ જયંતીલાલ પાસેથી પોતાની ત્યકતા દીકરીના જીવનનિર્વાહ માટે વૃદ્ધ નરહરિપ્રસાદે ન્યાયાલયને અરજ ગુજારી હતી.

દિવસો મહિનાઓમાં અને વરસમાં ફેરવાઈ ગયા. આ તો ન્યાયાલય હતું! અંધ અને લાગણીઓથી પર! અહીં વાક્ચાતુર્ય પર જીવનની નાજુક ક્ષણો તોળાઈ રહી હતી.

પરંતુ વંદનાએ ચુપકીદી પકડી લીધી હતી એનું સૌને આશ્ચર્ય અને મૂંઝવણ થતાં હતાં. ઊલટ તપાસમાં વંદનાએ-'મેં જે લખાવ્યું છે એ સાવ સાચું છે અને એથી વધુ મારે કાંઈ કહેવું નથી'-એટલા શબ્દો સિવાય કંઈ જ કહ્યું નહોતું.

ચુકાદા અગાઉની એક બે તારીખો પહેલાં વૃદ્ધ પિતાએ એક રાત્રે ફાનસના પીળા ઝાંખા પ્રકાશમાં જમતાં જમતાં કહ્યું: 'જો બેટા વંદુ, હું જે કંઈ કરું છું એ તારા સારા માટે કરું છું. આ શરીરનો ભરોસો શો? હું તો આજ છું ને...કદાચ કાલે......' વંદનાથી એક ડૂસકું ભરાઇ ગયું એટલે એ અટકી ગયા. એમણે માન્યું કે વંદના પિતાના મરવાની વાતથી દુખાઇ ગઈ એટલે એમણે વાતને વાળી લીધી: 'કદાચ કાલે હું અશક્ત બની જાઉં તો તારું કોણ?' તો યે વંદના ફાનસની પીળી જ્યોતને નીરખતી બેઠી રહી.

પોતે જ દીકરીમાં રેડેલા સંસ્કારથી વિરુદ્ધ વાત કરતાં વૃદ્ધનું મન કોચવાતું હતું. એમને મનમાં ભીતિ હતી કે પોતે 'પતિદેવો ભવ'ની ભાવનાના સંસ્કારો પુત્રીના માનસમાં રોપ્યા હતા એ જ સંસ્કારો દીકરીના મોંએ ઉચ્ચારાઈ પોતાને કદાચ નિરુત્તર બનાવી દેશે તો?

છતાં એમણે બીતાંબીતાં કહ્યું: 'આમે ય બેટા, આપણે એને કયાં બધુ સતાવવો છે? તારી લાગણીઓ હું સમજું છું. આ તો તું પગભર થઈ જાય ત્યાં સુધીની જ વાત છે ને! તું કોર્ટમાં થોડુ બોલ તો......ઘણો ફેર પડી જાય.' કહી એમણે પુત્રી સામે જોયું. પરંતુ વંદના મૌન જ રહી.

વૃદ્ધ બ્રાહ્મણે હળવો નિ:શ્વાસ નાખી કહ્યું: 'આજ તારી મા બેઠી હોત તો મારે આ બધું કહેવું ન પડત...પણ...'

ત્યારે વંદનાનું બીજું અધુરું ડૂસકું સંભળાયું. દીકરીની થાળીમાં બધું એમ ને એમ પડયું ભાળી વૃદ્ધ હાથ ધોઈ ઊભા થઈ ગયા.

ચુકાદા પહેલાંની તારીખે કોર્ટના એક બાંકડે નરહરિપ્રસાદ અને વંદના બેઠાં હતાં. વકીલ વંદનાને બોલવા સમજાવતો હતો. છેલ્લે પ્રત્યુત્તરમાં વંદનાએ ગોઠણ પર ટેકવેલા બે હાથ પરથી મોં ઊંચું કરી શૂન્ય નજરે માથું હલાવી 'હા' ભણી. પરંતુ એ વખતે વંદનાની આંખોમાં પીડાનું એક જબરું મોજું ધસી આવતું બેમાંથી એકેય જોઈ ન શકયા.

પરંતુ એ દિવસે એ કોર્ટમાં વંદના કંઈ જ બોલી નહિ.

નિર્ણયનો દિવસ આવ્યો. વંદના પિતા સાથે કોર્ટમાં નત મસ્તકે બેઠી હતી. નરહરિપ્રસાદની ધ્રૂજતી આંગળીઓ પોતાના ખૂટતા ધૈર્યને છુપાવવા લાકડી પર ધીમેધીમે ફરતી હતી.

અંતે ન્યાયાધીશે ચુકાદો સંભળાવ્યો: 'બધા પુરાવાઓ જોતાં વંદનાબહેનના પતિ તકસીરવાર ઠરે છે અને એથી કાયદાની રૂએ જયંતીલાલે એની ત્યકતા પત્ની વંદનાબહેનના જીવનનિર્વાહ માટે દર મહિને રૂપિયા સો આપવા એવો કોર્ટ ચુકાદો આપે છે.'

નરહરિપ્રસાદની આંગળીઓ ખુશીથી ઓર ધ્રૂજી ઊઠી. વંદના એમ જ બેઠી રહી. હતપ્રભ બની ગએલો જયંતીલાલ કરગરતા અવાજે ન્યાયાધીશને ઉદ્દેશીને 'સાહેબ, દયા કરો...હું ગરીબ માણસ......' એટલું જ બોલી શકયો.

વંદનાનાં ઢળેલાં પોપચાં સળવળ્યાં. એની નજર એના બેહાલ પતિ પર ક્ષણભર સ્થિર રહી સીધી ન્યાયાધીશ સામે સ્થિર થઈ. આંખોમાં પેલાં ઘૂઘવતાં પૂર ફરી બેય કાંઠે છલકું છલકું થઈ રહ્યાં, શ્યામ ચહેરો અનેરા તેજથી દીપી ઊઠયો, હોઠ થોડા કંપ્યા ને શબ્દો સર્યા: 'સાહેબ, મારે થોડુ કહેવું છે.' ક્ષણભરની ખામોશી પછી ન્યાયાધીશને નહિ પણ પોતાને જ કહેતી હોય તેમ બોલી: 'મારે એનો તો વિચાર કરવો જોઈએ ને...!' અને પછી તંદ્રામાંથી જાગતી હોય તેમ પોતે કશું બોલી જ ન હોય ને હવે જ જે કહેવું છે તે કહેતી હોય તેમ બોલી: 'ઘણાં બધાંનો ભાર છે એમના બિચારા જીવ માથે! કેટલાંકનું કરે? હું તો ગમે તે કરીશ...સિવણ ગૂંથણ...કથાવારતા...ગમે તે......ગમે ...તે...'-અને ત્રીજા ડૂસકા સાથે અંતિમ શબ્દો ડૂબાઈ ગયા. □

ચીમનલાલ શાહ (અનુસંધાન પૃ. ૯થી) ઘરે ચીમનભાઇનો ઘણો ખરો સમય વાચન, ચિંતન, મનન અને લેખનમાં પસાર થાય છે.

આમ, ચીમનભાઈ એટલે આપણા સામાજિક, સાંસ્કારિક, રાજનૈતિક, ધાર્મિક, શૈક્ષણિક, સાહિત્યિક ઇત્યાદિ ક્ષેત્રોની એક અગ્રગણ્ય વ્યક્તિ. તેમની પ્રતિભા બહુમુખી છે. તેમનામાં રૂઢિગત પરંપરા અને આધુનિકતાનો સુભગ સમન્વય છે. તેમનું જીવન હમેશાં પ્રસન્ન, સંયમી, સંસ્કારમય અને સેવામય રહ્યું છે. ઘરે અને ઑફિસમાં મળી તેઓ દરરોજ દસથી બાર કલાક ભિન્નભિન્ન સંસ્થાઓની વિવિધ પ્રવૃત્તિઓનાં સંચાલન અને માર્ગદર્શનમાં તથા અનેક મુલાકાતીઓની સાથે ચર્ચાવિચારણામાં પસાર કરે છે. એકલા પડે ત્યારે અધ્યયન-લેખન ચાલતું હોય. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ અંતર્મુખ વિશેષ બન્યા છે. પોતાની બેઠક પાસે 'સમણસુત્તમ્', 'ઈશાવાસ્ય ઉપનિષદ', 'ભગવદ્ ગીતા', 'બાઈબલ' વગેરે થોડાક ગ્રંથો કાયમ મૂકી રાખેલા હોય છે અને અંતર્મુખ થવા માટે આ ગ્રંથોમાંથી એમને પુષ્કળ પ્રેરણા મળ્યા કરે છે...

...અને ચીમનભાઈના જીવનમાંથી બીજા અનેકને પુષ્કળ ને સતત પ્રેરણા મળ્યા કરે છે. □

સંહારક શિવની એક
અલ્પખ્યાત કાંસ્યપ્રતિમા

કાલારિ

લેખક • પ્રફુલ્લ રાવળ



કાલારિ. ફોટો સરદાર વલ્લભભાઈ પટેલ મ્યૂઝિયમ, સૂરતના સૌજન્યથી

હિંદુ ધર્મમાં આ સૃષ્ટિના સર્જક, પાલક ને સંહારક દેવ તરીકે પ્રાચીન કાળથી બ્રહ્મા, વિષ્ણુ ને મહેશની અર્ચના થતી આવી છે. આ ત્રિમૂર્તિ દેવની કલ્પના અસ્તિત્વમાં આવ્યા પૂર્વેથી શિવની ઉપાસના થતી હતી. શિવ સંહારક દેવ છે. ઋગ્વેદમાં શિવનો ઉલ્લેખ નથી. આથી તે અનાર્ય જાતિના દેવ હોય તેમ મનાય છે. જોકે વૈદિક કાળમાં શિવની પૂજા આધુનિક રૂપમાં છે તેવી નહોતી. શિવ કે મહાદેવ શબ્દનો વિનિયોગ ઋગ્વેદમાં પ્રાપ્ય નથી. પરંતુ રુદ્ર એટલે અગ્નિની અર્ચના ઉપલબ્ધ છે, જે સ્પષ્ટતઃ શિવોપાસના હોય તેમ વિદ્વાનોનું માનવું છે 'પણ ઋગ્વેદનો કાલ વીતી ગયા પછી કાળક્રમે એ રુદ્ર-શિવ-મહાદેવની સાથે એકતા સાધી લે છે અને પછી તેના રુદ્ર, હર, મહાદેવ, પશુપતિ, ભવ, શર્વ એવાં અનેક નામ પ્રચલિત થાય છે.' ('નાથ અને સિદ્ધ સંપ્રદાય' જેઠાલાલ ત્રિવેદી, 'સ્વાધ્યાય' પૃ. ૧૨, અંક-૨, પૃ. ૧૬૪) રુદ્રરૂપે ખ્યાત દેવ સમય જતાં શિવરૂપમાં કેવી રીતે પરિવર્તન પામ્યા અને મહાભારતકાળમાં લિંગપૂજા કેવી રીતે પ્રચલિત બની અર્થાત્ રુદ્ર ને શિવની અભિન્નતા કેવી રીતે નિર્માઈ તે વિષે ડૉ. સર રામકૃષ્ણ ભાંડારકરે વિગતે દર્શાવ્યું છે.

(શિવોપાસનાનું અતિ પ્રાચીન રૂપ લિંગપૂજા હોય તેમ સમજાય છે. ઋગ્વેદમાં 'શિશ્નદેવાઃ' અર્થાત્ લિંગનો ઉલ્લેખ અવશ્ય છે. (ઋગ્વેદ, ૭/૨૦/૫, ૧૦/૯૯/3 નિરુક્ત ૪/૧૯). લિંગપૂજાનો પ્રચાર પાશ્ચાત્ય દેશોમાં એટલો બધો વ્યાપક હતો કે તે લિંગાર્ચા (અથવા (Phallecism) સંપ્રદાય નામથી ઓળખાતો હતો,—જેમ આપણે ત્યાં 'લિંગાયત' સંપ્રદાય છે. આમ એક કાળે લિંગપૂજાની વ્યાપકતા એટલી બધી હતી કે મહદ્ અંશે વિશ્વના મોટા ભાગના દેશોમાં એક યા બીજા પ્રકારે લિંગપૂજા થતી હોવાના પ્રાચીન પુરાવાઓ પ્રાપ્ત થાય છે. રોમ, યૂનાન, (ગ્રીસ), મિશ્ર (ઇજિપ્ત), ચીન, જાપાન, અમેરિકાના મહાદ્વીપો, ફ્રાંસ, જાવા, સુમાત્રા, ઇન્ડોનેશિયા, કમ્બોડિયા ઇત્યાદિ દેશોમાં લિંગપૂજા હોવાના પુરાવાઓ ઉપલબ્ધ થયા છે. રામાયણ-મહાભારતમાં લિંગપૂજાનો ઉલ્લેખ છે. શતપથ બ્રાહ્મણમાં પણ ઉલ્લેખ પ્રાપ્ય છે.

મોહેં-જો-દડોમાંથી પ્રાપ્ત શિવલિંગો ભારતમાં શિવપૂજા અતિ પ્રાચીન હોવાની સ્પષ્ટ પ્રતીતિ કરાવે છે. આર્યોના આગમન પૂર્વે પણ લિંગપૂજા હોવાનું કેટલાક વિદ્વાનોનું માનવું છે. (સરખાવો : 'In fact Siva and Kali, the worship of Linga and other features of popular Hinduism were well established in India long before the Aryans came' (*A survey of Indian History, p. 4, by K. M. Panikkar*). ત્યાંથી પ્રાપ્ત મહોરમાં 'ધ્યાની શિવ'ની શિવમૂર્તિ તેમજ પશુપતિ શિવની મૂર્તિ દર્શાવે છે કે શિવપૂજા ને લિંગપૂજા ઉભય ભારતમાં પ્રાચીન કાળથી પ્રચલિત છે.

શિવ સંહારક હોવા સાથે યોગવિદ્યા, નૃત્યવિદ્યા તેમ જ અન્ય કળાઓના પ્રવર્તક મનાય છે. શૈવ સંપ્રદાયમાંનો પાશુપત મત પ્રાચીન હોય તેમ જણાય છે. મહાભારત કાળમાં શૈવોની બે જ શાખા પ્રચલિત હોવાનું જણાયું છે. વાસ્તવમાં પાશુપત મત પ્રાચીન હોય તેમ લાગે છે. પરંતુ વચ્ચેના કાળમાં લુપ્ત થઇને, પુનઃ ભગવાન લકુલીશ દ્વારા ઉત્થાન પામ્યો હોય તેવું અનુમાન થઈ શકે. ભગવાન લકુલીશ શંકરના અવતાર હોવાનું મનાય છે. તેઓ ગુજરાતમાં જન્મેલા હોઈ પાશુપત મત ગુજરાતના ધાર્મિક ઇતિહાસમાં નોંધનીય બની રહે છે. લકુલીશનો સમય ઈ. સ ની બીજી સદીનો પ્રારભ મનાય છે. પરંતુ શૈવ સંપ્રદાયનો એટલો પ્રાચીન અવશેષ ગુજરાતમાં પ્રાપ્ય છે? સર્વશ્રી નરોત્તમ પલાણ, રાજેન્દ્રસિંહ રાયજાદા ને મોહનપુરી ગોસ્વામી દ્વારા સંશોધિત હાથબનું માનુષલિંગ સભવતઃ ગુજરાતનું પ્રાચીન શિવલિંગ હોય તેમ એ સંશોધકોનું માનવું છે, જ્યારે ખેડબ્રહ્માનું શિવલિંગ, દેવની મોરીનું શિવલિંગ ને વલભીનાં શિવલિંગો તે પછીના કાળનાં અર્થાત્ ત્રીજી, ચોથી ને પાંચમી સદીનાં હોય તેમ લાગે છે. અલબત્ત વૃષભ ને ત્રિશૂળ જેવાં પ્રતીકયુક્ત ઈ. સ.ની બીજી સદીના જયદામાના સિક્કાઓને શૈવ અવશેષ લેખવામાં મારી દૃષ્ટિએ કશો જ વાંધો નથી.

ધાતુપ્રતિમાઓ ગુજરાતમાંનાં કેટલાંક સંગ્રહાલયોમાં સંગૃહીત હોવા છતાં શિલ્પાવશેષની તુલનામાં તેના અભ્યાસ પરત્વે સુસ્તતા વર્તાય છે. ધાતુપ્રતિમાઓનો પણ પદ્ધતિસરનો અભ્યાસ થવો આવશ્યક છે. શિલ્પમાં જેમ અનેક પ્રકારની પ્રતિમાઓ ઉપલબ્ધ છે તેમ ધાતુપ્રતિમાઓમાં પણ દેવ-દેવીઓનાં વિવિધ સ્વરૂપો ને પ્રચલિત સમયની કલાશૈલીના સુભગ અંશો દૃષ્ટિગોચર થાય છે. મહદ અંશે શિલ્પશાસ્ત્રની જેમ ધાતુપ્રતિમાઓ ઢાળવાની પણ પ્રણાલી હશે; તોપણ ક્યાંક મૂર્તિનાં આયુધોમાં ને કંડારશૈલીમાં ભિન્નતા જણાય છે, જે સમયાનુસાર પરિવર્તન પામતી રહે છે. હજી પ્રાચીન ધાતુ પ્રતિમાઓ પ્રમાણમાં અલ્પ પ્રસિદ્ધિ પામી છે.

સોળ વર્ષના માર્કણ્ડેય ઋષિનું રક્ષણ કરવા અર્થે સાક્ષાત્ યમને વશ કરવાના કાર્યને લીધે શિવ કાલારિ તરીકે પ્રસિદ્ધ થયા. શિવની સંહારક મૂર્તિઓમાં કાલારિ પ્રતિમાનો પણ સમાવેશ થાય છે. મારા ખ્યાલ મુજબ ગુજરાતમાંથી કાલારિનું સ્વતંત્ર કે સંયુક્ત શિલ્પ આજ લગી મળ્યું નથી કે કાલારિની ધાતુપ્રતિમા વિષે પણ કોઈ જ ઉલ્લેખ થયો નથી. શિવની સંહારક પ્રતિમાઓમાંથી કાલારિનો પરિચય અત્રે પ્રસ્તુત કરું છું,

જે તદ્‌વિષયક અભ્યાસીઓ ને રસિકોને આનંદ આપશે. કાલારિની આ (જુઓ ચિત્ર) કાંસ્યપ્રતિમા સરદાર વલ્લભભાઈ પટેલ મ્યૂઝિયમ સૂરતમાં છે. ૧૦૦ સે. મી. ઊંચી આ કાંસ્યપ્રતિમા બહુ પ્રાચીન ન હોવા છતાં દક્ષિણ ભારતની કલાનો એક સુંદર નમૂનો હોઈ અભ્યાસ યોગ્ય છે.

શિવની આ સંહારક પ્રતિમા ચતુષ્કોણ પીઠ પર જળાધારીમાં સ્થાપિત લિંગમાંથી પ્રકટ થતી દર્શાવવામાં આવી છે. આ મૂર્તિવિધાન કામિકાગમમાં વર્ણવેલ વિધાનને મળતું આવે છે. જો કે અહીં લિંગપૂજા કરતા માર્કણ્ડેય અને જમીન પર સ્થિત યમ નથી. આ લિંગોદ્‌ભવમૂર્તિ છે. યમને મારવા ક્રોધાયમાન સ્વરૂપે લિંગમાંથી ઉદ્‌ભવ પામતા શિવને કળાકારે એમાં સુંદર રીતે વ્યક્ત કરેલા છે. ત્રિનેત્ર આ પ્રતિમાની આંખોમાંનો ક્રોધભાવ સ્પષ્ટરૂપે દષ્ટિગોચર થાય છે. દેખીતી રીતે કરણ્ડ કે કિરીટ મુકુટ જેવો લાગતો આ પ્રતિમાનો જટામુકુટ નોંધપાત્ર છે. ભાલપ્રદેશ પર, જ્યાંથી જટામુકુટનો પ્રારંભ થાય છે, અર્ધચંદ્ર ને પછી જટાનું વ્યવસ્થિત ઊર્ધ્વ ગુંફન સમગ્ર પ્રતિમાની સુંદરતામાં વધારો કરે છે. જટામુકુટની મધ્યમાં દામણી જેવો લગભગ ગોળ આકાર દેખાય છે ને બરાબર તેની નીચે કેશગુંફનથી ચંદ્રનો આકાર કર્યો છે. સુંદર કુંડળથી શોભતા બે કર્ણ, અલંકારમંડિત સ્કંધ, અને ગળામાં હાંસડી સાથે એક મોટી સેર છે જે ગળામાંથી પસાર થઈ ઉભય બાજુએથી નીચે ઊતરી કમરની બન્ને બાજુએ વીંટળાઇને નીચેનાં વસ્ત્રો સાથે સંલગ્ન થાય છે. નીચે સાથળના ભાગને ઢાંકતાં વસ્ત્રની પાટલી ઉપાડેલા પગથી બહારની બાજુએ દેખાય છે. જમણો પગ ઢીંચણ સુધીનો લિંગમાં છે જે પ્રાકટ્યની પ્રતીતિ કરાવે છે. ડાબો પગ યમને લાત મારવા ઊંચો કરેલો છે જેમાં નાની સાંકળી દેખાય છે. ચારુ હસ્તનાં કાંડાં વલય અને આયુધયુક્ત છે. જમણા ઉપલા હાથમાં ત્રિશૂળ છે જે યમને મારવા માટેની દિશાનું સૂચન કરે છે. એ જ દિશા પ્રતિ શિવનું મુખ પણ દર્શાવેલ છે. નીચલા જમણા હાથમાં ફરશી (?) જણાય છે. ડાબા ઉપલા હાથમાં મૃગ છે. મૃગ શાનું સૂચન કરતું હશે? નીચલા ડાબા હાથમાં સંભવતઃ કપાલ જણાય છે.

લિંગમાંથી ક્રોધાવેશમાં પ્રકટ થતા શિવનું રૌદ્રસ્વરૂપ આ ધાતુપ્રતિમાના કળાકારે હૂબહૂ વ્યક્ત કર્યું છે. આયુધયુક્ત ચાર હસ્ત, ક્રોધને વ્યક્ત કરતાં ચક્ષુ, શિર પરનો વિશિષ્ટ જટામુકુટ ને સમગ્ર રૂપની સપ્રમાણતા આ પ્રતિમાને સુંદરતા બક્ષે છે. શિવના સંહારક રૂપની આ કાંસ્ય પ્રતિમા ૧૭મી સદીની કળાનો સુંદર નમૂનો છે. કળાની દષ્ટિએ આ પ્રતિમા ગુજરાતની ધાતુપ્રતિમાઓમાં નોંધપાત્ર બની રહે છે. વળી સંભવતઃ શિવના સંહારક સ્વરૂપની આ કાલારિ પ્રતિમા ગુજરાતમાં પ્રથમ જ વાર પ્રસિદ્ધ થાય છે તે દષ્ટિએ પણ ઉલ્લેખનીય બની રહે છે! □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૯૬

મૂર્છા

મૂર્છા એટલે કે જેને ડૉક્ટરો 'કોમા' કહે છે એ બેભાનાવસ્થાની સ્થિતિ. કોઈ જીર્ણ રોગ, મધુપ્રમેહ અથવા હૃદયરોગમાં, પથ્ય ન પળાવાથી, અતિશય ભય પામવાથી, વધુપડતા મારપછડાટથી, ભૂખ તરત ન સંતોષાવાથી અથવા વધુપડતા માનસિક આઘાતથી મૂર્છા આવી જાય છે. એમાં રોગી ભાન ગુમાવી દઈ સૂનમૂન થઈ જાય છે.

આવે સમયે રોગીને ઘેરી ન વળતાં તેને હવા આવવા દેવી. તેના મોઢા ઉપર ઠંડું પાણી છાંટવું. રોગીની નાડ અને શ્વાસોચ્છ્વાસ તપાસી એની સ્થિતિની ગંભીરતા તપાસી લેવી. રોગીના કાન પાસે બૂમ મારી એને બોલાવવો યા એના શરીર પર ટાંકણી ખોસીને, ચીટિયો ભરીને કે વાળ ખેંચીને પીડા પ્રકટાવીને એનામાં ચેતના જગાવવા પ્રયત્ન કરવો. રોગીને ક્યાંય વાગ્યું હોય તો તે પણ તપાસી લઈ તેની ગંભીરતા વિચારવી.

રોગીમાં ચેતના લાવવા દ્રાક્ષાસવ, દશમૂલારિષ્ટ, મૃત સંજીવની સુરા જેવાં ઔષધ પાણી સાથે આપવાં.

પાણીમાં અરીઠા પલાળી તે પાણીનાં ટીપાં આંખ કે નાકમાં પાડવાં. સૂંઠ, મરી, પીપર કે એ ત્રણેયનું બારીક મિશ્રણ કરી રોગીના નાકમાં ફૂંકવું.

શરીર ઠંડું પડ્યું હોય તો એમાં ગરમાવો લાવવા શરીર ઉપર હાથ ઘસવો, રાઈનો લેપ કરવો યા ગોટાનો શેક આપવો. પણ આ તો તાત્કાલિક કરવાના ઉપાય છે. એની અસર જોવા લાંબો સમય રાહ ન જોતાં ચિકિત્સકનો સંપર્ક સાધવો યા રોગીને ઍાસ્પિટલમાં ખસેડવો. **વૈદ્ય નવીનભાઈ ઓઝા**

અનુસંધાન] **વિનોદની નજરે** [પૃષ્ઠ ૧૭થી

જવાબ ના આપ્યો. આથી શિવકુમારે પરિષદના મંત્રી ભગવતીકુમાર શર્મા પર પત્ર લખીને ઊભરો ઠાલવ્યો કે રઘુવીર મારા એકે ય પત્રનો જવાબ નથી આપતા. ભગવતીકુમારે આ બાબત રઘુવીરનું ધ્યાન દોર્યું એટલે રઘુવીરે ભગવતીને જ લખ્યું કે 'તમે શિવકુમારને એટલું જ જણાવો કે તેમની પત્ર લખવાની ઝડપથી હું ઘણો જ પ્રભાવિત થયો છું.'

જો કે આમ તો શિવકુમાર વેપારી માણસ છે. ઍાટું પેટ્રોલ બાળે નહિ એવા પાકા વૈશ્ય છે. માણસ તરીકે તે ઘણા સારા છે; પણ લેખક વચ્ચે આવી જાય ત્યારે ક્યારેક તે નાના માણસ બની જાય છે. 'શ્લીલ-અશ્લીલ' વાર્તાસંગ્રહનું મેં સંપાદન કર્યું ત્યારે તે સંગ્રહ માટે તેમની મશહૂર વાર્તા, 'ગુલબાઈના ટેકરે' તેમાં પ્રકટ કરવાની રજા માગી. પહેલાં તો તેમણે આવા ડખામાં નહિ પડવા મિત્રભાવે સલાહ આપી. પણ પછી તેમને લાગ્યું કે આ જડસુ માને એમ નથી એટલે પત્રથી પૂછ્યું: 'મારી વાર્તા તમારા સંપાદનસંગ્રહમાં છાપવાનો પુરસ્કાર તમે કેટલો આપશો?' મેં જણાવ્યું કે આ પુસ્તક પ્રકટ કરવા પાછળ ધનપ્રાપ્તિનો હેતુ નથી; માત્ર એક પ્રયોગ તરીકે જ પુસ્તક પ્રકટ કરીએ છીએ એટલે રૂપિયા અગિયારનો પ્રતીક પુરસ્કાર આપવાનું ઠરાવ્યું છે. વળતી ટપાલે તેમનો પત્ર મળ્યો: 'તમે સૂચવેલા રૂપિયા અગિયાર તો બહુ ઓછા કહેવાય. ફરી વિચારીને જણાવશો.' ફરી વિચારીને તેમને મેં જણાવ્યું; 'સાહેબ, તમારી પાસે ફ્રેશ વાર્તા ક્યાં માગું છું? રીપ્રિન્ટ જ માગું છું ને!' ત્યારે તેમણે લખ્યું: 'રીપ્રિન્ટનો ભાવ સામાન્યતઃ રૂપિયા પચ્ચીસથી ત્રીસનો હોય છે. તમે આટલા ઓછા આપો એ કેમ ચાલે?' એક તબક્કો એવો આવીને ઊભો રહ્યો જ્યારે મને લાગ્યું કે મારે તેમની વાર્તા જતી કરવી પડશે. પણ પછી તેમને કોણ જાણે શું સૂઝ્યું તે પરવાનગી મોકલી આપી.

બાકી મોટે ભાગે કોઇને પણ કશું સાવ મફત કે સસ્તામાં આપવાનું તે પસંદ નથી કરતા. એક વાર સૌરાષ્ટ્રની એક સંસ્થાએ તેમનું નાટક ભજવવાની અનુમતિ માગતો પત્ર લખ્યો, જેમાં ખાસ ઉલ્લેખ કર્યો કે આ સમારંભમાં મુખ્ય અતિથિવિશેષ તરીકે (એ વખતના ગુજરાતના મુખ્ય પ્રધાન) હિતેન્દ્ર દેસાઈ પધારવાના છે. શિવકુમારે સંમતિ આપતો પત્ર લખીને પુછાવ્યું: 'રૉયલ્ટી કેટલી આપશો?' જવાબ મળ્યો: 'ભલા માણસ, તમે કેવી માગણી કરો છો? બીજા કોઈનું યે નહિ ને તમારું નાટક ને તે પણ હિતેન્દ્રભાઈની હાજરીમાં ભજવીએ છીએ એ ઓછું છે? આ સિવાયની કોઈ રૉયલ્ટી આપી શકાય એમ નથી.' ને શિવકુમારે સંમતિ પાછી ખેંચી લીધી.

આ રીતે જોઈએ તો આ વિપ્ર વ્યવહારે તદ્દન વૈશ્ય છે. અમદાવાદમાં ઊછર્યા હોઈ 'ઈન-પુટ' કરતાં 'આઉટ-પુટ' ત્રણ-ચાર ગણું હોવું જોઈએ એવું મંતવ્ય તે ધરાવે છે. વેપાર અને સાહિત્ય—લક્ષ્મી ને સરસ્વતી બંનેને સરખું ચાહતા હોવા છતાં બંનેને એકબીજામાં તે મિક્સ થવા દેતા નથી. ને એટલે જ બે પ્રેમિકાઓના પેલા પ્રિયતમ જેવું કરે છે: એકની આંખ પર વહાલથી હાથ મૂકી દઇને બીજીને ચૂમી લે છે. □

'સ્કિનર્સ હૉર્સ'

ભારતના એક યશોજ્જ્વલ લશ્કરી દળની પરાક્રમગાથા



△ ગઈ ૨૫મી નવેમ્બરે 'સ્કિનર્સ હૉર્સ'ની ૧૭૫મી જયંતી નિમિત્તે બહાર પડેલી ખાસ ટપાલટિકિટ.

ગઈ સદીના ત્રીજા વર્ષમાં દિલ્હી અને દોઆબ પરના નિયંત્રણ માટે મરાઠા અને અંગ્રેજો વચ્ચેની એક લડાઈમાં મરાઠાઓના તાલીમબદ્ધ સૈન્યની હાર એ એમને માટે એક અકલ્પિત આઘાત બની ગએલો. 'લિક સાહેબ' (લૉર્ડ લેઇક) એમને હરાવ્યા પછી એ સૈનિકોએ પોતાના માલિક બદલવાનો વિચાર કરી વિજેતા સેનાપતિ પાસે એ અંગે પ્રસ્તાવ મૂક્યો અને લૉર્ડ લેઇકે તે વધાવી લીધો. એટલું જ નહિ પણ પોતાના જૂના માલિક સિંધિયા સામે કદી લડાઈમાં ન ઊતરવાની તથા પોતાના નાયકને પોતે જ ચૂંટી કાઢવાની એ બહાદુરીપૂર્વક લડેલા દળની શરત પણ એણે મંજૂર રાખી. અને પોતાના પીળા ગણવેશને કારણે 'યલ્લો બૉયઝ ઑવ સિંધિયા' તરીકે વિખ્યાત એ શૂરવીરોએ સિંધિયાએ બરતરફ કરેલા, અને જેના કુશળ નેતૃત્વ વિના એમને હાર ખાવી પડેલી એ જેમ્સ સ્કિનરને ફરી પોતાના નાયક તરીકે આણી અંગ્રેજોના સૈન્યમાં પોતાનું આગવું હયદળ ઊભું કર્યું, જે 'સ્કિનર્સ હૉર્સ' નામે ઓળખાયું. અંગ્રેજોના સમયમાં અને સ્વાતંત્ર્ય પછી ભારતની સેનામાં કોઈ વ્યક્તિના નામે ઓળખાતા આ એકમાત્ર દળે પોતાના શૌર્યનો એક આગવો જ ઇતિહાસ રચેલો છે. હમણાં આ દળની ૧૭૫મી જયંતીને આપણા ટપાલખાતાએ એક ખાસ ટિકિટ બહાર પાડીને બિરદાવી છે.

જેમ્સ સ્કિનર એ સ્કૉટ પિતા ને લડાઈમાં પકડાએલી એક મુસ્લિમ થએલી રાજપૂતાણીનો પુત્ર હતો. અર્ધ હિંદી હોવાને કારણે ઈસ્ટ ઇંડિયા કંપનીના ગોરા કે હિન્દી લશ્કરમાં એને નોકરી ન મળતાં એ દૌલતરાવ સિંધિયાની સેનામાં જોડાએલો. બાવીસ વર્ષની વયે તો એ પોતાના યુદ્ધકૌશલ વડે ત્રણ પલટનનો નેતા બની ગયો હતો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીની સામે લડાઈ કરતાં પહેલાં સિંધિયાએ એને પોતાની સેનામાંથી બરતરફ કર્યો એ પૂર્વે લગભગ સોએક જેટલી નાનીમોટી લડાઇઓમાં એણે બહુ સફળતાપૂર્વક પોતાના પીળા ગણવેશધારી અશ્વદળને દોરેલું.


કંપનીની સેવામાં જોડાયા પછી એના એ દળે થોડા જ વખતમાં પોતાના શૌર્ય અને યુદ્ધકૌશલથી આગવી પ્રતિષ્ઠા મેળવી લીધી. અગાઉ બબ્બે હુમલા છતાં હાથ નહિ આવેલો મીરત નજીકનો ગઢ જીતી આપીને ત્યાંની સેનાને છિન્નભિન્ન કરી નાખી. હોળકર સાથે ભળી જવાની તૈયારી કરતા ૫૦૦૦ શીખના સૈન્યને આ હયદળના માત્ર ૮૦૦ જણે સહરાનપુરમાં સજ્જડ હાર આપી. રોજના ૩૦ માઈલની ઝડપે ૫૦૦ માઈલની મજલ કાપી એમણે હોળકરને પણ હરાવ્યો. આ પરાક્રમો એમણે ત્યારે કરેલાં જ્યારે એમના ઘોડા માટે પૂરતાં જીનની પણ સગવડ નહોતી. પોતપોતાનાં હથિયારો સાથે જ એમને સૂવું પડતું ને માર્ગમાં આવતાં ખેતરોના ઊભા પાક પર જ નભવું પડતું. પણ એમનો નેતા એક અતિ અજબ યુદ્ધવીર હતો. બ્રિટિશો સામે પડેલા અમીરખાનને ઠેકાણે પાડવા એ છૂપા વેષે શત્રુઓની છાવણીમાં જઇને એમની યોજનાઓ જાણી આવેલો ને પછી એ અમીરખાનને ૭૦૦ માઈલ જેટલો પાછો તગડી મૂકેલો. આ લડાઈ સ્કિનરના હિંદી ઘોડેસવાર દળે એકલાએ પાર પાડેલી.


સ્કિનરના આ શૂરવીર હયદળને કંપનીની સેનામાં જારી રાખવાની લૉર્ડ લેઇકે ખાતરી આપેલી છતાં એમની સેવાની મુદત પૂરી થતાં તે સમયના હંગામી ગવર્નર-જનરલ સર જ્યૉર્જ બાર્લોએ સ્કિનર તથા એના થોડા માણસોને રાખીને બાકીના દળને સેવામુક્ત કરી દીધું. સ્કિનરને એ ન જચ્યું, પણ એ અંગે ત્યારે એ કંઈ કરી શકે તેમ નહોતો. પરંતુ ૧૮૦૯માં શીખોએ અંગ્રેજો સામે માથું ઊંચકવા માંડતાં ફરી એને ૮૦૦ જણનો રસાલો રચવાની તક મળી અને એણે પાંચ વર્ષ સુધી સતલજ પરની સીમા સાચવી. ઈ. ૧૮૧૫માં એકએક હજાર ઘોડેસવારોવાળાં ત્રણ હયદળ રચાયાં, જેમાં સ્કિનરનો ભાઈ રૉબર્ટ પણ નાયબ નેતા બન્યો હતો: મધ્ય હિન્દના પીંઢારાઓને દાબી દેવામાં આ દળોએ બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો. ઈ. ૧૮૧૯માં ત્રણમાંની એક ટુકડી વિખેરી નાખવામાં આવી ત્યારે બીજી ટુકડીનું નેતૃત્વ રૉબર્ટને અપાયું. બંને ભાઈઓનાં એ સંયુક્ત દળો હવે અલગ પડયાં ને પછી છેક સો વર્ષે ફરી જોડાયાં.

પહેલું જેમ્સ સ્કિનરનું દળ કૉમ્બરમીઅરની સેના સાથે જોડવામાં આવ્યું. ભરતપુરનો કબ્જો મેળવવામાં એણે મહત્ત્વનો ભાગ ભજવ્યો અને એ બદલ તેને ભાગીદારીમાં 'ધી બાથ'નું માન આપવાનું ઠર્યું, પણ બ્રિટિશ સેનાના નિયમાનુસાર એ માન માત્ર લેફ. કર્નલના પદાધિકારીને જ અપાતું હોઈ 'સિકંદર'ની એક ખાસ નવી ઉપાધિ રચીને એ જેમ્સ સ્કિનરને આપવામાં આવી. આ ઉપરાંત એને બ્રિગેડીઅરનું પદ પણ અપાયું અને બ્રિટિશ સેનામાં એના પદ માટેના લાંબા સમયના એક કોયડાનો પણ ઉકેલ આવ્યો.

ઈ. ૧૮૨૧માં રૉબર્ટ સ્કિનરનું અવસાન થતાં એના સ્થાને કૅપ્ટન બૅડેલીની નિમણૂક થઈ અને એના હાથ નીચેનું એ હયદળ 'બૅડેલીઝ ફ્રન્ટીઅર હૉર્સ' નામે ઓળખાતું થયું. ઈ. ૧૮૩૯માં ગઝની અને કલાત જીતવામાં એ દળે ભાગ લીધેલો. પછી એ રેજિમેન્ટને ગ્વાલિયર મોકલવામાં આવેલી, દરમિયાન જેમ્સના પહેલા દળે અફઘાનિસ્તાન પરની ચડાઈમાં ભાગ લીધેલો અને ૧૮૪૨માં કંદહાર પાસેની ભયંકર લડાઈમાં પોતાના ૧૮૦માંથી ૧૦૮ જણ ગુમાવ્યા છતાં એણે જીત મેળવેલી. પરંતુ પોતાના દળની આ યશકીર્તિ માણવાનું જેમ્સના નસીબમાં નહોતું. એક વર્ષ પહેલાં જ એનું અવસાન થએલું દિલ્હીમાં એનાં બંને દળની હાજરીમાં બહુમાનપૂર્વક એની દફનક્રિયા થઈ હતી. ભલે એ હયાત નહોતો પણ એણે પોતાનાં દળોમાં સ્થાપેલી શૌર્યપણાલિએ છેક આજ સુધી એના નામને ઉજ્જ્વળ રાખ્યું છે. મૂડકી, ફિરોજશાહ, અલીવાલ અને પહેલા શીખ વિગ્રહમાં આ દળની બીજી પાંખે અજબ શૌર્ય દાખવેલું.

ઈ. ૧૮૫૪માં ગંગાની નહેર બંધાતી હતી ત્યારે ત્યાં આંગફોડ સામેના રક્ષણાર્થે મુકાએલા સ્કિનર્સના પહેલા દળે 'પીળા કોટધારીઓ' તરીકે ત્યાંના ગ્રામવિસ્તારમાં એટલો સારો પ્રભાવ પાડયો હતો કે એ કાયં





◁ 'સ્કિનર્સ હૉર્સ'-ની મૂળ સંજ્ઞા.

મૂળમાં જ્યાં બ્રિટિશ તાજ હતો ત્યાં સ્વાતંત્ર્ય બાદ ઘોડેસવાર સૈનિક મૂકવામાં આવ્યો છે. જ્યારે એમનું આદર્શ સૂત્ર 'હિમ્મતે મર્દાં, મદદે ખુદા' કાયમ રહ્યું છે.

પૂરું થયા પછી નાગરિક વહીવટે જ્યારે એ ફરજ પોતાને હસ્તક લીધી ત્યારે પોતાના ચોકિયાતો માટે પણ એમણે પીળો ગણવેશ જ અપનાવ્યો હતો. બંગાળની સેનાએ મુલતાનમાં બળવો કર્યો ત્યારે એને દાબી દેવા રાવીના તટપ્રદેશમાં પણ સ્કિનર્સ હૉર્સને ઉપયોગમાં લેવાએલા. જ્યારે એનું બીજું દળ બુંદેલખંડ તરફ રોકાએલું હતું. ઈ. ૧૮૭૯-૮૦માં સ્કિનર્સ હૉર્સનાં બંને દળ અફઘાનિસ્તાનમાં હતાં. પહેલા દળના એક સૈનિકે ત્યાં કિલા કાઝીની ભયાનક લડાઈમાં લૉર્ડ રૉબર્ટ્સનો જીવ બચાવેલો. બીજી ટુકડી પછી ખૈબરથી કાબુલ સુધી એમની સાથે જોડાઈ હતી અને તે પછી રૉબર્ટ્સ સાથે રહીને કંદહારમાં લડીને જીતી હતી.

'ફર્સ્ટ બૅંગાલ લાન્સર્સ' નામે બહારના જગતમાં ઓળખાતા સ્કિનર્સ હૉર્સે ઈ. ૧૯૦૦માં ચીન પરના આક્રમણમાં તાર્તારોની ઘોડેસવાર હરોળો તોડીને એમની સામે પણ ઘણું શૌર્ય બતાવ્યું હતું. એ વખતે અમેરિકન હયદળ પણ સાથે હતું. અમેરિકન અને હિંદી ફોજે સાથે લડવાનો એ પહેલો જ પ્રસંગ હતો.

ઈ. ૧૯૧૪ના પહેલા મહાયુદ્ધમાં મીરત કૅવલરી બ્રિગેડ સાથે સ્કિનર્સનું બીજું દળ ફ્રાંસમાં અનેક લડાઈઓ લડેલું. સેકન્ડ ઇન્ડિયન કૅવલરી ડિવિઝનમાં એની આગવી પ્રતિષ્ઠા હતી. પછી ૧૯૧૬માં એને મેસોપોટેમિયા મોકલવા માટે પાછી હિંદમાં બોલાવી લેવાઈ, પણ પછી એને ત્યાં ન મોકલતાં વાયવ્ય સરહદ માંતનાં રક્ષણાર્થે રોકી રાખવામાં આવેલી. એમાં ૧૯૧૮ની ૧૯-૨૦મી ફેબ્રુઆરીએ ગુંબાઝના રક્ષણમાં આ દળના ૮૦ જણે શત્રુઓના વારંવારના હુમલા સામે ટક્કર ઝીલી હતી.

એ આખા વિશ્વયુદ્ધ દરમિયાન સ્કિનર્સનું પહેલું દળ તો વાયવ્ય સરહદ પર જ રોકાએલું હતું. અન્યત્ર લડવાની તક ન મળવા બદલ એને (તથા બ્રિટનની જુનીઅર રેજિમેન્ટ 'ધ એમ્પ્રેસ ઑાવ ઇંડિયા'ની ૨૧મી લાન્સર્સને) વસવસો હતો. પરંતુ પોતાની ફરજ બજાવવામાં તો એ પાછું ન જ પડયું. ઈ. ૧૯૧૯માં હિંદ ને અમાનુલ્લાહ વચ્ચેની કસોટીમય લડાઇઓમાં એમણે પોતાનું શૌર્ય ને યુદ્ધકૌશલ બતાવી આપ્યું.

સ્કિનર્સનાં બંને દળો અલગ પડયા પછી બીજા દળે શરૂમાં પીળાને બદલે લાલ-ભૂરો ગણવેષ અપનાવેલો, જ્યારે પહેલું દળ એના બહાદુર નેતા 'સિકન્દર'ની પસંદગીની પીળી વરદીને જ વળગી રહેલું. એક સદી પછી સિયાલકોટમાં ૧૯૨૧માં ફરી બંને દળ એક થયાં ત્યારે બીજા દળે છાતી પરના થોડા કાળા ભાગ સાથે ફરી પીળી વરદી અપનાવી.

વચ્ચે ઈ. ૧૮૯૯માં એને એક વધારાની ઓળખ આપવામાં આવેલી, ડયૂક ઑાવ યૉર્કને એ શૌર્યખ્યાત દળના કર્નલ ઈન ચીફ બનાવાયા અને એને 'ફર્સ્ટ ડયૂક ઑાવ યૉર્ક્સ ઓઉન કૅવલરી'નું નામ પણ મળ્યું.

આમ, પ્રથમ ૧૩૬ વર્ષના ગાળામાં જ્યારે આ દળ ઘોડેસવાર દળ હતું ત્યારે પોતાની તીવ્ર ગતિ અને નિર્ભીકતા તથા હાથોહાથની લડાઈમાં તલવાર, ભાલા કે બંદૂકોના ઉપયોગમાં અજબ દક્ષતા દાખવતું રહેલું. એમનામાં જે આત્મવિશ્વાસ હતો તે એમના આદર્શ સૂત્ર 'હિમ્મતે મર્દા, મદદે ખુદા'માં પ્રકટ થાય છે. રક્ષક, સંરક્ષક, અનુરક્ષક અને નાસતા શત્રુઓનો પીછો કરી એમને છિન્નભિન્ન કરનારા વીરો તરીકે એમણે પોતાની અજોડતા સદાય સાબિત કરી આપી છે. બખ્તરબંધ ગાડીઓ અને હળવી ટૅંકો સાથે જ્યારે જ્યારે તેઓ જોડાયા છે ત્યારે યોદ્ધાઓ તરીકે એમણે પ્રત્યેક વખતે પોતાની ખ્યાતિને વધારી જ બતાવી છે.

એશિયા, ભારત, અફઘાનિસ્તાન, ચીન ને પહેલા-બીજા વિશ્વયુદ્ધોમાં રણભૂમિ પર એમણે પોતાના વૈશિષ્ટયને જાળવી રાખ્યું છે. સ્વાતંત્ર્ય પછી આ રેજિમેન્ટે પોતાને જે કંઈ ફરજો સોંપાઈ તેમાં યશ પ્રાપ્ત કર્યો છે. ઈ. ૧૯૪૮માં હૈદરાબાદમાં, ઉત્તર પ્રદેશમાં આંતરિક સુરક્ષા જાળવવામાં, ૧૯૬૫માં ભારત-પાકિસ્તાન યુદ્ધમાં ડોગરાઈ પર કબજો મેળવવામાં એણે નવાં જ પરાક્રમો કરી બતાવ્યાં છે. ઈ. ૧૯૬૬માં આ રેજિમેન્ટ નવી મધ્યમ ટૅન્કો અપનાવીને બખ્તરબંધ બ્રિગેડનો એક ભાગ બની. પાકિસ્તાનના આક્રમણ સામે સામ્બા ક્ષેત્રમાં એણે શકરગઢ ઈલાકામાં પાકિસ્તાની ટૅન્કોનો જે ખુરદો બોલાવેલો તે પ્રસિદ્ધ છે.

આજે તો એમનો ગણવેષનો પીળો રંગ બદલાઈને 'ઑલિવ ગ્રીન' વરદી આવી ગઈ છે, પણ એના વિશિષ્ટ 'બૅજ' તથા એમની સાજસજ્જાથી કોઈ પણ 'યલ્લો બૉય' અલગ તરી આવે છે.

અસલમાં ઘોડેસવાર દળ તરીકે ખ્યાત આ સ્કિનર્સ આજે યે હજી હથિયારો અને ઘોડાને જેમાં સંભાળવાનાં હોય એવી રમતો—નિશાનબાજી, શિકાર, પોલો, ઘોડેસવારીની કરામતો અને શીઘ્રતાથી તંબુ ઠોકવામાં એટલા જ દક્ષ છે. આ શીઘ્રતાથી તંબૂ ઊભા કરવાનું પણ એક આગવું કૌશલ છે, જે જેમ્સ સ્કિનર મરાઠાઓ પાસેથી શીખેલો અને હિંદી સેનામાં સૌ પ્રથમ એનો પરિચય કરાવી તેનો પ્રસાર કરેલો.

આવા યશોજ્જ્વલ સૈનિકદળની ૧૭૫મી જયંતી એ આપણું જ એક ગૌરવ છે જેને પિછાનવું-બિરદાવવું ઘટે. □

લઘુકથા

બદલી

મહેન્દ્ર જોશી

હંસાનું ધાર્મિક માનસ મને હજી પણ કયારેક સમજાતું નથી. વાત કૈં પણ હોય, એ જાણે પૂરી આસ્થા હોય એમ કર્યા જ કરે. વ્રત-દોરા કરે, ઉપવાસ કરે, માનતા માને, થાળ ધરે ને કથા પણ કરાવે. એ દિવસે એની ચાલમાં, ચહેરામાં અને આંખોમાં નર્યો ઉત્સાહ જ પ્રકટતો હોય. એને આ રીતે ખુશ રહેતી જોઈને હું પ્રશ્નો કરતો નહિ કે એને રોકતો પણ નહિ.

ઘણી વાર સાંજના હંસા અને હું ફળિયામાં આવા કોઈ ઉત્સવ પછી નિરાંતે બેઠાં હોઈએ ત્યારે અંજુ પણ ક્યારેક હસતાં હસતાં ચડી આવતી અને હંસાને એના જ પ્રશ્નોથી પજવતી: 'કાં ભાભી સાહેબા, કેમ છો? આજના પ્રસાદનું શું છે?' વગેરે પૂછયા કરતી ને પછી જોરથી હસી પડતી. જાણે હંસાની ધાર્મિક વૃત્તિને ટપારતી ન હોય! હંસા પણ રોષ દાખવ્યા વગર પ્રેમથી પ્રસાદ લાવી આપતી. થોડી વાર સુધી તો હંસા અને અંજુ વચ્ચે હસી-મજાક થતી: 'ભાભી, હવે શેની માનતા છે? શું માગ્યું છે? કેટલો લાભ થશે?' વગેરે. હંસા મોટે ભાગે સ્થિર ભાવે નિરુત્તર રહી હસ્યા કરતી અથવા કયારેક એમ પણ કહેતી: 'બધા લાભો થોડા દેખાય એવા હોય છે?' ને અંજુ 'એમ?' કહી પ્રશ્ન કરતી ને અમે સૌ હસી પડતાં ને પછી બીજી જ વાતોમાં ડૂબી જતાં. ક્યારેક મોડું થતું તો હું અને હંસા, અંજુને તેના ઘર સુધી મૂકી આવતાં.


અંજુ વિધવા માતાની યુવાન અપરિણીત પુત્રી હતી. મારી સાથે ત્રણેક વર્ષથી હાઈસ્કૂલમાં નોકરી કરતી. તેની વાંચવા-વિચારવાની ટેવને કારણે મને તેની સાથે વિશેષ ગોઠતું. એ જેટલી વાચાળ હતી તેટલી જ નિર્દોષ અને નીડર પણ હતી. સાંજના ઘણી વાર ઘેર ચડી આવતી ને સાહિત્ય, કળા ને રાજકારણની ખૂબ ચર્ચાઓ કરતી. હંસા જો કે ઝાઝું ભણેલી નહોતી પણ સાથે બેસતી ને સાંભળતી, પણ કયારે ય કંટાળાનો કે અણગમાનો ભાવ દાખવતી નહિ.

એવામાં મારે પંદરેક દિવસ શહેરમાં ગણિતના ઓપવર્ગમાં જવાનું થયું. પંદર દિવસ પછી મોડી રાતે છેલ્લી બસમાં ઘેર પાછો ફર્યો ત્યારે હંસા મને ખૂબ આનંદમાં દેખાઈ. મેં પૂછયું: 'કેમ?' જવાબમાં પ્રસાદ આપી કહ્યું: 'આજે કથા હતી.' ને એના આનંદના આવેશમાં મારાથી મજાકમાં પુછાઈ ગયું: 'કૈં ખાસ લાભ?' ત્યારે કહે 'હા.' અને બાકીનું કયાં ય સુધી આંખોમાં ઘૂંટયા કર્યું ને મારી સામે જોયા કર્યું.

બીજે દિવસે સવારે શાળાએ ગયો ત્યારે એક શિક્ષક ભાઇએ તુરત ખબર આપ્યા કે અંજના પાઠકની બદલી થઈ ગઈ છે! ને એકાએક આંચકા સાથે મારા મનમાં હંસાની ગઈ રાતની એ આંખો ઊપસી આવી.

પચ્ચીસ વર્ષ પહેલાં

જાન્યુઆરી ૧૯૫૪-સળંગઅંક ૩૬૧




ભારતની વિખ્યાત ઈમારતોની ઊંચાઇનો પારસ્પરિક મુકાબલે ખયાલ આપતો આલેખ

પોતાના શ્વસુર ભૂલાભાઈ દેસાઈના સ્મરણમાં મુંબાઈનું જાણીતું કલાધામ 'ભૂલાભાઈ મેમોરીઅલ' સ્થાપનાર સ્વ. માધુરીબહેન દેસાઇએ યોજેલા 'ભારતના સ્થાપત્ય નકશા'માંથી ૨૫ વર્ષ પર આપેલી એક રસમય અને માહિતીપૂર્ણ આકૃતિ ઉપર આપીએ છીએ. એમાં ભારતની વિખ્યાત ઈમારતોની ઊંચાઈ એકબીજીને મુકાબલે કેટલી છે તેનો ખયાલ આપવાની સાથોસાથ, તેઓ યુરોપની નામચીન ઊંચી ઈમારતો આગળ કેવડી લાગે છે તે દર્શાવવા માટે તેમની પાછળના ભાગમાં તે તે ઈમારતોનાં રેખાંકનો મૂકીને તેમની ઊંચાઈના પારસ્પરિક પરિમાણનો એકી-નજરે ખયાલ આપવામાં આવ્યો છે. ડાબી બાજુએ પહેલો દિલ્હીનો 'કુતુબ મિનાર' છે. તે પછી, ઘાટી કાળી રેખાઓ દાખવતો બીજાપુરનો વિખ્યાત ગોળગુંબજ ધરાવતો મહમ્મદ આદિલ-શાહનો રોજો છે; અને તેની આગળના ભાગમાં સારનાથનો સ્તૂપ મૂકીને તેની પણ આગળ એ જ બીજાપુરની જાણીતી 'મહેતર-મહાલ' નામની સુંદર ઈમારતનું આલેખન મૂકેલું છે, જે, એ ત્રણેની એકબીજાને મુકાબલે કેટલી ઊંચાઈ છે તે દર્શાવે છે. વચ્ચે આપણો તાજમહાલ છે, અને તેની પાછળ, દુનિયામાં ઊંચામાં ઊંચા દેવળ તરીકે પ્રખ્યાત રોમના સેન્ટ પીટરના દેવળની માત્ર રેખાકૃતિ જ આપીને એ બેની ઊંચાઇનો મુકાબલો દર્શાવ્યો છે. તે પછી, કૉન્સ્ટૅન્ટિનોપલમાંના સેન્ટ સોફીયાના દેવળનો ઘુમ્મટવાળો મુખ્ય ભાગ આલેખ્યો છે. તેની આગળના ભાગમાં દુનિયાની પ્રાચીનમાં પ્રાચીન અખંડ ઈમારત તરીકે જાણીતા રોમના 'પાન્થીઑન' નામના દેવળનો ઘુમ્મટ ઘાટીકાળી રેખાકૃતિથી છૂટો પાડી બતાવ્યો છે. તેની આગળ પાછો આગ્રા પાસે સિકંદ્રામાંનો અકબરનો રોજો બારીક લીટીઓની છાયા ભરીને દર્શાવ્યો છે, અને તેની યે આગળના ભાગમાં મદુરાનું ટપ્પાકુલમનું વિખ્યાત સુંદર ગોપુરમ દર્શાવીને એ ચારે ઈમારતોની ઊંચાઈના મુકાબલાનો ખયાલ આપ્યો છે. જમણી બાજુ તદ્દન છેડે, પાછળના ભાગમાં વેનીસનો સેન્ટ માર્કના ચોકમાંનો તેની ઊંચાઈ માટે જાણીતો ટાવર દર્શાવ્યો છે, અને તેની આગળના ભાગમાં આપણે ત્યાંનું દક્ષિણના તાંજોર નગરના બૃહદેશ્વરના મંદિરનું ઊંચું ગોપુરમ સરખામણી માટે મૂકી બતાવ્યું છે. તાજમહાલની આકૃતિના નીચેના ભાગમાં માપ દર્શાવતી જે પટ્ટી આપેલી છે તેમાં યુરોપમાં પ્રચલિત 'મીટર'નાં માપ આપેલાં છે. એક મીટર બરોબર લગભગ સવા ત્રણ ફૂટ થાય. (માધુરીબહેન દેસાઈ તથા માર્ગ પબ્લિકેશન્સના સૌજન્યથી)

શિવકુમાર જોષી

'વિનોદ'ની નજરે (૩૪)

લેખક વિનોદ ભટ્ટ



ક્ષેમુ દિવેટિયાના પુત્રના લગ્નમાં સતુબેન મળી ગયાં. મેં કહ્યું: 'શિવકુમાર વિષે તમારી સાથે નિરાંતે થોડી વાત કરવી છે.'

'કેમ ?' તેમનો પ્રશ્ન.

'તેમના વિષે "કુમાર"માં લખવા વિચારું છું.' મારો ઉત્તર.

'ચોક્કસ લખો; છોડિયાં ફાડી નાખો.' હસીને તે બોલ્યાં : 'ઘર ફૂટે ઘર જાય. શિવકુમાર વિષે તમને હું ઘણું બધું કહીશ. પણ એક શરત. આપણે બન્ને મળી ગયાં છીએ એ તમારે તેમને નહિ કહેવાનું.'

'શરત મંજૂર.' મેં ખાતરી આપી. (જો કે મને તો ખબર જ હતી કે સતુબેન જ શિવકુમારને બધું કહી દેશે.) કોઈ પણ પુરુષ વિષેની સાચી માહિતી તેની પત્ની પાસેથી જ જાણી શકાય, કેમ કે પતિને તે રગેરગથી ઓળખતી હોય છે.

પણ સતુબેન મને પ્રમાણમાં ભોળાં લાગ્યાં. તેમને મેં પહેલો પ્રશ્ન પૂછ્યો : 'શિવકુમાર સાથે તમે પ્રેમલગ્ન કરેલાં, ખરું ને ?'

'હં...' આટલાં વર્ષે ય સહેજ શરમાવાના અભિનય સાથે તેમણે ડોકું હલાવ્યું.

'શિવકુમારમાં મોહી પડવા જેવું તમને શું લાગેલું?' મારો બીજો પ્રશ્ન.

'તેમની ચાલ. (કેવી 'ચાલ' એવું પૂછીને તેમને વચ્ચેથી અટકાવવાનું મેં માંડી વાળ્યું.) ગૌરવભરી ચાલ... ને શાંતિભર્યું વ્યક્તિત્વ. આ બે તત્ત્વોએ મને આકર્ષેલી. એ સારું ગાય છે. એમનો દેખાવ પણ મને ગમી ગએલો.' જોકે સતુબેનને ગમી ગએલા પોતાના દેખાવથી શિવકુમાર પોતે બહુ રાજી નથી. તેમની જ ભાષામાં પોતાનું વર્ણન તેમણે આ રીતે કર્યું છે; 'સહેજ વાંકું નાક, ચોખંડો ચહેરો, ગોબાઘંટી ચામડીની સપાટી, પાંચ ફૂટ સાડા પાંચ ઇંચ હાઈટ.'

આ બધું હોવા છતાં ડૉન જુઆન જેવા તે સદાબહાર છે. એકસઠ વર્ષની ઉંમરે ય તે રૉમૅન્ટિક જણાય છે. તેમની રસિકતાથી તેમનો સુપુત્ર રુચિર પણ વાકેફ છે. તેણે મને કહેલું: 'વચ્ચે મેં પપ્પાને કહ્યું કે મારી ઈચ્છા હવે પારી(સ) જઇને કોઈ ગર્લ ફ્રેન્ડ સાથે રહેવાની છે...'

'મને પણ સાથે લઈ જાને !' પપ્પા બોલ્યા.

'ના બાબા, તમે ત્યાં આવો તો મારી ગર્લ ફ્રેન્ડ તમારા પ્રેમમાં પડી જાય, ને હું લટકી જાઉં.' રુચિરે ભય વ્યક્ત કર્યો.

'પ્રેમ' શબ્દનો અર્થ શિવકુમારે પંદર વર્ષની વયે જાણેલો. બહુ નાની ઉંમરે તે પ્રેમ પદારથ પામેલા. મને લાગે છે, કદાચ આ પ્રેમે જ તેમને નાટ્યકાર બનાવ્યા હશે. અમદાવાદમાં હજીરાની પોળમાં રહે. છોકરાઓ સાથે ચોકઠામાં નાટક ખેલે. પ્રેક્ષકોમાં દરેક વયની બહેનો હોય. ('બહેન' શબ્દની જોડણી આજે ય શિવકુમાર ખોટી કરે છે. જાણીબૂઝીને કરતા હશે, કદાચ.) નાટક ભજવતી વખતે ય તેમનો અસ્સલ રસ તો ચોક્કસ 'બ્હેનો' પર અસર પાડવા પૂરતો જ સીમિત રહેતો. દરેક કલાકારને પોતાના 'સ્પેશ્યલ ઑડિયન્સ'માં જ રસ રહેતો. પોતાનાં 'પાત્રો'ની માહિતી અકબંધ રાખીને બીજાઓનાં રહસ્યોના ભાંડા ફોડી નાખવામાં આ બટકા છોકરા શિવકુમારને બહુ રસ.

તેમના નાનકડા હૃદયમાં પ્રેમનું પુષ્પ ખીલ્યું–ન ખીલ્યું ને મુરઝાઈ ગયું. છોકરી બાજુની પોળમાં રહે. શિવકુમારના ઘરનાં બારણાં બે પોળોમાં પડે. એક સાંકડી શેરી તરફ ને બીજું વાડા પોળ તરફ. (એમના ઘરની જેમ હૃદયને ય પછી તો ઘણાં બારી–બારણાં પડેલાં.) ઘરમાંથી કોઈ ચીજ-વસ્તુ ખરીદવા મોકલે તો ઉત્સાહથી તે બહાર નીકળે અને રાયપુર ચકલામાંથી ખરીદી કરવાની હોય તો ય સાંકડી શેરીમાંથી નીકળી, આખા વિસ્તારમાં ચક્કર મારીને, વાડા પોળના રસ્તે થઇને ઘેર આવે. રસ્તામાં પેલીનું ઘર આવે. એના પહેલા માળની બારી રસ્તા પર પડે. એનું ઘર પાસે આવતાં જ આપણા આ ડૉન જુઆનનું હૃદય ધબકાર ચૂકી જાય. ચાલ ધીમી પડી જાય, કોલંબસની અધીરાઈથી પેલી બે આંખોને તે શોધે. નજરોનાં દર્શન થાય તો હૃદય ધન્ય ધન્ય થઈ જાય. વારંવાર ધન્ય થવા માટે દિવસમાં દસ-દસ વાર 'પ્રેમમાર્ગ પર તે આંટા લગાવે. એમાં સિત્તેર ટકા જેટલી સફળતા ય મળે—દસમાંથી સાતેક ફેરામાં તો પ્રિય પાત્ર બારીમાં ડોકાયું જ હોય. શિવકુમારનું ભાષાજ્ઞાન તો એ વખતે ય પાકું એટલે પ્રેમની ભાષા ચહેરા પર આંકે. આંખોથી હસે ને હોઠથી જુએ.

સત્તર વર્ષની ઉંમરે શિવકુમારે પોળમાં 'ભગ્ન પ્રેમ' નામનું નાટક ભજવ્યું. પોતે હીરો બન્યો. નાટક ભજવાયું. નાટક ભજવતાં હીરોએ અગાસીમાં 'પેલી'ને છેલ્લી વાર જોઈ, ને શિવકુમારને 'આવજો' કહેવાની ય તક આપ્યા વગર તેમના લત્તામાંથી, હૃદયમાંથી દૂર ચાલી ગઈ. આજે ય એનો આઘાત એ ભૂલ્યા નથી. ત્યારથી એમની કથાઓનાં પાત્રોને એમણે ઝૂરતાં બતાવ્યાં છે.

આ અભાવે તેમના કુમાર માનસ પર જબરી ચોટ પહોંચાડી. (તેમને સ્પષ્ટપણે સમજવા માટે આટલી પૂર્વભૂમિકા જરૂરી જણાતાં તેમનો પહેલો પ્રેમ સવિસ્તાર આલેખ્યો છે.) આ અભાવથી તે એટલા બધા દુ:ખી થઈ ગયા કે પછી અભાવમાં જ જીવ્યા છે.

રવિભાઈ પાસે તેમણે ચિત્રકામની તાલીમ લીધી. એક મહાન પ્રેમી ના થયા તો કંઈ નહિ, મહાન ચિત્રકાર તો બનવું જ એવું મનોમન નક્કી કર્યું. ત્યાં પિતાશ્રીને ખબર પડી કે સારાભાઈ (હુલામણું નામ) ખરાબે ચડયા છે, રંગના રંગે રંગાયા છે, એટલે પાસે બે લાવીને કહી દીધું: 'રંગરસિયા, જરા આટલેથી અટકો. મારે તને ચિતારો નથી બનાવવો.' ને આજ્ઞાંકિત પુત્રે મહાન ચિત્રકાર થવાના સ્વપ્નને ખંખેરી નાખ્યું. (આ વાંચીને ચન્દ્રકાન્ત બક્ષી જરૂર વિચારશે કે શિવકુમારને તેમના પિતાશ્રીએ આ જ રીતે લેખક થતા વાર્યા હોત તો કેટલું સારું થાત!) ચિત્રકાર થવાનાં તેમનાં અધૂરાં રહી ગએલાં અરમાન તેમના પુત્ર રુચિર પાસે પૂરાં કરાવવા તે મથે છે. ચિત્રકામ માટેની તેની બધી જ વિચિત્રતાઓને, તેના કહેવાતા પ્રયોગોને પ્રોત્સાહન આપીને સંતોષ માને છે. (આથી તેમને માટે એવું પણ કહેવાય છે કે 'હી ઈઝ અ પી. આર. ઓ. ઑવ હિઝ ઓન સન.').

શિવકુમારને અચ્છા ક્રિકેટર થવાની અભિલાષા યે હતી. તે ક્રિકેટની નિયમિત પૅક્ટિસ કરતા. વિકેટ કીપિંગ કરવાનું તેમને બહુ ગમતું. (આજે ય ગમે છે). એક વાર બૅટ્સમૅનની પાછળ તે ઊભા રહેલા ત્યારે ફાસ્ટ બૉલરનો દડો ઊછળીને તેમના નાક પર આવ્યો ને તેમના એક સાથે બે સ્વપ્નના ચૂરા થઈ ગયા. બહુ વાગ્યું. પિતાશ્રીએ વારસામાં આપેલું ઘાટીલું નાક કપાયું નહિ પણ નંદવાઈ ગયું. ને નાક કદરૂપું બન્યું એટલે સ્માર્ટ ઍક્ટર ના થઈ શક્યા ને ક્રિકેટ છોડયું એટલે બેસ્ટ ખેલાડી યે ના બની શક્યા.

પણ શિવકુમાર કશાયથી હારી જાય નહિ. તેમણે આઝાદીની લડતમાં ઝુકાવ્યું. ભારતની આઝાદી ખાતર ખપી જવાનું, શહીદ થવાનું નક્કી કર્યું, ને પોતાના સ્વાતંત્ર્યના ભોગે ય ભારતને સ્વતંત્ર બનાવ્યું: આ લડતના અરસામાં જ તે સતુબેન સાથે પ્રેમમાં પડયા અને ભારત આઝાદ થયું ત્યારે તે આઝાદ મટી ગયા—સતુબેન સાથે પરણી ગયા. (ઘરસંસાર નંબર ટુ.) ભારતને આઝાદ કરવામાં એક જણને તેમણે જિંદગીની ગુલામી લખી આપી.

તેમને જિંદગીમાં ઘણા લોકો નડયા છે. સારા નાટયકાર થતાં વિવેચકોએ રોક્યા છે. તેમનાં નાટકોમાં તખ્તાલાયકી નથી એવા આક્ષેપો વિવેચકો કરે છે. તેમનાં નાટકોમાં નવલકથાનાં તત્ત્વો છે ને નવલકથાઓ મેલો-ડ્રામા જેવી હોય છે એવી ટીકાઓ યે કેટલાક લોકો કરે છે.

'તમારાં લખાણો વિષે લોકો આવી ટીકાઓ કરે છે ત્યારે તમને આ વિવેચકો વિષે મનમાં કેવા વિચારો આવે છે?' એવું તેમને મેં પૂછ્યું ત્યારે તે બોલ્યા : 'પહેલાં એ બધું હું ગંભીરતાથી લેતો'તો. દુ:ખી ય થતો'તો. પણ હવે હસી કાઢું છું. વિવેચકો અક્કલ વગરના કે અજ્ઞાની છે એમ કહેવાનો મારો ભાવાર્થ નથી; પણ એ લોકોમાં ક્યાંક પાયાની કચાશ રહી ગઈ હોય એવું સતત લાગ્યા કરે છે. સાચું કહું છું. વિનોદ; નમ્ર થયા વગર કહું તો ગુજરાતીને બદલે મરાઠી, બંગાળી કે હિંદી ભાષામાં મેં આ કક્ષાનાં ને આટલી સંખ્યામાં નાટકો લખ્યાં હોત તો ત્યાંના લોકોએ મારાં નાટકોને આંતરભારતીય કક્ષાએ મૂકવામાં સહકાર આપ્યો જ હોત. ચં. ચી. મહેતાએ નાટયક્ષેત્રે કર્યું છે એનાથી જરા ય ઓછું કામ મેં નથી કર્યું.'

શિવકુમારને એ વાતની ભારોભાર પીડા છે કે એમની શક્તિઓને વિવેચકોએ બરાબર પિછાણી નથી ને અન્યાય કર્યો છે. તેમણે વિપુલ સંખ્યામાં નાટકો લખ્યાં હોવા છતાં કોઈ વિવેચક પોતાના વિવેચનલેખમાં ક્યાંક ખૂણેખાંચરે 'શિવકુમારે ય ચાર-પાંચ નાટકો લખ્યાં છે' એવી અછડતી નોંધ કરે છે ત્યારે તે ખેદ અનુભવે છે. સામાન્ય રીતે આવું બનતું હોય ત્યારે લેખકમાં ફ્રસ્ટ્રેશન આવી જાય ને તે લખવાનું છોડી દે. પણ શિવકુમાર કાચી માટીના નથી, કઠણ કાળજાના છે. અરે એક વિવેચકે તો તેમના નાટક 'નિરુપમા! ઓ નિરુપમા!' વિષે તેમને મોઢામોઢ પૂછેલું કે 'શિવકુમાર આ નાટક આખેઆખું (સંપૂર્ણ) તમારું છે?' આ પ્રશ્ન સાંભળીને તેમને ઘણું માઠું લાગી ગએલું. પરંતુ તેમની એક મોટામાં મોટી ખૂબી એ છે કે જ્યારે જ્યારે માઠું લાગે છે ત્યારે ત્યારે તે બમણા વેગથી લખવા માંડે છે ને વિવેચકોને 'આ નાટક નથી બનતું' એમ કહેવાની એક વધુ તક આપે છે.

એક બાજુ તેમને ટીકાઓ મળે છે તો બીજી તરફ તેમને ઈનામો ય એટલાં જ મળ્યાં છે. નાટયલેખન માટે તેમને સારી એવી સંખ્યામાં પારિતોષિકો પ્રાપ્ત થયાં છે.

ઈ. ૧૯૫૪માં એવું બન્યું કે ઑલ ઇંડિયા રેડિયો નાટય-લેખન સ્પર્ધા જાહેર થએલી, જેમાં કુલ અઠ્ઠાણું લેખકોએ ભાગ લીધેલો. અમદાવાદ રેડિયો સ્ટેશન પર બધા બેઠેલા. ત્યાં વસુબહેને ચં. ચી. મહેતાને સમાચાર આપ્યા: 'ગુરુ!... ગુજરાતી નાટય સ્પર્ધાનાં ઈનામો જાહેર થઈ ગયાં. તમને બીજું ઈનામ મળે છે.' ત્યારે ચં. ચી.એ તરતની જ ક્ષણે પ્રશ્ન કર્યો : 'તો પછી પહેલું ઈનામ શિવકુમાર લઈ જાય છે ને?!' કોઇકે એવી પણ ટીકા કરી છે કે શિવકુમારને આટલાં બધાં ઈનામો મળતાં'તાં એટલે જ સરકારે ખાસ નિયમ કર્યો કે કોઈ પણ લેખકને વધુમાં વધુ ત્રણ વખત જ ઈનામો આપવામાં આવશે. બનતાં સુધી મડિયાએ જ એક વાર ટોળમાં એવું કહેલું કે આપણે હવે નાટકો લખવાનાં બંધ કરી દેવાં જોઇએ; કેમ કે નાટકો માટેનાં ઈનામોનો ઈજારો શિવકુમાર લઇને બેસી ગયા છે.'

તેમનું એક જમા પાસું એ છે કે હમેશાં તે ફરિયાદી જ રહ્યા છે. તેમના કોઈ પુસ્તક વિષે અવલોકન ના લખાય ત્યારે તે ફરિયાદ કરશે, ને કોઈ વિવેચક તેમના પુસ્તકની કડક વિવેચના કરશે તોપણ એના જવાબમાં ચર્ચાપત્ર લખવાનું નહિ ચૂકે. (એક મિત્રે મને ચેતવેલો કે 'શિવકુમાર વિષે આડુંઅવળું વેતરીશ નહિ; નહિ તો બીજે મહિને 'કુમાર' કે 'ગ્રંથ'ને તે એકાદ પત્ર ફટકારી દેશે'. પણ હું માનું છું કે શિવકુમાર એવું નહિ કરે, કેમકે તેમને–હસતાં, ખડખડાટ હસતાં આવડે છે એની મને ખબર છે. વળી મને તો તેમણે ખુશ થઇને કહ્યું છે કે મારા વિષે જે લખવું હોય તે બેધડકપણે લખજે; મને વાંધો નથી.)

પણ એક વાર ફરિયાદપત્ર લખી નાખ્યા પછી તેમનું કામ પતી જાય છે. એથી આગળ તે નથી વધતા. મનમાં પણ એ વાતનો કિન્નો નહિ. મળે ત્યારે પ્રેમથી વાત કરે ને અગાઉનું ઘર્ષણ ભૂલી પણ જાય.

શિવકુમાર પ્રેમાળ પણ એવા. મધુ રાય અને બક્ષીને એક જમાનામાં તેમણે બહુ ચાહેલા. બક્ષી તેમને ના સદ્યા. (કોને સદ્યા છે?) બંને વચ્ચેની અનબનમાં તેમને મળેલાં ઈનામોએ આપેલો એટલો જ ફાળો બક્ષીની 'કુત્તી'નો ય ખરો. બક્ષીએ 'કુત્તી'પુરાણમાં બમ્બઈયા લેખકોએ તેમને સાથ ના આપ્યાની ફરિયાદ કરી ને શિવકુમાર પરના એક પત્રમાં મુંબઇના લેખકો માટે 'હીજડો' શબ્દ વાપર્યો ત્યારે શિવકુમારે 'ગ્રન્થ'માં બક્ષીનો ઊધડો લઈ નાખેલો.

'બક્ષીના મિત્ર થઇને, તેમનો પક્ષ લેવાને બદલે શા માટે તમે જાહેરમાં બક્ષી સામે તલવાર ખેંચી?' એવું મેં પૂછ્યું એટલે શિવકુમાર બોલ્યા : 'વિનોદ, ખોટું મારાથી સહન નથી થતું. મુંબાઈના લેખકોને હું મળ્યો ત્યારે જ મને તો ખબર પડી કે મુંબાઇના લેખકોને મળીને બક્ષીએ ક્યારે ય વાત નો'તી કરી, કે નો'તા કોઇને વિશ્વાસમાં લીધા. પોતાની કાયરતા ઢાંકવા બીજાઓ વિષે તે ફાવે એમ લખે એ કેમ ચલાવી લેવાય?' (એક આડવાત : બક્ષીને એક વાર મેં કહ્યું કે શિવકુમાર વિષે કશુંક બોલો ત્યારે એક સેકંડ હસી બક્ષીએ કહ્યું : 'વિનોદબાબુ, જ્યાં ફ્લિટથી કામ સરતું હોય ત્યાં હું શબ્દો વેડફતો નથી...')

શિવકુમાર સત્યના આગ્રહી ખરા. કટોકટી ટાણે મર્દાનગીભર્યા લેખો લખીને મરદ ભાયડા તરીકે તે બહાર પડેલા એ ગુજરાતીઓ સારી પેઠે જાણે છે. પણ કલકત્તામાં યશપાલ કપૂરની હાજરીમાં તેમણે છમકલું કરેલું એની બહુ ઓછાને જાણ હશે. ઇન્દિરાજીની પૉલિસીનો તેમણે ત્યારે ખુલ્લંખુલ્લા વિરોધ કરેલો. પણ જેમ માગ્યું બધું મળ્યું નહિ એમ જેલ પણ તેમને નસીબ ના થઈ. (એ તેમનું એકલાનું જ નહિ, ગુજરાતી સાહિત્યનું ય દુર્ભાગ્ય કહેવાય, નહિ તો વિષ્ણુ પંડયાના 'મીસાવાસ્યમ્' જેવી તેમની એકાદ લેખમાળા કોઈ છાપાને મળી હોત.)

કેટલીક વાર અપેક્ષાઓ જ માણસના દુ:ખનું મૂળ બનતી હોય છે. શિવકુમારના કિસ્સામાં આવું વારંવાર બન્યું છે. પત્ર લખવામાં તે ઘણા નિયમિત ને ચીવટવાળા છે. તે જેટલી ઝડપથી પત્ર લખે એટલી ઝડપથી જ સામેથી જવાબ પણ મળવો જોઈએ એવું ઇચ્છે. વચ્ચે રઘુવીર ચૌધરીને તેમણે ત્રણેક પત્ર લખ્યા, જેમાં અઢી પત્રમાં અંગત વાતો હતી. પરિષદ અંગેની વાત બહુ ઓછી હતી. રઘુવીરે તેમના પત્રોનો (અનુ પૃ. ૧૨)

સાહિત્યસંપર્ક

Aśvinā in the Ṛgveda and other Indological Essays; Pub. Prof. G. C. Jhala Memorial Committee, 1978. Pp. xxii + 439, Rs. 120-/.

સ્વ. પ્રો. ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા (૧૯૦૭-૧૯૭૨) મુંબાઈની સેઈન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ૧૯૩૦થી ૧૯૬૮ સુધી સંસ્કૃતના પ્રાધ્યાપક હતા. તેમનાં ગુજરાતી લખાણોના બે સંગ્રહો 'નીરાજના' અને 'અક્ષરા' આ પૂર્વે પ્રકાશિત થઈ ચૂક્યા છે. એમના અંગ્રેજી લેખો-નો પ્રો. વી. રાઘવનની પ્રસ્તાવના સાથેનો આ ત્રીજો સંગ્રહ પ્રો. ઝાલા સ્મારક સમિતિએ પોતે પ્રકાશિત કર્યો છે.

પ્રો. ઝાલા ગઈ પેઢીના સંસ્કૃતના વિદ્વાન તરીકે ગુજરાતમાં ને ગુજરાત બહાર પણ જાણીતા હતા. પ્રસ્તુત ગ્રંથમાં લેખોના વિષયોનો વ્યાપ ધ્યાનાર્હ છે. 'ઋગ્વેદમાં અશ્વિનો' આ ગ્રંથનો મુખ્ય લેખ છે. વૈદિક દેવયુગલ અશ્વિનાના મૂળમાં રહેલી પ્રાકૃતિક ઘટનાનો વિચાર એમાં ઋગ્વેદનાં સૂક્તોનાં પ્રમાણને આધારે કરાયો છે. 'સુંદરકાંડની પ્રસ્તાવના' મૂળ વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિરની રામાયણની સંશોધિત આવૃત્તિને માટે લખાએલી છે. એમાં પશ્ચિમની સ્વતંત્ર વાચના અંગેનો ઊહાપોહ મહત્ત્વનો છે. ભાસનાં નાટકોને લગતા લેખોમાં 'કર્ણભાર' અને 'દૂતવાક્ય' અંગેના અંશો રસદર્શી હોઈ એ નાટકોની વિશેષતાઓનો નિર્દેશ કરાવે છે, જ્યારે પ્રાકૃત શ્લેષ 'અમુદંકણાડઅં' અંગેની ચર્ચા સૂક્ષ્મ દૃષ્ટિ દાખવે છે. ભાસને નામે ચડાવાએલ આધુનિક નાટક 'યજ્ઞફલમ્'ની બનાવટને નાટકની જ ભાષાપરીક્ષાને આધારે જે ક્રમબદ્ધ રીતે અને તર્કપૂર્વક ઉઘાડી પાડી છે તે જોવા જેવી છે. એ જ રીતે 'નૈષધચરિત'ના ભાષાકીય અભ્યાસ પરથી એના કવિ શ્રીહર્ષના વતનના પ્રશ્ન અંગેનો તર્ક પણ સંભવિત તો લાગે છે. કાલિદાસના સમય અંગેની ચર્ચામાં 'માલવિકાગ્નિમિત્રમ્'નો પુરાવો ઘણો પ્રતીતિજનક લાગે છે. બાણના કલ્પનાવૈભવનો કે સંસ્કૃત સાહિત્યમાં હાસ્ય કે સ્વાતંત્ર્યોત્તર સંસ્કૃત સાહિત્યમાં વસ્તુવૈવિધ્યનો પરિચય કરાવતા લેખો વ્યાપક સંદર્ભયુક્ત અને પ્રસન્નકર નીવડે તેવા છે. આમ આ બધા લેખો સંસ્કૃત સાહિત્યને એના વૈદિક કાળ, વીરકાવ્ય કાળ, પ્રશિષ્ટ સાહિત્યનો યુગ, આધુનિક યુગ એમ દરેક તબક્કે અભ્યાસવિષય બનાવે છે. એમાં એક બાજુ પ્રો. ઝાલાની સૂક્ષ્મ તથા શિષ્ટ રસવૃત્તિ અનુભવાય છે તો બીજી તરફ એમની ઊંડી વિદ્વત્તાનો પણ પરિચય સાંપડે છે. એમાંથી પ્રગટ થતું પ્રો. ઝાલાનું રસિક અને વિદ્વાન પ્રાધ્યાપક તરીકેનું વ્યક્તિત્વ આદર પ્રેરે તેવું છે.

સુંદર ભાષાસૌષ્ઠવ એ આ લેખોનું બીજું આગવું લક્ષણ છે. વિવેચ્ય કૃતિઓના રસાત્મક અંશોનો પરિચય કરાવતી વખતે એ ભાષા રંગદર્શી છટા ધારણ કરે છે તો પાંડિત્યપૂર્ણ ચર્ચા કરતી વખતે પ્રસન્ન ગૌરવયુક્ત પ્રભાવ પ્રગટાવે છે. સુઘડ મુદ્રણ, ઊંચી જાતનો કાગળ, આકર્ષક રૂપરંગ ને ટકાઉ બાંધણી ગ્રંથને આંતરરાષ્ટ્રીય કક્ષાનું પ્રકાશન બનાવે છે.

સમગ્રપણે વિષયવૈવિધ્ય, નિરૂપણ, સજાવટ એમ કોઈ પણ દૃષ્ટિએ જોતાં આ ગ્રંથ પ્રો. ઝાલાનું સાચા અર્થમાં તર્પણ કરનારો બન્યો છે.

શબ્દકથા : કાંડું · કળાઈ · ગંડેરી

સંસ્કૃત काण्ड શબ્દના અનેક અર્થ છે : 'સાંઠાની ગાંઠ', 'સાંઠો', 'થડ', 'ડાળ', 'બાણ', 'ઝૂમખું', (લાક્ષણિક) 'ગ્રંથવિભાગ કે પ્રકરણ' વગેરે.

પ્રાકૃત कंडના વિસ્તારિત રૂપ कंडय પરથી 'હાથનો પંજા આગળનો સાંધાનો ભાગ' એવા અર્થમાં કાંડું ગુજરાતીમાં ઊતરી આવ્યો છે.

પાછળના સમયમાં પ્રચલિત સં. कलाचिका, પ્રાકૃત कलाइआ ઉપરથી હિંદી कलाई, ગુજ. कळाई એ જ અર્થમાં વપરાય છે.

इक्षुकाण्ड 'શેરડીનું ઝૂંડ' પરથી પ્રાકૃત इक्खुकंड, इक्खुगंड અને પછી છૂટો गंड શબ્દ એ જ અર્થમાં વપરાવા લાગ્યો. તેના પરથી પંજાબી (અને તેમાંથી હિંદી) गन्ना 'શેરડી'-ના અર્થમાં આવ્યો. गंड પરથી સાધિત પ્રાકૃત गंडीरी પરથી હિંદી, ગુજરાતી गंडेरी 'શેરડીના છોલેલા ટુકડા'ના અર્થમાં પ્રાપ્ત થયો.

काण्डिका 'નાનો સાંઠો', 'સળી' ઉપરથી ગુજ., મરાઠી कांडी 'દીવાસળી' થયો છે. દરદ બોલી પશાઈમાં कांडी 'ઉંબાડિયું'ના અર્થમાં મળે છે. —**હરિવલ્લભ ભાયાણી**

આવકાર

આર. આર. શેઠની કંપની
અમદાવાદ અને મુંબાઈ

ફૂલને વાગ્યા કાંટા : (પુનર્મુદ્રણ) લે. વિઠ્ઠલ પંડ્યા પાકું પૂઠું, પૃ. ૩૬૧, રૂ ૧૮–૫૦.

પહેલી પ્રીત : (પુનર્મુદ્રણ) અનુ૦ ગોપળરાવ વિદ્વાંસ. પાકું, પૃ. ૨૨૪, રૂ. ૧૦-૫૦.

વિશળદેવ : (પુનર્મુદ્રણ) લે. ગુણવંતરાય આચાર્ય. પાકું પૂઠું, પૃ. ૨૬૪, રૂ. ૧૧–૭૫.

ભવસાગર : (પુનર્મુદ્રણ) લે. ઇશ્વર પેટલીકર. પાકું પૂઠું, પૃ ૨૭૨, રૂ. ૧૨–૨૫.

ગમ્મતમાળા : (સેટ ૧–૮ : પુનર્મુદ્રણ) લે. હરીશ નાયક. કાચું, સેટના રૂ ૧૦–૦૦.

સુંદર બોધકથા : (સેટ ૧–૮ : પુનર્મુદ્રણ) લે. હરીશ નાયક. કાચું પૂઠું. રૂ. ૧૦–૦૦.

વિકસતાં શહેરો અને ઝૂંપડપટ્ટીઓ : પુ. નં. ૧૩. સં. લલિત પટેલ. કાચું પૂઠું, પૃ ૧૫૬. રૂ. ૮–૦૦.

સ્ત્રી-વિમુક્તિની સમસ્યાઓ : સં. ડૉ. અક્ષયકુમાર દેસાઈ અને ડૉ. નીરા દેસાઈ. કાચું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૯–૨૫.

અર્થાંતર : લે. ચંદ્રકાન્ત શેઠ. પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૧૫-૫૦.

ગીજુભાઈનું કેળવણીમાં પ્રદાન : લે. ભરતલાલ પાઠક. પાકું, પૃ. ૨૪૦, રૂ. ૧૪.

દીપિકા : લે. યશવંત ત્રિવેદી. પાકું પૂઠું, પૃ. ૨૯૯, રૂ. ૧૬.

આખું આકાશ મારી આંખોમાં : લે. વિઠ્ઠલ પંડ્યા. પાકું પૂઠું. પૃ. ૩૩૫, રૂ. ૧૭.

ચાર આદિવાસી આશ્રમશાળાઓને 'કુમાર' ભેટ

મોકલવા માટે મુંબાઈના એક સંસ્કારપ્રિય સજ્જન તરફથી અમને ચાર લવાજમોની રકમ મળી છે. જે આદિવાસી આશ્રમશાળાઓને આનો લાભ લેવો હોય તેમણે પોતાનાં નામસરનામાં અમને તાકીદે મોકલવાં. 'વહેલો તે પહેલો'ની પદ્ધતિએ અમને પહોંચતાં પ્રથમ ચાર નામને લાભ મળશે. બાકીનાઓએ નિરર્થક પત્રવ્યવહારમાં ઊતરવું નહિ.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી હરભાઈ ત્રિવેદી

જન્મ: ૧૪ નવેમ્બર, ૧૮૮૨. યુનિવર્સિટીના સ્નાતક, સુપ્રસિદ્ધ કેળવણીકાર. ભાવનગરમાં દક્ષિણામૂર્તિ વિનયમંદિરના આચાર્યસ્થાનેથી એમણે સહશિક્ષણ ને વિદ્યાર્થીસ્વાતંત્ર્યનો પ્રયોગ કર્યો. માધ્યમિક શિક્ષણમાં ડોલ્ટન યોજનાની ભારતભરમાં એમણે પહેલ કરી. 'છાત્રાલય', 'નૂતન શિક્ષણ' ને હિંદી 'શિક્ષણપત્રિકા'ના સંપાદક. બાલમનોવિજ્ઞાનના આધારે શિક્ષણવિષયક ચોવીસેક પુસ્તકોના લેખક. બૃહદ્-દ્વિભાષી મુંબઈ રાજ્ય, ગુજ. રાજ્ય ને સૌરાષ્ટ્રની શિક્ષણ અંગેની અનેક સમિતિઓમાં સભ્ય ને અધ્યક્ષ. ૧૯૩૭માં વિશ્વ-પરિષદમાં હિંદના પ્રતિનિધિ તરીકે ટોકિયો ગએલા. કલકત્તા ને કર્વે યુનિવર્સિટીમાં અનુસ્નાતક કક્ષાએ તથા અમેરિકામાં ૨૩ યુનિઓમાં વ્યાખ્યાનો આપ્યાં. છેલ્લાં ૪૦ વર્ષથી ભાવનગરમાં 'ઘરશાળા સંસ્થા'ના સંચાલક

૧ કેળવણીની આદર્શ સંસ્થા કેવી હોવી જોઈએ?

ઉ. આદર્શ કેળવણી-સંસ્થાનું મંડાણ પ્રેમ પર નિર્ભર હોવું જોઇએ. તેમાં બાળકને સંપૂર્ણ સ્વતંત્રતા અને એના વ્યક્તિત્વને આદર મળવાં જોઇએ. બાળકના સમગ્ર જીવનને સાંકળી લેવાનો ને તેને અભય મળે એ એનો આદર્શ હોવો જોઇએ.

૨ આપ સફળ કેળવણીકાર કોને કહો?

ઉ. પોતાના કાર્યમાં અડગ શ્રદ્ધા ધરાવનાર અને બાળકો સાથે તન્મય બની એમને વાત્સલ્ય આપી શકે તેવો કર્તવ્યનિષ્ઠ કેળવણીકાર સફળ કહેવાય.

૩ દુનિયાની કઈ કેળવણી સંસ્થા આપને વધુ ગમી છે?

ઉ. એ. એસ. નીલની ઈંગ્લૅન્ડની 'સમર હિલ' શાળા અને અમેરિકાની 'કૉમનવેલ્થ' શાળા.

૪ કેળવણી અંગેનાં કયાં પુસ્તકોની આપ ભલામણ કરો?

ઉ. એ. એસ. નીલનાં બધાં પુસ્તકો તથા ઘરશાળા સંસ્થાનાં શિક્ષણ-વિષયક પુસ્તકો.

૫ આપના પ્રિય લેખકો? પુસ્તકો? અને ઉપાસ્ય વ્યક્તિ?

ઉ. એ. એસ. નીલ, ડૉ. સિગમંડ ફ્રૉઈડ, હોમર લેઈન, એરિક ફ્રોમ અને સૌથી વધુ ગાંધીજી. ગાંધીજી જ મારી ઉપાસ્ય વ્યક્તિ ને એમની 'આત્મકથા' તથા 'ભગવદ્ગીતા' મારાં પ્રિય પુસ્તકો.

૬ 'દક્ષિણામૂર્તિ'ના વિદ્યાર્થીઓમાંથી કોઈ પ્રસિદ્ધ વ્યક્તિ?


ઉ. સ્વ. કૃષ્ણલાલ શ્રીધરાણી, સ્વ. પ્રહ્લાદ પારેખ, પૂનમચંદભાઈ કમાણી, વીરેન્દ્રભાઈ શાહ વગેરે નામાંકિત વ્યક્તિ છે.

૭ આપના જીવનનો કોઈ અવિસ્મરણીય પ્રસંગ?

ઉ. 'દક્ષિણામૂર્તિ સંસ્થા'માં આજીવન સેવક થવાનો મધરાતે નિર્ણય કરેલો તે હજી યાદ છે. પ્રેમ અને અહિંસાના સિદ્ધાંત પર શિક્ષણ સંસ્થા ચલાવવી જોઈએ તેમાં ઊંડી શ્રદ્ધા તે તેનું કારણ હતું.

૮ કેળવણી-ક્ષેત્રે નવો વળાંક આપવા માટે કયા ફેરફારો આપ જરૂરી ગણો છો?

ઉ. વર્તમાન કેળવણીનું સમગ્ર માળખું નવેસરથી રચવાની જરૂર છે. એ માળખું જીવનલક્ષી હોવું જોઈએ. ભણનારના સર્વાંગી વિકાસ માટે તેનાં શરીર, મન, બુદ્ધિ, લાગણીઓ અને આત્માનો યોગ્ય વિકાસ થતો રહે તેવું તે આયોજન હોવું જોઈએ.



લોકપ્રિય પ્રકાશન

મુંબાઈ-૨

ગુંબજ: લે. અશ્વિન દેસાઈ. પાકું પૂઠું, પૃ. ૨૪૪, રૂ. ૧૨-૭૫.

પાંપણ પરનો પ્રદેશ: લે. આબીદ સુરતી. પાકું પૂઠું. પૃ. ૨૫૨, રૂ. ૧૩-૨૫.

એક સોનેરી નદી: લે. રામચંદ્ર પટેલ. પાકું પૂઠું, પૃ. ૨૭૯, રૂ. ૧૪-૫૦.

વારસદાર: લે. ઈલા આરબ મહેતા. પાકું પૂઠું, પૃ. ૧૯૩, રૂ. ૧૦-૫૦.

અન્ય પ્રકાશકોનાં

રક્તદાન: (પ. પુ. ૪૭૩) લે. નાનુભાઈ અમીન. પ્ર૦ પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ, મુંબઈ-૨. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

સ્વામી આનંદ: (પ. પુ. ૪૭૪) લે. વીણા શાહ. પ્ર૦ ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

ખુલ્લો પત્ર: લે. મથુરાદાસ યોગી. પ્ર૦ પોતે, મહુવા. કાચું પૂઠું, પૃ. ૪૪.

ક્રમશ: લે. રમેશ આચાર્ય. પ્ર૦ ચારુ આચાર્ય, ચારુ પ્રકાશન, હળવદ. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૫-૦૦.

સમયરંગ: લે. ઉમાશંકર જોષી. પ્ર૦ ચીમનલાલ લીટરરી ટ્રસ્ટ, ૨૭૬, દાદાભાઈ નવરોજી રોડ, મુંબાઈ-૧. પાકું પૂઠું, પૃ. ૪૮૮, રૂ. ૪૦.

યોગમાર્ગના પ્રવાસી શ્રી કૃષ્ણપ્રેમ: અનુ. રમણલાલ સોની. પ્ર૦ વોરા ઍન્ડ કંપની, ગાંધી રોડ, અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૩૯૯, રૂ. ૧૮-૦૦.

બહેનો અને ક્રાંતિ: લે. દાદા ધર્માધિકારી. પ્ર૦ યજ્ઞ પ્રકાશન, હુઝરાત પાગા, વડોદરા-૧. કાચું પૂઠું, પૃ. ૨૦, રૂ. ૦-૫૦.

પંચામૃત: (પ્રથમ ખંડ) સં. મીરા ભટ્ટ. પ્ર૦ ઉપર મુજબ. કાચું, પૃ. ૧૫૫, રૂ. ૩-૫૦.

જીવવાનોચાન્સપાંચસોમાંથી એક: (પુનર્મુદ્રણ) લે. નૉર્મન કઝીન્સ. પ્ર૦ ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૫૬, રૂ. ૧-૨૫.

ક્રાંતિની કથા: અનુ. જયંત પાઠક. પ્ર૦ ભાષાન્તરનિધિ, બળવંતભવન, ભાવનગર. પાકું પૂઠું, પૃ. ૫૫૫, રૂ. ૨૨-૦૦.

યોગપથ: લે. મકરન્દ દવે. પ્ર૦ વોરા ઍન્ડ કંપની, મુંબઈ-૩. પાકું, પૃ. ૧૪૮, રૂ. ૧૦.

શબરી: લે. પૂજાલાલ. પ્ર૦ અરવિંદ આશ્રમ, પાંડિચેરી. કાચું પૂઠું, પૃ. ૧૦૮, રૂ. ૫.

બાળલકવા: (પુ. ૧) લે. ડૉ. આર. ટી. આચાર્ય. પ્ર૦ આરામ ફર્મા, લાલ દરવાજા, સુરત-૩. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૨-૫૦.

સાયાટિકા (સ્લીપડિસ્ક=કમરનો દુખાવો): લે. પ્ર૦ ઉપર મુજબ. કાચું, પૃ. ૫૨, રૂ. ૪.

હાડકાં-સાંધાનો દુઃખાવો (વા): લે. પ્ર૦ ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૫૪, રૂ. ૪.

આશ્રમ ભજનોનો સ્વાધ્યાય: લે. પ્રભુદાસ ગાંધી. પ્ર૦ પોતે, રાષ્ટ્રીય શાળા, રાજકોટ-૨. પાકું પૂઠું, પૃ. ૩૩૮, રૂ. ૧૨-૫૦.

હોળીનું નાળિયેર: લે. પરમસુખ પંડયા. પ્ર૦ એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., મુંબઈ-૨. પાકું પૂઠું, પૃ. ૧૮૯, રૂ. ૯-૦૦.

પરજીવિતરક્ષણ-યજ્ઞ: (સ્મૃતિગ્રંથ) પ્ર૦ વીર બાપુરાવ ગાયધન સ્મારક સમિતિ, નાશિક. કાચું પૂઠું, પૃ. ૨૨૨, રૂ. ૩-૦૦.

કલાવાર્તા

ફોટો-કલાકાર વસંત સંઘવી

[સોહામણું સુરખાબ એક સુખ્યાત પક્ષી છે. કચ્છમાં વસતાં આ પંખીની સુંદર ફોટોગ્રાફી-



થી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનું નામ રોશન કરનાર ભાઈ વસંત સંઘવી કચ્છના માંડવી બંદરના વતની છે. માંડવીના દરિયા કાંઠે આવતાં જળચર પક્ષીઓની ફોટોગ્રાફીમાં એમણે ખાસ પ્રવીણતા પ્રાપ્ત કરી છે. પ્રકૃતિસૌન્દર્યની ફોટોગ્રાફીમાં પણ તેઓ નિપુણ છે.

ઈ. ૧૯૭૭માં તાઈવાનમાં 'ફોટોગ્રાફી સોસાએટી ઑવ ચાઈના'એ પંદરમું આંતરરાષ્ટ્રીય ફોટોગ્રાફી પ્રદર્શન યોજ્યું હતું. ચાળીસ દેશોના ચુનંદા ફોટો-કલાકારોના બે હજારથી યે વધુ ફોટોગ્રાફો તેમાં પ્રદર્શિત થયા હતા. એમાં ભાઈ વસંતનું 'ફ્લેમિંગો કપલ'–સુરખાબ યુગલ નામનું ચિત્ર એ વર્ષનો એફ. એ. પી.એ સુવર્ણચંદ્રક પામ્યું હતું. એ સાથે સુરખાબના જ એમના એક બીજા ચિત્રને પણ ઉત્તમ ગુણવત્તાનું પ્રમાણપત્ર મળ્યું હતું.



આ સાથે એમનું એક બીજું ચિત્ર 'અવતરણ' પણ બાજુમાં નીચે આપ્યું છે, જે લખનઉમાં આંતરરાષ્ટ્રીય ફોટોચિત્રપ્રદર્શનમાં 'સિલ્વર પ્લૅક' અને મુંબઈમાં પ્લૅક તથા રોકડ ઈનામ પામેલું. ખોરાકની શોધમાં પાણીની સપાટી પર ઊતરી આવતા જલપક્ષીને તેમાં બહુ સુંદર પળે ઝડપી લીધેલું છે.

ઈ. ૧૯૭૧થી એમણે દેશ પરદેશનાં ફોટોગ્રાફી પ્રદર્શનોમાં ભાગ લેવા માંડ્યો ત્યારથી એમણે પોતાનાં વિવિધ ફોટોચિત્રો માટે બે સુવર્ણચંદ્રકો, અઢાર રૌપ્યચંદ્રકો ને ચાળીસેક જેટલાં ગુણવત્તાનાં પ્રમાણપત્રો અને કેટલાંક રોકડ ઈનામો મેળવ્યાં છે. ગુજરાત સરકારની વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફી હરીફાઈઓમાં પણ એમણે છ વખત પ્રથમ ઈનામો મેળવ્યાં છે.

ઈ. ૧૯૭૫-'૭૬માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તરફથી તથા ૧૯૭૬માં અમદાવાદની નિહારિકા ક્લબની ત્રણ વિવિધ ફોટોવિભાગની સ્પર્ધામાં ત્રણેય વિભાગમાં એમણે ઈનામો તથા ઍવૉર્ડ પ્રાપ્ત કર્યાં છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના ચાર ઍવૉર્ડ પણ તેમને મળ્યા છે. આમ, વિદેશમાં પણ એમનાં ફોટોચિત્રોએ અગ્રિમ સ્થાન અને પ્રશંસા મેળવ્યાં છે. ઑસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને હૉંગકૉંગ વગેરેમાં યોજાએલાં પ્રદર્શનોમાં તેમ જ આંતરરાષ્ટ્રીય કક્ષાનાં તથા ભારતનાં અનેક કલા સામયિકોમાં પણ એમની કૃતિઓ સ્થાન પામી છે.

સ્વિટ્ઝર્લૅન્ડની ઈન્ટરનૅશનલ ફોટોગ્રાફિક આર્ટ તરફથી એ. એફ. આઈ. એ. પી.ની માનાર્હ ઉપાધિ પણ એમને મળી છે. આડત્રીસ વર્ષના આ યુવાન ફોટોકલાકારનું ભાવિ હજી વધુ ઉજ્જવળ હોવા વિષે બેમત થઈ શકે તેમ નથી જ. આપણા ખ્યાતનામ ફોટોગ્રાફર ટી. એસ. લાલ તરફથી ફોટોકલાક્ષેત્રે વિકાસ સાધવાની પ્રેરણા તેમને મળી છે. વિદ્યાર્થી અવસ્થામાં એમણે ઈન્ટરમીડીએટ ગ્રેડની ચિત્રકળાની પરીક્ષા પહેલા વર્ગમાં પ્રથમ



રાજાજી : રેખાંકન કે. કે. હેબ્બાર

ભારતના ઉચ્ચ કોટિના નરરત્ન અને વિચક્ષણ રાજપુરુષ, પ્રજામાં રાજાજીના આદરણીય નામથી ઓળખાતા ચક્રવર્તી રાજગોપાલાચાર્યનું આ રેખાંકન મદ્રાસથી નીકળતા (રાજાજી સ્થાપિત) અંગ્રેજી સાપ્તાહિક 'સ્વરાજ'ના, એમની જન્મશતાબ્દી નિમિત્તે પ્રકાશિત ખાસ અંકમાં પ્રકટ થયું છે. ઓછામાં ઓછી રેખામાં વ્યક્તિત્વની લાક્ષણિકતા પ્રકટ કરવાનું શ્રી હેબ્બારનું રેખાસામર્થ્ય તેમાં જોવા મળે છે. રાજાજીનું વિસ્તૃત ચરિત્ર અગાઉ 'કુમાર'માં આવી ગયું હોઈ આ પ્રસંગે સ્મરણાંજલિ રૂપે આ પ્રકટ કરીએ છીએ.

આવીને પસાર કરેલી, પણ પછી ચિત્રકળાનો એ શૉખ એમણે ફોટોગ્રાફીમાં વાળી લીધો છે. હાલ માંડવીમાં તેઓ પોતાનો ફોટો સ્ટુડિયો ધરાવે છે અને સાથોસાથ પોતાના આ વ્યાસંગને વિકસાવતા જઈ જે ખ્યાતિ પામવા માંડી છે એ કચ્છ ગુજરાત માટે ગૌરવપ્રદ છે.

—રામસિંહજી રાઠોડ


સાહિત્ય મુદ્રણાલયની ચિત્રમય ડાયરી

છેલ્લાં કેટલાંક વર્ષથી કૅલેન્ડરોની સાથે ચિત્રમય ડાયરીનાં પ્રકાશનોમાં પણ અનેક પ્રયોગો થતા રહ્યા છે. કલાના વ્યાવહારિક ઉપયોગમાં આ એક નવી દિશા ઊઘડી છે. પુષ્કળ ચિત્રો આપીને એકાદ નિશ્ચિત વિષયનું વૈવિધ્ય દર્શાવાતું તેમાં જોવા મળે છે. અમદાવાદના સાહિત્ય મુદ્રણાલયે (સિટી મિલ કંપાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨) પણ આ વર્ષે આવી એક ડાયરી પ્રકટ કરી છે. સ્પાઈરલ બાઇન્ડિંગ અને પારદર્શક પ્લાસ્ટિકના મજબૂત પૂઠાવાળી, લગભગ ૮×૮ ઇંચના કદની આ ડાયરીમાં સપ્તાહના દરેક પાના સામે ૩૦ પૂર્ણરંગી ચિત્રો સાથે કુલ ૭૨ ફોટોચિત્રો આપ્યાં છે. (જેમાંનું એક આ અંકના મુખચિત્ર તરીકે આપ્યું છે.)

ગુજરાતમાં હિંદુ, મુસ્લિમ, પારસી, જૈન, ઈસાઈ, બૌદ્ધ એમ ભારતમાં પ્રચલિત લગભગ બધા ધર્મો અને તેના વિવિધ સંપ્રદાયો પ્રચારપ્રસાર પામ્યા છે. આ દરેક ધર્મપંથે પોતપોતાનાં જે સ્થાનકો રચ્યાં છે તેમાં સ્થાપત્ય સહિત અનેક પ્રકારનું વૈવિધ્ય પ્રકટ થતું રહ્યું છે. એ વૈવિધ્યની એક ઝાંખી એ આ ડાયરીના ચિત્રમય પાસાનો ઉદ્દેશ છે.

આની સાથે ગુજરાતના ધાર્મિક સંપ્રદાયોનો પરિચય અને તેને આશરે વિકસેલી કલા-કારી-

ગરીનો આછોશો પરિચય આપતો કલાવિવેચક પનુભાઈ ભટ્ટનો (અંગ્રેજી) લઘુલેખ આ ડાયરીનો હેતુ સમજવામાં સહાયક બની રહે છે. આ ઉપરાંત, ગુજરાતના આજના પ્રધાનો, પાર્લામેન્ટરી સેક્રેટરીઓ, વિધાનસભાના સભ્યો વગેરેની તેમનાં દફતરો ને ફોનનંબરો સાથેની યાદી, રાજ્યનાં જાહેર સાહસો, વ્યાપાર-ઉદ્યોગની ચૅમ્બરો, ગુજરાત તથા ભારતનો ક્ષેત્રવિસ્તાર વસતિ વગેરેનો આછો પરિચય, રાજ્યના હૉલીડે હોમ્સની યાદી, લોકસભા ને રાજ્યસભાના ગુજરાતી સભ્યોની યાદી, રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત, રાષ્ટ્રીય પંચાંગ, આવકવેરાનો દર વગેરેની વિવિધ માહિતી આ ડાયરીની ઉપયોગિતામાં ઉમેરણ કરે છે. કલામય વસ્તુઓના રસિયા અને ૭૫ રૂપિયા જેવી ભારે કિંમત જેમને પરવડી શકે તેવાઓના માટે આ એક નમૂનારૂપ રૂપકડું પ્રકાશન ગણી શકાય. □




આ માસમાં 'ધ યુનાઇટેડ નેશન્સ ઇન્ડસ્ટ્રીઅલ ડેવલપમેન્ટ ઑર્ગેનિઝેશન' તથા 'ધી ઈન્ટરનૅશનલ કાઉન્સિલ ઑવ સોસાએટીઝ ઑવ ઇન્ડસ્ટ્રીઅલ ડિઝાઈન'ની ઈન્ડસ્ટ્રીઅલ ડિઝાઈન્સ વિષેની બેઠકનું આયોજન થયું છે. વીસેક જેટલા દેશો તેમાં ભાગ લેશે. આ બેઠકના આંતરરાષ્ટ્રીય વ્યાપને સૂચવતો પૃથ્વીનો ગોળો, ઉદ્યોગો સાથેના સંકલનના પ્રતીક રૂપે યંત્રોનું દાંતાવાળું ચક્ર તથા ઔદ્યોગિક ઉત્પાદનની કલામયતાના સૂચન રૂપ અષ્ટદલ પદ્મને સાંકળીને બનાવેલી તેની આ સંજ્ઞા કલા, ચાતુરી ને સરળ રજૂઆતનો એક સુંદર નમૂનો છે. વર્ષો પહેલાં કુમાર કાર્યાલય લિમિ.ની સ્થાપના થઈ ત્યારે તેના શેર-સર્ટિફિકેટના ડિઝાઈનમાં કલાસંસ્કૃતિના પ્રતીક તરીકે પદ્મ ને ઉદ્યોગકારીગરીના સૂચનરૂપ દાંતાવાળા ચક્રના સંયોજનવાળી એક સંજ્ઞા રચાઈ હતી તેની યાદ આવે છે. □

શતરંજ : કૉમ્બિનેશન્સ . . . . સુરેશ મોદી

આપણે લગભગ ત્રણ વર્ષથી Fairy chess કોયડાઓ જોતા હતા. તેમાં રમતથી જુદી, પણ સુંદર કલ્પનાઓનું અનોખું સામ્રાજ્ય હતું. હવે આ અંકથી આપણે શતરંજની રમતમાં ઉપયોગી થાય તેવી અને અગાઉ રમાએલી નોંધપાત્ર રમતોમાંની પરિસ્થિતિઓ જોઈશું. આમ, ઘણા વખત પછી શતરંજનાં combinations જોવાં ફરી શરૂ કરીએ છીએ. ઈ. ૧૮૫૧ની પહેલી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં રમાએલી 'અમર' (Immortal) રમતમાંના પહેલા વિશ્વવિજેતાના combinationથી આરંભ કરીએ. સાથેની આકૃતિ જોતાં સમજાય છે કે સફેદે હુમલા માટે પ્યાદાના બદલામાં ઊંટનો ભોગ આપ્યો છે. કાળાનાં ઘણાંખરાં મહોરાં પોતાની જગ્યાએ જ છે. આમાં હવે સફેદ કેવી રીતે જીતે છે તે આપણે જોઈએ.

Kieseritzky



Anderssen

સફેદે રમવાનું

1 N-Q5, Q×P; 2 B-Q6, Q×P+; 3 K-K2, B×R? અહીં 3..., Q×R? પછી 4 N×P+, K-Q1; 5 B-B7થી મ્હાત થાય છે. આ તબક્કે કાળાની સૌથી સારી ચાલ આપણે આગળ જોઈશું.

4 P-K5! કાળાના KNP પરનું વજીરનું રક્ષણ બંધ થતાં 5N×P+, K-Q1; 6B-B7થી મ્હાતની ધમકી ઊભી થાય છે.

4..., N-QR3. અહીં કદાચ 4..., B-R3 વધુ સારી ચાલ હતી. તે ચાલ પછી પે 5N-B7+, K-Q1; 6 N×B પછી થોડા ચાલમાં મ્હાત થાત. દા. ત. 6..., N×N, 7 Q×R+, N-N1; 8 Q×N≠.

5 N×P+, K-Q1; 6Q-B6+!!


પહેલા એક મહોરાનો, પછી બે હાથીનો ને હવે છેલ્લે વજીરનો ભોગ અપાય છે. કાળાને એ ભોગ સ્વીકારવો જ પડે છે અને બીજી ચાલે મ્હાત થાય છે. આ બધા ભોગને કારણે જ આ રમત 'Immortal'—અમર થઈ છે.

6..., N×B; 7 B-K7≠.

કાળાએ ત્રીજી ચાલે શું ચાલવું જોઈતું હતું તે હવે આપણે જોઈ લઈએ. 3..., Q-N7 પછી ઉપર બતાવેલા Combinationથી જીતાતું નથી. તો 1 N-Q5 એ ખરેખર સુંદર ચાલ ન જ કહેવાય. સફેદ પાસે જીતવા માટે ઉત્તમ ચાલ હતી.

1 P-Q4!; B-N3; 2 N-Q5!

આ રમત 'અમર' ગણાઈ તે પરથી સમજાશે કે ત્યારથી આજ સુધીમાં શતરંજનું ધોરણ કેટલું આગળ વધ્યું છે. હવે પછીના થોડા અંકોમાં આપણે પણ ધીરેધીરે આગળ વધીશું.



ટિકિટસંગ્રહ. ભારતના બે અગ્રગણ્ય રાષ્ટ્રીય નેતા મોહમ્મદઅલી જોહર અને ચક્રવર્તી રાજગોપાલાચારીની જન્મ-શતાબ્દી નિમિત્તે ગઈ ૧૦મી ડિસેમ્બરે બહાર પડેલી બે ખાસ ટિકિટો. ત્રીજી ટિકિટ પ્રથમ યંત્રચાલિત ઉડ્ડયનના રાઈટ બંધુઓના પ્રયોગની ૭૫મી જયંતી નિમિત્તે ગઈ ૨૩મી ડિસેમ્બરે બહાર પડી છે. (પ્રેષક : જગદીશ બિનિવાલે, અમદાવાદ)

ભારતનાં વાદ્યો

ભારતીય જીવનમાં સંગીતનું ઘણું મહત્ત્વ રહ્યું છે. અહીં એવો કોઈ ઉત્સવ કે વિધિ નથી જેમાં એક યા બીજા સ્વરૂપે સંગીત સંકળાયું ન હોય. અને એટલે ભારતીય વાદ્યોનો ઇતિહાસ પણ આપણી સંસ્કૃતિ જેટલો પ્રાચીન છે. આપણા સંગીતશાસ્ત્રમાં વિધવિધ વાદ્યોના દરેક પાસા પર બહુ ઊંડો વિચાર થએલો છે. એના સંખ્યાબંધ પ્રકારો વિકસતા રહ્યા છે. આપણા શાસ્ત્રીય સંગીતમાં 'ગમક'ની, એટલે કે સ્વરને કર્ણપ્રિય મધુર કંપ આપવાની જે લાક્ષણિકતા છે, ને સંગીતશાસ્ત્રીઓએ જેને સંગીતનો પ્રાણ ગણવા જેટલું મહત્ત્વ આપ્યું છે તેનું બરાબર અનુસરણ કરવા જેટલી આપણાં વીણા વગેરે જેવાં તારવાળાં વાદ્યો અને ફૂંકીને વગાડાતાં બંસરી વગેરે જેવાં વાદ્યોમાં ક્ષમતા છે, એટલું જ નહિ, પણ એ માટેની રચના પણ સરળતમ છે. આથી પોતાના આગવા સૂરમાધુર્ય ઉપરાંત ગાયનમાં ભારતીય વાદ્યોનો સાથ પણ એક અજબ સુમેળ સાધી શકે છે. આ એની એક મહત્તમ વિશિષ્ટતા છે. વળી, વૃંદવાદનમાં પણ આપણાં વાદ્યો પશ્ચિમનાં વાદ્યોની તોલે જરા પણ પાછાં પડે તેમ નથી.

મુખ્યત્વે ચાર પ્રકારોમાં ભારતીય વાદ્યો વહેંચાએલાં છે :


૧) તત્ કે તંતુવાદ્યો : વીણા, સિતાર, તંબૂર, દિલરૂબા વગેરે જેવાં તાર (કે તાંત)વાળાં વાદ્યો આ પ્રકારનાં છે. આમાં પણ (अ) આંગળીમાં નખલી કે મજરાબ પહેરીને વગાડતાં, (ब) ગજને તાર ઉપર ઘસીને વગાડાતાં અને (क) તારને ટકોરીને કે આંગળીથી જ ખેંચ આપીને વગાડાતાં, એવા ત્રણ પ્રકાર છે.

૨) સુષિર વાદ્યો : એ ફૂંક મારીને વગાડાય છે. આમાં પણ સીધી ફૂંક મારીને વગાડાતાં બંસરી પાવો વગેરે જેવાં, અને જીભ ભેરવીને વગાડાતાં શરણાઈ વગેરે જેવાં એમ બે પ્રકાર છે.

૩) અવનદ્ધ વાદ્યો : ચામડું મઢીને તેના ઉપર થાપ મારીને વગાડાતાં મૃદંગ, તબલાં, ઢોલ વગેરે જેવાં આ વાદ્યો મુખ્યત્વે તો સંગીતમાં તાલનું માપ જાળવવા માટે સાથ પુરાવનાર વાદ્યો છે, પરંતુ એનું સ્વતંત્ર વાદન કે વૃંદવાદનમાં એનો સાથ પણ એક ધીરગંભીર વાતાવરણ પ્રકટાવવાની પૂરી ક્ષમતા ધરાવે છે.

૪) ઘન વાદ્યો : ધાતુ કે કાષ્ઠનું બનેલું એનું સ્વરૂપ પોલું નહિ પણ ઘન હોય છે. ઝાંઝ, મંજીરાં વગેરે આ પ્રકારનાં વાદ્યો છે.

આ ચારેય જાતનાં વાદ્યોમાં એના લોક પ્રકારનું વૈવિધ્ય પણ એટલું જ સમૃદ્ધ છે. હવે પછી અહીં આપણે આ વાદ્યોના વૈવિધ્યની થોડી સચિત્ર ઝાંખી કરીશું.



મધુકરી

જગત પુરુષાર્થ ને પ્રારબ્ધ બન્ને પર વિચારે છે,
પરાજયને અફળ પ્રારબ્ધનું પરિણામ ધારે છે.
હકીકતમાં રહેલી હોય છે પુરુષાર્થમાં ખામી,
ભરોસે ભાગ્યના બેસી રહે છે એ જ હારે છે.

—અંબાલાલ 'ડાયર'

સાધુચરિત વિદ્વાન પ્રાધ્યાપક ઝાલાસાહેબ

ઉચ્ચતર સ્થાન કે ઇતર પ્રલોભનો જતાં કરીને એક જ સ્થળે આજીવન નિષ્ઠાપૂર્વક કાર્ય કરનારી વ્યક્તિ આ યુગમાં વિરલ છે. ઝાલાસાહેબ આવા એક સંનિષ્ઠ સાધુચરિત પ્રાધ્યાપક હતા.

ગૌરીપ્રસાદ ચૂનીલાલ ઝાલા એ એમનું પૂરું નામ, પણ વિદ્યાર્થીઓ અને અધ્યાપક સાથીઓમાં 'ઝાલાસાહેબ' તથા કુટુંબીઓમાં 'ભાનુભાઇ' નામે તેઓ ઓળખાતા. ઈ. ૧૯૦૭ના એપ્રિલની ૬ઠ્ઠી તારીખે જામનગરમાં એમનો જન્મ થએલો. મૅટ્રિક સુધીનો અભ્યાસ પણ એમણે ત્યાં જ કરેલો. પિતા ત્યારે 'ચૂનીકાકા'ના નામથી જામનગરમાં એક જાણીતા વૈદ્ય હતા.

ઈ. ૧૯૨૪માં મુંબાઈ આવી એક સંબંધીને ત્યાં રહીને એમણે સેન્ટ ઝેવીઅર્સ કૉલેજમાં ભણીને ઈ. ૧૯૨૮માં મુંબાઇ યુનિવર્સિટીની પરીક્ષામાં મુખ્ય વિષય સંસ્કૃત સાથે તેઓ પ્રથમ વર્ગમાં બી.એ. થયા. વિદ્યાર્થી તરીકે સ્વભાવે ઓછાબોલા, સ્વમાની અને કંઈક શરમાળ એમણે પોતાની વિદ્યાપ્રીતિ અને અભ્યાસનિષ્ઠાથી પોતાના સંસ્કૃતના પ્રાધ્યાપક જર્મન પાદરી ફાધર ઝીમરમાનનાં પ્રેમ અને માન પ્રાપ્ત કરેલાં. કૉલેજમાં ફેલો બની ૧૯૩૦માં એમ.એ. થયા બાદ એ જ કૉલેજમાં સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે એમની નિમણુક થઈ ત્યારથી છેક ૧૯૭૨ના જાન્યુઆરીની ૧૧મી તારીખે એમનું અવસાન થયું ત્યાં સુધી એમણે ત્યાં એકધારી નિષ્ઠાથી સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે કામ કરેલું. (આ મહિને એમની પુણ્યતિથિ છે.)

આરંભથી જ એમણે જે જીવનરીતિ અપનાવી હતી તેને એમણે આજીવન ચુસ્તપણે નિભાવી હતી. સમયપાલનના તેઓ અત્યંત આગ્રહી હતા. જૂના સમયના નાગરો પેઠે ઘરમાં તેઓ ધોતિયું પહેરતા પણ બહાર મોટે ભાગે આછા બદામી કે આછા પીળા રંગનો સૂટ, ટાઈ, વાધરી વિનાના ને હમેશાં પૉલિશથી ચળકતા બદામી બૂટ, રોજે રોજ જાતે જ ધોએલાં સ્વચ્છ સફેદ મોજાં અને માથે કાળી ટોપી આ એમનો નિત્યનો પોશાક હતો. સૂટ સાથે ટોપી પહેરવાનો રિવાજ ભૂંસાવા માંડયો ત્યારે યે એમણે ટોપી છોડી નહોતી. માથે નહિ તો હાથમાં પણ એ હમેશાં એમની સાથે રહેતી જ. કૉલેજમાં એ ટોપી તેઓ એક નિશ્ચિત સ્થાને જ રાખતા. એ સ્થાને એ ટોપીનું દર્શન કૉલેજમાં એમની હાજરીનું સૂચક બની ગએલું. એ જ રીતે ચોમાસામાં વરસાદ હોય કે ન હોય પણ છત્રી સદાય એમની સાથે રહેતી. ક્યારેક વધુ વરસાદમાં ગ્રાંટરોડના વિસ્તારમાં પાણી ભરાઈ જતાં જવુંઆવવું મુશ્કેલ બને એવા વર્ષના એકાદ બે દિવસ સિવાય કૉલેજમાં એમની હાજરી નિયમિત હતી. પાણીમાં ચાલવાથી એમને પગની તકલીફ થઈ જતી, કારણ નાનપણથી એમનો એક પગે હાથીપગાનો રોગ હતો. પરંતુ બહુ ચીવટ ને નિયમિતતાથી એનો ઉપચાર જારી રાખી એમણે વર્ષોથી એ રોગને આગળ વધતો અટકાવી રાખ્યો હતો.



કૉલેજમાં એમની પ્રકૃતિ ગંભીર ગણાતી, પણ બી.એ.ના વર્ગમાં નર્મ-મર્મયુક્ત વિનોદવૃત્તિનું દર્શન થતું. પોતાનાં વ્યાખ્યાનો માટે તેઓ સદા ય સજ્જ રહેતા અને સમયસર એમનો અભ્યાસક્રમ પૂરો કરતા. સ્ટાફરૂમમાં વર્ષોથી એમની બેઠક નિશ્ચિત હતી અને એથી એ 'ઝાલાસાહેબની ખુરશી' તરીકે જાણીતી થઈ ગએલી. ઝાલાસાહેબ પ્રત્યેના માનથી સાથી અધ્યાપકો પણ એ ખુરશી એમના માટે ખાલી જ રાખતા. કૉલેજમાં સંસ્કૃત ઉપરાંત તેઓ ઈન્ટર અને બી.એ.માં ગુજરાતી પણ શીખવતા. કૉલેજના ગુજરાતી સાહિત્યમંડળના તેઓ પ્રમુખ પણ હતા અને એ મંડળ દ્વારા તેઓ અનેકવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ ચલાવતા. તેમાં 'રશ્મિ' નામે એ મંડળનું એક મુખપત્ર એમણે શરૂ કરેલું જે એ સમયના ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં પ્રતિષ્ઠા પામેલું. ગુજરાતી ભાષાના સંશોધનકાર્ય માટે મુનશીજીની સહાયથી એમણે એક રકમ પણ એકઠી કરેલી, પણ એક યા બીજા કારણે એ યોજના તેઓ નિવૃત્ત થયા ત્યાં સુધી અમલમાં આવી શકી નહોતી. વેદો, ઉપનિષદ, રામાયણ-મહાભારત, કાલિદાસ, ભવભૂતિ, શ્રીહર્ષ, ભારવિ વગેરેનું એમનું અધ્યયન આરંભથી જ સંગીન હોઈ એમનાં વ્યાખ્યાનોમાં વિદ્વત્તા દેખાઈ આવતી. ક્યારેક તેઓ સંસ્કૃતમાં પણ ભાષણ આપતા, પણ પોતાના પાંડિત્યનું બિનજરૂરી પ્રદર્શન ન કરવા અંગે તેઓ સદાય સજાગ રહેતા.

ખાનપાન અંગેની એમની ચુસ્તતા પણ એવી જ હતી. શરૂમાં તો તેઓ કોઇને યે ત્યાં કશું લેતા નહિ. કૉલેજમાં પણ પાણી સુધ્ધાં પીતા નહિ. બહુ વર્ષો પછી સાથી અધ્યાપકોના આગ્રહને વશ થઈ એમણે કૉલેજમાં ચા પીવા પૂરતી છૂટ સ્વીકારી હતી. સવારે બહુ વહેલા ઊઠી જતા, નિત્યકર્મ, પૂજાપાઠ વગેરેથી પરવારી કૉલેજ પહોંચી જતા અને બપોરે ઘેર આવી થોડો આહાર લઈ અભ્યાસમાં મગ્ન થઈ જતા, યા કોઈ વિદ્યાર્થી ઘેર આવે તો એને માર્ગદર્શન આપતા. બહુ નાની ઉમરે એમની એક આંખ જતી રહેલી. દેખાવમાં સ્વાભાવિક લાગે, પણ એનાથી એમને દેખાતું નહિ. અને બીજી આંખ પણ બહુ વાચનને કારણે નબળી પડેલી એટલે રાતે તેઓ કંઈ વાંચતા નહિ, પણ નિયમિત રેડિયો સાંભળતા અને નવ-સાડા નવે સૂઈ જતા. દિવસે બારી પાસેની એક ખુરશી પર એમનું લેખનવાચન થતું, પણ અન્યથા તેઓ નીચે ગાદી પર બેસતા, બેત્રણ ફોલ્ડિંગ ખુરશીઓ અને પુસ્તકોનું એક કબાટ એ એમના ઘરનું રાચરચીલું. પણ એમની આટલી સાદગી વચ્ચે યે એ નાનકડા ઘરનું વાતાવરણ સદા વિદ્યાવ્યાસંગથી મહેકતું રહેતું.

ઈ. ૧૯૩૫માં એમનાં પત્ની રુદ્રબાળાબહેનનું અવસાન થયું. નાગરી નાતના રિવાજ પ્રમાણે પત્નીને જાતે જ અગ્નિસંસ્કાર કરી એમણે સ્વજનોના આગ્રહ છતાં પુનર્લગ્નની પોતાની અનિચ્છા પ્રકટ કરી દીધી હતી. વિધુર થયા પછી એમણે અંગત વ્યવહારમાં કેટલાક નિયમો સ્વીકારી લીધા હતા. આહારમાં પૂરો સંયમ રાખેલો. વિનાકારણ કોઇને ત્યાં જવલ્લે જ જતા. રસ્તામાં પણ ઊભા રહી કોઈ સાથે બહુ વાતો કરતા નહિ. સામાજિક વ્યવહારમાં પણ અનિવાર્ય હોય ત્યાં જ જતા અને કામ પત્યે તુરત પાછા ફરતા. કોઈ કાર્યક્રમમાં જવાનું થાય તો ત્યાં સમયસર જ પહોંચે ને કાર્યક્રમ પૂરો થતાં કોઇને મળવા ખાતર પણ ખાસ રોકાયા વિના પાછા ફરે. પણ કૉલેજનાં પર્યટનોમાં તેઓ અચૂક જોડાતા. જોકે ત્યાં યે હરફર ન કરતાં એકાદ સ્થાન પસંદ કરીને બેસી જતા. કૉલેજ જવા-આવવામાં પણ ઘર પાસેથી ટ્રેઈનમાં મરીન લાઈન્સ ને ત્યાંથી ચાલતા કૉલેજ જવાનો એમનો ક્રમ વર્ષોથી એકધારો રહેલો. એટલે મુંબાઈના બસવ્યવહારથી પણ તેઓ બહુ પરિચિત નહોતા અને બસમાં બેસવું પણ એમને ફાવતું નહિ.

બહુ જવાબદારીઓ લેતા નહિ, ને લે તેને નિષ્ઠાપૂર્વક ને સમયસર પાર પાડતા. પ્રસિદ્ધિથી દૂર રહેવાની ખાસિયતને કારણે સારાસારા કાર્યક્રમોમાં યે વક્તા કે પ્રમુખ થવાનું ટાળતા. સહજરીતે જે સંબંધ વિકસે તે સિવાય નવા સંબંધો બાંધવાની ઉત્સુકતા તેમનામાં નહોતી. એ જ રીતે સંબંધનો ઉપયોગ કરી કદી કોઈ લાભ લેવામાં પણ માનતા નહિ. એમનું જીવન જ એવી રીતે ગોઠવાયું હતું ને અંગત ઘણીખરી બાબતોમાં એમણે એવો સ્વાશ્રય કેળવ્યો હતો કે પોતાને માટે બીજા કોઈ પાસેથી કંઈ પણ અપેક્ષા રાખવાની એમને જરૂર જ પડતી નહિ.

સરકારી કે યુનિવર્સિટીની અનેક સમિતિઓમાં એમની નિમણૂક થતી રહેતી, પણ તેમાં યે એમનું વલણ હમેશાં તટસ્થ અને નીડર રહેતું. પોતાના સ્પષ્ટ અને સાચા અભિપ્રાયથી કોઇને માઠું લાગે તો એની તેઓ પરવા રાખતા નહિ. ઝેવીઅર્સની પોતાની નોકરીથી એમને પૂરો સંતોષ હતો, એટલે બહારથી આવતા અનેક લોભામણા પ્રસ્તાવો તેઓ પાછા વાળતા. એક અરસામાં ઝેવીઅર્સમાંથી બી.એ.ના વર્ગમાંથી સંસ્કૃતનો વિષય કાઢી નાખવાની હિલચાલ ચાલી હતી, અને એ જ સમયમાં ભારતીય વિદ્યાભવનમાંથી ડૉ. વેલનકર છૂટા થતાં ત્યાં સંસ્કૃત-પ્રાકૃત વિભાગમાં ડાયરેક્ટર તરીકે મુનશીજીએ ઝાલાસાહેબને લેવા વિચારી એ અંગે વાટાઘાટો ચલાવેલી, પરંતુ ઝાલાસાહેબે ઝેવીઅર્સ નહિ છોડવાનું જ નક્કી કર્યું હતું. જેમ વ્યવહારમાં તેમ લેખનમાં પણ તેઓ સ્પષ્ટવક્તા હતા. ગુજરાતીમાં જો કે બહુ ઓછું લખતા, પણ વિવેચન વગેરે જે કંઈ લખે તેમાં બિનજરૂરી પ્રશંસા ટાળવા ઉપરાંત ત્રુટિઓ અંગે બહુ સ્પષ્ટતાથી પોતાનો અભિપ્રાય દર્શાવતા.

ઈ. ૧૯૫૭માં એમનો વનપ્રવેશ ઊજવવા સ્નેહીઓએ વિચાર્યું, પણ એ પ્રસ્તાવ બહુ ગંભીરતાપૂર્વક એમણે નકારી કાઢેલો. કૉલેજમાં નિવૃત્ત થઈ માનાર્હ અધ્યાપક તરીકે રહ્યા ત્યારે એમનું જાહેર સન્માન કરી એમને એક થેલી આપવાના ખયાલને પણ એમણે નકારેલો. બે વર્ષ પછી એશિયાટિક સોસાએટીએ એમની સંસ્કૃતની સેવા બદલ સુવર્ણચંદ્રક આપવાનું નક્કી કર્યું ત્યારે સ્નેહીમિત્રોએ એમને સન્માનવાનો વિચાર કર્યો ત્યારે પણ તેમણે ના કહી અને વિદ્યાર્થીઓ તરફથી એમના માનમાં એક ભોજનસમારંભ ગોઠવવાનો પ્રસ્તાવ લઈ સૌ ગયા ત્યારે તેની પણ ના કહી; પરંતુ દરખાસ્ત લઈ જનારને એથી બહુ નિરાશ થઈ ગએલા જોઈ એમણે માત્ર પચીસ જ જણ આવે અને એક પણ ભાષણ ન થાય એ શરતે એ પ્રસ્તાવ સ્વીકાર્યો. પણ એમને સુવર્ણચંદ્રક અર્પણ થાય તે પહેલાં તો એમણે જ વિદાય લઈ લીધી.

કોઈ પદ કે સ્થાનની એમને આસક્તિ નહોતી. ઝેવીઅર્સમાં ચાર દાયકાની સેવા પછી યે છેક એમના નિવૃત્ત થવાના સમયે એમને ત્યાંના સંસ્કૃત વિભાગનું અધ્યક્ષપદ મળ્યાનો પણ એમને લેશ માત્ર રંજ નહોતો. સહજ રીતે મળે અને પોતાને સ્વીકારવા યોગ્ય લાગે તેનો જ તે સ્વીકાર કરતા. અત્યંત સ્પષ્ટ અને સાચી વાત જ કહેવાના એમના આગ્રહને કારણે મુંબાઈની બીજી એક યુનિવર્સિટીની એક સમિતિમાંથી એમનું નામ કાઢી નાખવાની હિલચાલ ચાલતી હોવાની એમને જાણ થઈ, એટલે તુરત એમણે એ યુનિવર્સિટીની બધી જ સમિતિઓમાંથી પોતાનું રાજીનામું આપી દીધેલું. ફિલ્મો તો તેઓ જોતા જ નહિ, અને આંખની જાળવણીની પણ ચીવટ હતી એટલે ફિલ્મ સેન્સર બોર્ડમાં સભ્ય તરીકે પોતાની નિમણૂકને એમણે એક વાર તો નકારેલી, ને વર્ષો પછી ફરી દબાણપૂર્વક એ અંગે પ્રસ્તાવ આવ્યો ત્યારે યે, વારંવાર ફિલ્મ જોવાથી જો પોતાની આંખને તકલીફ પડતી લાગે તો પોતે તુરત છૂટા થઈ જવાના સંકલ્પ સાથે જ એ સ્વીકાર્યો હતો.

પોતાના લેખો કે પુસ્તકોના પ્રકાશન માટે પણ તેઓ જરાય ઉત્સુકતા દાખવતા નહિ. સહજ રીતે જે થાય તે થવા દે. 'કાલિદાસ—એ સ્ટડી' નામનું યુવાન વયે લખેલું એમનું એક પુસ્તક વિદ્વાનોની પ્રશંસા પામેલું. રામાયણના સુંદર કાંડની અધિકૃત વાચનાનું એમનું સંપાદન પણ આદર

પામ્યું છે. અંગ્રેજી અને ગુજરાતીમાં સંશોધન-વિવેચન પ્રકારના ઘણા લેખો એમણે લખેલા, પણ એને ગ્રંથસ્થ કરવાના પ્રકાશકોના પ્રસ્તાવોમાં એમણે રસ લીધો નહોતો. અંતે એમના અવસાન બાદ પ્રો. ઝાલા સ્મારક સમિતિએ 'નીરાજના', 'અક્ષર' અને 'Asvina in the Rgveda' નામથી ત્રણ પુસ્તકોમાં એ પ્રકટ કર્યાં છે.

મુંબાઈના જૈન યુવક સંઘ દ્વારા મોટા પાયે યોજાતી પર્યુષણ વ્યાખ્યાન-માળાનું પ્રમુખપદ પં. સુખલાલજી પછી સર્વાનુમતે ઝાલાસાહેબને અપાએલું અને દસ વર્ષ સુધી એમણે એ સંભાળ્યું. પછી એમણે જાતે જ બહુ લાંબા સમય સુધી આવા પદ પર રહેવામાં પોતે માનતા નથી એમ કહી એ જવાબદારીમાંથી મુક્તિ માગેલી. પણ યુવક સંઘે એમને એ સ્થાને ચાલુ રહેવા આગ્રહ જારી રાખ્યો, એટલે જાણે એમાંથી મુક્ત થવા જ પર્યુષણ વ્યાખ્યાનમાળા આવે એ પહેલાં જ એમનું અવસાન થયું.

પોતાના ૬૫ વર્ષના આયુમાં તેઓ માંદા પડ્યા હોય એવું બન્યું નથી. આંખ અને પગની તકલીફને એમણે કદી પોતાનાં કાર્યોમાં આડે આવવા દીધી નથી. છેલ્લે તેઓ વડોદરા યુનિવર્સિટીની એક મીટિંગમાં ગયા ત્યારે એકાએક છાતીમાં સખત દુખાવો ઊપડેલો. જો કે એ તુરત શમી પણ ગએલો છતાં મુંબાઈ આવી એમણે એ અંગે તપાસ કરાવી. ત્યારે ચિંતાજનક કોઈ કારણ જણાયું નહોતું. કૉલેજમાં પણ દાદરોની ચડઊતર કરી તેઓ વર્ગ લેવા જતા. થાણાની તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાં અઠવાડિયામાં બે વાર વ્યાખ્યાન આપવા પણ જતા. આમ એકંદર તબિયત સારી હતી, છતાં એમને પોતાનો અંતકાળ સમીપ હોવાનું લાગતું હતું અને એટલે પોતાની સાથે એ પોતાના પૌત્રને સુવડાવતા. બારણાંની બે સ્ટૉપરમાંથી ઉપરની એક જ વાસતા કે જેથી કદાચ જરૂર પડે તો સરળતાથી બહારથી બારણું ખોલી શકાય. અવસાનની આગલી રાતે ઊંઘમાં જ એમણે દેહ છોડ્યો.

બધા જ પ્રકારનાં પ્રલોભનો ને એષણાઓથી પર રહીને, નિષ્ઠાપૂર્વક કાર્યરત રહી નિયમબદ્ધ જીવન ગુજારનાર તરીકે એમનું જીવન આજના યુગમાં વિરલ જ નહિ એક આદર્શરૂપ છે. —રમણલાલ ચી. શાહ

ધાતુકથા

મોટા જથ્થામાં વપરાએલી પહેલી ધાતુ તાંબું હતી. એકલું તાંબું નરમ હોવાથી શસ્ત્રો કે બખ્તર બનાવવામાં ઉપયોગી નથી. પરંતુ ખનિજ કાચું તાંબું થોડીક કલાઈ સાથે ભળેલું હોય છે. આ મિશ્ર ધાતુ કાંસુ કહેવાય છે. કાંસુ પૂરતા પ્રમાણમાં કઠણ છે. આથી માણસ શુદ્ધ તાંબામાં કલાઈ મેળવીને કાંસુ બનાવતાં શીખ્યો. આમ ઈ. સ. પૂર્વે ૩૫૦૦ વર્ષ પહેલાં ઇજિપ્ત અને પશ્ચિમ એશિયામાં પથ્થર-યુગનું સ્થાન કાંસાયુગે લીધું. ઈ. સ. પૂર્વે ૨૦૦૦ના અરસામાં અગ્નિ યુરોપમાં કાંસાનો યુગ શરૂ થયો. સંસ્કૃતિના તે જમાનાને ગ્રીક મહાકવિ હોમરે પોતાના ઇલિયડ અને ઓડીસી નામનાં મહાકાવ્યોમાં બિરદાવ્યો છે.

કાંસા-યુગમાં પણ લોઢું જાણીતું હતું. પરતુ લાંબા કાળ સુધી તે ખરેલા તારાઓમાંથી જ મેળવવામાં આવતું હતું. તેનું મહત્ત્વ કીમતી ધાતુ તરીકે જ હતું. તેનો ઉપયોગ પ્રસંગોપાત્ત જ થતો. આખરે કાચી ધાતુ તરીકે ખોદી કાઢેલા લોખંડને પીગાળીને તેનો રસ અમર્યાદ જથ્થામાં મેળવવાનું શરૂ થયું ત્યારે લોઢું સારી રીતે વપરાશમાં આવ્યું. ઈ. સ. પૂર્વે ૧૪૦૦ના અરસામાં પશ્ચિમ એશિયામાં ક્યાંક કાચી ધાતુ પીગાળીને લોખંડ મેળવવાનું શરૂ થયું, ને ધીમેધીમે એ વિદ્યાનો પ્રચાર થતો રહ્યો.

લોઢાનાં શસ્ત્રો અને બખ્તરથી સજ્જ થએલું સૈન્ય કાંસાથી સજ્જ થએલા સૈન્યને હરાવીને ભગાડી શકે, કારણ કે લોઢાની તલવાર કાંસાની આરપાર જઈ શકે. પશ્ચિમ એશિયાની હિટાઈટ નામની પ્રજા લોખંડનાં હથિયારો ગણનાપાત્ર સંખ્યામાં વાપરવામાં પહેલી હતી. પશ્ચિમ એશિયામાં આથી તેણે ઠીકઠીક રાજ્ય કર્યું. પછી તેનું સ્થાન અસીરીઅનોએ લીધું. ઈ. સ. પૂર્વે ૮૦૦ સુધીમાં તેમના આખા સૈન્યને લોખંડનાં સાધનો વડે સજ્જ કરવામાં આવ્યું. આથી તેણે અઢી સૈકા સુધી પશ્ચિમ

એશિયા ને ઇજિપ્ત પર દોર ચલાવ્યો. લગભગ એ જ ગાળામાં ડોરિયન લોકોએ ગ્રીસ ઉપર ચડાઈ કરીને યુરોપમાં લોહ-યુગ શરૂ કર્યો. તેમણે એકીઅન લોકોને હરાવ્યા. એકીઅન લોકો કાંસાના યુગને વળગી બેઠા હતા. આ તેમના પરાજયનું કારણ હતું. (વિજ્ઞાનદર્શન)

વૃક્ષ-ચિકિત્સા

આધુનિક વૈજ્ઞાનિકયુગમાં વૃક્ષઉછેર અને ચિકિત્સા વિષે ઘણું સંશોધન થયું છે ને થાય છે. પ્રાચીન ભારતમાં યે એ વિષય ઉપેક્ષિત નથી રહ્યો. આયુર્વેદમાં માનવ-કાયચિકિત્સા પૂરતું જ નથી લખાયું, પશુ-ચિકિત્સા તથા વૃક્ષ-ચિકિત્સા વિષે પણ લખાયું છે. સંસ્કૃતમાં લખાએલા એ ગ્રંથો સાથેનો આપણો સંપર્ક છૂટી ગયો હોવાથી આપણે માહિતગાર નથી, એટલું જ. વૃક્ષોનાં સ્વાસ્થ્ય તથા ઉછેરમાં જેમને રસ હોય અને કરવાની અનુકૂળતા હોય તેમને માટે અગ્નિપુરાણમાંથી બે-ચાર પ્રયોગ રજૂ કરું છું:

૧) બે વૃક્ષો વચ્ચે વીસ હાથનું અંતર હોય તે ઉત્તમ, એથી ઓછું સોળ હાથ સુધી હોય તે મધ્યમ અને એથી ઓછું બાર હાથ સુધી હોય તે અધમ ગણાય છે. નજીક નજીક ઊગેલાં વૃક્ષો જોઈએ તેવાં વધતાં કે ફૂલતાં નથી, ઓછાં અંતરે ઊગેલાં વૃક્ષો વચ્ચે યોગ્ય અંતર રાખવા માટે તેમને ત્યાંથી ઊખેડી દૂર રોપવાં જોઈએ, અને એ રીતે રોપેલાં વૃક્ષોના ક્યારામાં વાવડીંગનું ચૂર્ણ, ગાયનું ઘી અને જળાશયનો ભીનો કાદવ ઠંડા જળથી મિશ્ર કરી ઠીક પ્રમાણમાં પાવું જોઇએ.

૨) વૃક્ષોમાં જો ફળ આવી નાશ પામતાં હોય તો કળથી, અડદ, મગ, જવ વગેરેનું ચૂર્ણ કરી, પીસેલા તલ અને ગાયના ઘી સાથે એકત્ર કરી, ઠંડા પાણીમાં મિક્સ કરી તે પાણી પાવાથી વૃક્ષોમાં ફળફૂલની વૃદ્ધિ થાય છે.

૩) બેટાંબકરાંની લીંડીનો ભૂકો, જવનો લોટ, કચરેલા તલ અને પાણી એકત્ર કરી સાત દિવસ એક સ્થાને રાખવાં. પછી તે વૃક્ષોને પાવાથી ફળફૂલની વૃદ્ધિ થાય છે.

૪) માછલીઓવાળા જળાશયનું પાણી પાવાથી વૃક્ષો વધે છે.

૫) વાવડિંગ અને ચોખાના ચૂર્ણને પાણીમાં ડોઈ તે પાણી ઝાડને પાવાથી સાધારણ રીતે વૃક્ષના તમામ રોગ નાશ પામે છે.


આમ તો ઝાડપાન ઉછેરનાર સરળતાથી કરી શકે તેવા આ પ્રયોગ છે. તે કરી જોવાની હોંશ જોઇએ. —મુકુંદરાય વિ. પારાશર્ય

પરદેશના પત્રમિત્રો

નામ પછી તરત જ કૌંસમાં f=female અને m=male તથા તે પછીનો આંકડો એમની ઉમર સૂચવે છે. સરનામા પછી એમના રસના વિષયો આપ્યા છે. પત્રવ્યવહાર અંગ્રેજીમાં જ કરવો.

(6) JohnJ. R. (m–18) Can Xinxo, San Agustin, Ibiza, SPAIN.—Friendship with boys & girls, Worldwide. (7) Epifania Ramirez (f–25) 1103, Arthur Street, Makati, Metro Manila, PHILIPPINES–Cooking, Guitar, Sewing. (8) Aris Makris(M–18)Ieronos 1–3, Pangrati, Athens, GREECE—Football, Music, Penfriendship, Painting. (9) Zina Khaldi (f–20) 157, Rue Frantz Fanon, Arzew–Oran, ALGERIA—Penfriendship, will reply all letters. (10) Diane Lim Bee Looi (f–16) 86, Paya Terebung Road, Ayer Itam, Penang, W. MALAYSIA—Penpals, Reading etc. (11) Boss Christian (m–20) Goldermuhle Str. 27, 9403 Golduch SG. SWITZERLAND—Travel, Reading, Piano. (ચાલુ)

(પ્રેષક : કનુ એસ. યોગી, વડનગર)



જાન્યુઆરી ફેબ્રુઆરીનું આકાશદર્શન

આકાશદર્શનો આનંદ અનેરો અને અખૂટ છે. તારાઓ વિષેનું આપણું જ્ઞાન આજે તો ઘણું વધી ગયું હોવા છતાં એનું દર્શન હજીયે એટલું જ કુતૂહલપ્રેરક અને આકર્ષક રહ્યું છે. આ અખતરો તારાઓમાંના ઘણાને તો આપણે બહુ પ્રાચીન કાળથી ઓળખીએ છીએ. પ્રાચીન ભારતીય ખગોળશાસ્ત્રીઓએ આમાંના ઘણા તારાઓ—ખાસ કરીને સૂર્ય અને ચંદ્રના આકાશી માર્ગની આજુબાજુના તારાઓને એમની ઓળખ અને ખગોળશાસ્ત્રીય ગણનાઓ માટે ૨૭ નક્ષત્રમંડળોમાં વહેંચી નાખ્યા હતા, અને એમાંના ઘણા આગળપડતા તારાઓને અલગ નામ પણ આપ્યાં હતાં. આગળ જતાં ૨૭ નક્ષત્રો ઉપરાંત ૧૨ રાશિમંડળોની કલ્પના સ્વીકાર પામી અને હવે આધુનિક ખગોળશાસ્ત્રીઓએ મુખ્ય મુખ્ય તારામંડળોની પરંપરિત કલ્પનાને જાળવી રાખીને સમગ્ર આકાશને ૮૮ નક્ષત્ર (તારા)મંડળોમાં વહેંચી એમની ઓળખમાં આંતરરાષ્ટ્રીય એકવાક્યતાને સરળ બનાવી દીધી છે. આમાંનાં ઘણાં તારામંડળોના મુખ્ય મુખ્ય તારાઓના જૂથથી રચાતા આકારોમાં વિવિધ પૌરાણિક પાત્રો, પ્રાણીઓ વગેરેના આકારની કલ્પના કરીને તેને તેમનાં નામ અપાયાં છે, તો કેટલાક તારાઓનાં નામાભિધાનમાં અનેક પૌરાણિક કે ઐતિહાસિક વ્યક્તિવિશેષોની સ્મૃતિને અમર કરી છે. અહીં આપેલા નકશામાં દેખાતા તારામંડળોની સહાયથી જે તે માસના અરસામાં દેખાતા આકાશનું દર્શન કરીશું. આ માટે રાતે નકશાનું મથાળાને માથા પર ઉત્તર તરફ ધરી રાખીને જોતાં તેમાં જે તે સમયના આકાશમાં દેખાતાં તારામંડળો જોવા મળશે. વધુમાં હાલમાં પૂર્વ આકાશમાં વહેલી પરોઢથી માંડી મોડે સુધી ઝળહળતો દેખાતો એક તારો પણ તમે જોઈ શકશો. એ છે શુક્ર. આ જ રીતે કર્ક તારામંડળ પાસે ગુરુ અને સિંહમાં શનિ ગ્રહનું દર્શન પણ કરી શકશો. તારાઓના ઝબકાર અને ગ્રહના સ્થિર તેજનો તફાવત તો તમે જાણતા જ હશો. આ રીતે ગ્રહો તારાઓથી અલગ પડી આવે છે, ને રોજ ચીવટથી જોશો તો ગ્રહોનો સ્થાનફેર પણ તમે પરખી શકશો. —બિ. ટાંક

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં

આજે લગભગ આખી દુનિયામાં પ્રચલિત બની ગએલી પશ્ચિમી વર્ષગણનાના આ પહેલા માસ જાન્યુઆરીનું મૂળ લૅટિન નામ જાન્યુઆરીઅસ રૅામન પૌરાણિક દેવતા જૅનસના નામ પરથી પડેલું છે. આપણા બ્રહ્માની પેઠે સર્વ ઉત્પત્તિના આદિ સૃષ્ટા અને સર્વ જીવના અધિદેવ તરીકે રૅામન પુરાણોમાં તેની ગણના થાય છે. ગણેશની પેઠે દ્વાર પર પણ તેની પ્રતિષ્ઠા થતી અને સર્વ સ્થાનોમાં રક્ષક દ્વારપાલ દેવ તે ગણાતા. તેને બે મુખ કલ્પવામાં આવ્યાં છે; જેમાંનું એક ભૂતકાળમાં અને બીજું ભવિષ્યમાં દૃષ્ટિ કરે છે.

ઈ. પૂર્વે. ૭૧૩માં ન્યૂમાએ રૅામન વર્ષગણનામાં ફેરફાર કરીને શરૂઆતમાં જાન્યુઆરી ને ફેબ્રુઆરી એ બે માસ ઉમેર્યા ત્યારથી વર્ષગણનામાં આ માસનો આરંભ થયો. આ અગાઉ માર્ચથી વર્ષારંભ ગણાતો હતો. ઈંગ્લૅન્ડમાં વર્ષની શરૂઆત માર્ચની ૨૫મી તારીખથી થતી તે ઈ. ૧૭૫૨માં ખાસ કાયદો કરીને વર્ષની શરૂઆત આ માસથી ઠરાવવામાં આવી હતી.

તા.૧/૧૮૮૧ અમદાવાદથી અજમેર સુધીનો રેલવે માર્ગ શરૂ થયો.

તા. ૪/૧૬૪૨ અગિયાર વર્ષ સુધી અમર્યાદ રાજસત્તા ચલાવીને અંતે આર્થિક ભીંસમાં આવી પડેલા ચાર્લ્સ પહેલાને બોલાવવી પડેલી પાર્લામેન્ટમાં, એની મનસ્વી ઇચ્છાઓને સભ્યોએ ન ગણકારતાં એણે પાર્લામેન્ટ ગૃહમાં ધસી જઇને એમના નેતાઓને કેદ કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. પરિણામે એની સામે આંતરવિગ્રહ ફાટયો જેને અંતે વિજયી પ્રજાની સરકારે ઈ. ૧૬૪૯ની આ જ માસની ૩૦મી તારીખે એનો શિરચ્છેદ કર્યો. ચાર્લ્સ પહેલા પછી પાર્લામેન્ટની આમસભાની ચાલતી બેઠકમાં કોઈ બ્રિટિશ રાજવીને દાખલ થવા દેવામાં આવ્યા નથી. ઈ. ૧૬૫૧માં આ જ માસની ૧લી તારીખે સ્કોન મુકામે ચાર્લ્સ બીજાનો રાજ્યાભિષેક થએલો.

તા. ૬/૧૬૦૪ મિલ્ડન હૅાલ નામે એક અંગ્રેજ વેપારી ચાર વર્ષની સફર ખેડીને હિંદુસ્તાન આવ્યો અને ત્રણ વર્ષ સુધી અકબરના દરબારમાં રહી અંતે અંગ્રેજો માટે અહીં વેપાર કરવાની છૂટનું વચન લઇને ગયો. એ પછી ઈ. ૧૬૧૬માં ૧૦ જાન્યુઆરીએ સર ટૉમસ રો વેપારની મંજૂરી માટે જહાંગીરના દરબારમાં આવ્યો હતો. એ પછી અહીં વેપાર અને ધીરેધીરે રાજસત્તા જમાવતા જઈ આ જ અંગ્રેજોએ પોતાની સામે બળવો કરવાના આરોપસર આ જ મુઘલોના વંશજ બહાદુરશાહને ૧૮૧૮માં આ જ માસની ૭મી તારીખે દેશનિકાલ કર્યો.

તા. ૭/૧૭૮૯ અમેરિકામાં પહેલીવહેલી રાષ્ટ્રીય ચૂંટણી યોજાઈ.

વ્યક્તિવિશેષ: તા. ૧૭/૧૭૦૬ બેન્જામિન ફ્રૅંકલિનનો જન્મ. બોસ્ટનના એક મીણબત્તીઓ બનાવનાર ગરીબ પિતાના ૧૭ સંતાનોમાંનો એ એક. તેર વર્ષની વયે છાપખાનામાં કામ કરી એણે મુદ્રણકળાનું જ્ઞાન મેળવવા સાથે બહોળું વાચન અને ચિંતન વધાર્યું. ૧૭૨૯માં 'પેન્સિલ્વાનિયા ગૅઝેટ' નામનું અઠવાડિક ખરીદીને તેના તંત્રીપદેથી તથા અન્ય સાંસ્કારિક પ્રવૃત્તિઓથી પ્રજાઘડતર અને સમાજજીવનમાં અગત્યનો ફાળો આપી એ એક અગ્રગણ્ય નાગરિક બની ગયો. ૧૭૩૯માં એ ફિલાડેલ્ફિયાનો પોસ્ટમાસ્ટર, ૧૭૩૬ થી '૫૧ ધારાસભામાં નાજર અને ૧૭૫૧થી '૬૪ ધારાસભ્ય બન્યો.

આકાશની વીજળી અને માનવસર્જિત વીજળી એક જ હોવાની સાબિતી આપતા એના પતંગના પ્રયોગ ઉપરાંત, ધરતીકંપનાં કારણો દરિયાનાં મોજાંના પ્રવાહો, હવામાનશાસ્ત્ર અને નૌકાશાસ્ત્રના કેટલાક પ્રશ્નો, ઘરમાંની રાંધવાની ભઠ્ઠીઓ ને ચિમનીઓમાં સુધારા એમ અનેક વિષયોમાં એણે પોતાની વિચક્ષણ બુદ્ધિનો પરિચય આપ્યો હતો. 'ગરીબ રીચર્ડનું પંચાંગ'ના પ્રકાશન દ્વારા એણે આમપ્રજા માટે ઘરગથુ સાંસારિક ડહાપણનાં જે માર્ગદર્શક અને ચટાકેદાર બોધવચનો આપ્યાં છે તે દુનિયાભરમાં જાણીતા થયાં છે.

અમેરિકાના રાજબંધારણની પરિષદમાં સમાન મતાધિકારની બાબતમાં તથા સૅનેટની અમેરિકન રચનામાં તેણે અગ્રણી ભાગ લીધેલો. ૧૭૫૭ ને ૧૭૬૪માં પોતાના પ્રાંતની સ્થાનિક બાબતમાં એણે પ્રાંતપ્રતિનિધિ તરીકે જાતે ઇંગ્લૅન્ડ જઇને બહુ ખૂબીથી તોડ આણ્યો હતો. ૧૭૬૬માં અમેરિકા અને ફ્રાંસની સંધિ માટે પારી(સ) જઇને પણ એવી જ સેવા બજાવી હતી.

મુદ્રક, શોધક, મુત્સદ્દી ને રાજપુરુષ તરીકે અમેરિકામાં તેનું વૉશિંગ્ટન અને લિંકન જેટલું આદરભર્યું સ્થાન હતું. ઈ. ૧૭૯૦ના એપ્રિલની ૧૮મી તારીખે અવસાન થયું.



'તમારે તે દિવસે તમારાં પત્ની જોડે મારામારી થએલી. એમાં પછી શું થયું ?'

'અરે...જવા દોને એ વાત. પછી તો એ જ ઘૂંટણીએ પડતી મારી પાસે આવી !'

'એમ ? વાહ ! પછી એમણે શું કહ્યું ?'

'કહે, આમ બાયલાની માફક ખાટલા નીચે શું ભરાયા છો ?'

'એ પોતાની મંઝિલ તરફ આગળ ધપ્યે જતો હતો.' વક્તા બોલી રહ્યા હતા : 'એ નહોતો પોતાની જમણી બાજુ જોતો, કે નહોતો જોતો ડાબી બાજુ, પણ મનમાં નિશ્ચિત ધ્યેય સાથે આગળ ને આગળ ધપ્યે જતો હતો. મિત્ર કે શત્રુ કોઈ તેને તેના ધ્યેયથી ચ્યુત કરી શકે તેમ ન હતું કે તેને પાછો વાળી શકે તેમ ન હતું. જે કોઈ તેના માર્ગમાં આડે આવતું તે પોતાના હિસાબે ને જોખમે તેમ કરતા. એવા માણસને આપણે શું કહીએ ?'

'ટ્રક ડ્રાઈવર' પ્રેક્ષકોમાંથી કોઈ બોલી ઊઠયું.

તે : મારી મા બનાવતી હતી એવી તારી રસોઈ નથી થતી.

તેણી : મારા બાપા લાવતા'તા એટલો પગાર પણ તમે ક્યાં લાવો છો ?

વિદ્યાર્થી : સાહેબ, મેં કંઈ ન કર્યું હોય એને માટે મને સજા થાય ખરી ?

શિક્ષક : ના જ થાય વળી.

વિદ્યાર્થી : તો સાહેબ મેં લેસન નથી કર્યું.



(જનસત્તામાં સ્વ. 'શિવ')

શે'ર

નીચોવી અંગ એ નિજનું જીવનરસ અર્પતી આવી;
સહનશીલતા ધરાની એ જીવનમાં નીત શીખું છું.

— કનુ મહેતા 'વ્યોમ'

પોતાના દેશબાંધવોની ગરીબ સ્થિતિ જાણીને ઘણી જ સાદાઈથી રહેતો લેનિન એક વાર એવો બીમાર પડયો કે અમુક મોંઘી દવાનો ઉપચાર અનિવાર્ય હતો. છતાં ગરીબ દેશબંધુઓના અનુસંધાનમાં લેનિન એવી મોંઘી દવા ન લેવામાં જ્યારે મક્કમ રહ્યો ત્યારે તેની પત્ની ક્રુપ્સકાયાએ ચુપકીથી તેને અપાતા ખોરાક સાથે મેળવી તે આપવા માંડી. તે સાજો થયા પછી જ્યારે આ રહસ્યનો સ્ફોટ થયો ત્યારે લેનિને ઊલટા ગુસ્સે થઈને દેશની ગરીબી ફિટાડવામાં આડખીલી રૂપ બનવાના ગુના માટે ક્રુપ્સકાયા પર કેસ કર્યો! ક્રુપ્સકાયા એમાં દોષિત ઠરી, પણ લોકોએ અંતે તેને છોડાવી.

કહેવતો : 'કોલસાની દલાલીમાં કાળા હાથ' —કોઈ પણ બૂરા કામમાં સાથ આપવાથી કે વચ્ચે પડવાથી થતી બેઆબરૂ કે નુકસાન દર્શાવતી કહેવત.

અનેકાર્થી શબ્દ : **યામ્ય** = યમ સંબંધી; દક્ષિણ દિશા; અગસ્ત્ય, ચંદનવૃક્ષ; કિલ્લાનો મુખ્ય દરવાજો; ભરણી નક્ષત્ર.

ગણિતગમ્મત : તમે જે મહિનામાં જન્મ્યા હો તેને ૨ થી ગુણો; ૫ ઉમેરો; જે આવે તેને ૫૦ થી ગુણો; તેમાં તમારી ઉમર ઉમેરો; તેમાંથી ૩૫૫ બાદ કરો; પછી ૧૦૫ ઉમેરો. જે જવાબ આવશે તેના પહેલા આંકડા તમે જે માસમાં જન્મ્યા હશો તે આવશે અને બાકીના તમારી ઉમર આપશે. —ઊર્વશી ઝવેરી

અંકસંદર્ભ—**આઠ:** સાષ્ટાંગનમસ્કારમાં આઠ અંગ: બે પગ, બે ગુડધા, બે હાથ, છાતી, કપાળ.



કલાકણિકા : કાઇરો (ઇજિપ્ત)ની સુલતાન હસનની ૧૪મી સદીની મસ્જિદનું એક શોભન ભાતચિત્ર, રંગોળી, ભરતકામ કે કાષ્ઠકોતરણીમાં આજે ય એ પ્રેરણા આપે તેમ છે.

असंभवं हेम-मृगस्य जन्म
तथापि रामो लुलुभे मृगाय।
प्रायः समापन्न विपत्ति-काले
धियोऽपि पुंसां मलिना भवन्ति ॥

સુવર્ણનો મૃગ હોવો એ અસંભવ છે છતાં રામચંદ્રજી એવા મૃગ માટે લાલચમાં આવી ગયા. પ્રાયઃ જોવામાં આવે છે કે વિપત્તિકાલે આવતાં મનુષ્યોની બુદ્ધિ પણ મલિન થઈ જાય છે.



ટિકિટકથા : ડબ્લિન (આયર્લૅન્ડ)ની જનરલ પોસ્ટ ઑફિસ પાસે ૧૯૩૦ની સાલની કેટલીક ખાસ ટિકિટો વેચાયા વિના પડી રહી હતી. બારેક વર્ષ પહેલાં એણે એ ટિકિટો એની મૂળ કિંમતે જ વેચી નાખી. વર્ષો પહેલાંની ટિકિટો આમ મૂળ ભાવે જ વેચાતાં ટિકિટ સંગ્રાહકો ને વેપારીઓ એ સમયે નારાજ થએલા, અને આયર્લૅન્ડની ટિકિટોમાંથી એમનો રસ પણ ઘટી ગયો. પણ હવે ફરી ત્યાંની ટિકિટોના ભાવ વધવા લાગ્યા છે. ત્યાંની આ ટિકિટ દસ જ વર્ષ પહેલાંની હોવા છતાં આજે એની મૂળ કિંમત કરતાં વધુ ભાવ ઊપજે છે. 'ગુલિવર્સ ટ્રાવેલ્સ'ના લેખક જોનાથન્ સ્વિફ્ટની ત્રીજી જન્મ-શતાબ્દી નિમિત્તે ૧૯૬૭માં એ બહાર પડેલી, જેના પર લિલિપુટમાં ગુલિવરનું ચિત્ર છે.


રાજકીય નિર્ણયોમાં વપરાતો 'વીટો' શબ્દ લૅટિન છે ને તેનો અર્થ થાય છે 'હું મના કરું છું.'

સઈ ચોરે લૂગડું ને સોની ચોરે રતી,
હજામ બાપડો શું ચોરે, માથામાં કૈં નથી!

દુનિયાભરના ઊંચામાં ઊંચા ને ઠીંગણામાં ઠીંગણા—બંને કદના માણસો આફ્રિકામાં થાય છે.

ગામડાંમાં કાનના દુખાવા ઉપર ઊંટના મૂત્રનાં ટીપાં નંખાય છે.

હિંદમાં ટ્રામ-કાર પહેલવહેલી ઈ. ૧૮૮૨માં દાખલ થઈ.



અંડરવેરથી માંડીને તે ઓવરકોટ સુધીના પુરુષના પોશાકમાં ૭૦ જેટલાં બટનો લગાડાય છે, પણ એમાંથી ઉપયોગમાં તો કેવળ ૩૦ જ આવે છે!



પ્રાણીશાસ્ત્રીઓએ કાંગારુની લગભગ પચાસ જેટલી જાતો શોધી છે. એમની ઊંચાઈ એકથી સાતેક ફૂટ સુધીની હોય છે. પણ જન્મ વખતે તો તેઓ આંગળીના વેઢા જેવડાં હોય છે.

માળ વગેરે ઉપર ચડવા માટેની 'લિફ્ટ' (એલીવેટર)ને શોધાયાને ૧૨૫ વર્ષ થયાં. ઈ. ૧૮૫૩માં ન્યૂ યૉર્ક પરગણાના યૉન્કર્સ ગામના એલીશા ઓટિસ નામના માણસે તે પહેલવહેલી શોધી. તે વરાળયંત્રથી ચાલતી અને દોરડાથી ખેંચાતી. અકસ્માત દોરડું તૂટી જતાં તે અટકી ઊભી રહે એવી તેમાં કરામત હતી. તે બહુ વજન ઊંચકી ન શકતી. આજની ઝડપી એલીવેટરો ૫૦૦૦ પૌંડનું વજન ઊંચકીને મિનિટના ૧૨૦૦ ફૂટની ઝડપે ચડીઊતરી શકે છે.

વીજળીના ગોળાને આશરે ત્રણ મહિને સૉકેટમાંથી કાઢીને ફેરવીને ફરી નાખવામાં આવે તો તે ઝટ ઊડી ન જતાં લાંબો વખત ચાલશે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૩થી

વગેરેમાં 'રાષ્ટ્રીય' શબ્દ વાંચવામાં આવવાથી ન છૂટકે લખવા પ્રેરાયો.

રાષ્ટ્ર શબ્દથી तद्धित प्रत्यय घ (इय) થવાથી આ શબ્દ બને છે. તેમાં પ્રત્યયનો इ હ્રસ્વ હોવાથી રાષ્ટ્રિય બને, પણ દરેક ઠેકાણે ગુજરાતીના વિદ્વાનો 'રાષ્ટ્રિય'ને બદલે 'રાષ્ટ્રીય' લખે છે.

"राष्ट्रावारपाराद् घखौ" (पाणिनीय सूत्र ४/२/१३) આ સૂત્રથી राष्ट्र શબ્દથી घ પ્રત્યય થાય છે અને आयनेयीनीयियः फढखच्छघां प्रत्ययादीनाम् (पा. सूत्र. ७/१/२) આ સૂત્રથી घનો इय આદેશ થાય છે આ इयની પહેલાં राष्ट्रના છેલ્લા अકારનો લોપ થવાથી પ્રત્યયનો इકાર મળી જવાથી राष्ट्रिय શબ્દ સંસ્કૃતમાં થાય છે.

राष्ट्रे भवः राष्ट्रियः राष्ट्रे जातः राष्ट्रियः વગેરે તેની વ્યુત્પત્તિ છે. ગુજરાતીમાં રાષ્ટ્રિય શબ્દ તત્સમ છે આથી રાષ્ટ્રિય એ સાચું છે એમ સાબિત થાય છે.

"वृद्धिर्यस्याचामादिस्तद् वृद्धम्" (पा. सू. १/१/७३) જે શબ્દનો પહેલો સ્વર વૃદ્ધિવાળો એટલે દીર્ઘ આકાર વગેરે હોય તે શબ્દ વૃદ્ધ કહેવાય. રાષ્ટ્ર શબ્દમાં પહેલો સ્વર આકાર છે તે વૃદ્ધિવાળો છે માટે રાષ્ટ્ર શબ્દ વૃદ્ધ સંજ્ઞાવાળો થયો. આથી 'वृद्धाच्छः' (पा. सू. ४/२/११४થી તેને छ પ્રત્યય થાય. પા. સૂ. ૭/૧/૨, જે પહેલાં આવી ગયું. તેથી छના સ્થાનમાં ईय દીર્ઘ થવાથી राष्ट्रीय દીર્ઘ ઈકારવાળો થાય એમ કોઈ કહે તેનો જવાબ એ છે કે वृद्धाच्छः सूत्र બધા વૃદ્ધ સંજ્ઞાવાળા શબ્દને માટે હોવાથી તે સામાન્ય સૂત્ર છે. જ્યારે राष्ट्रावारपाराद्घखौ એ ખાસ राष्ट्र શબ્દ માટે જ હોવાથી વિશેષ સૂત્ર છે. સામાન્ય શાસ્ત્રનો વિશેષ શાસ્ત્રથી બાધ થાય છે. આથી छ પ્રત્યયનો બાધ કરી घ પ્રત્યય જ થાય એ ચોક્કસ છે. માટે राष्ट्रीय નહિ પણ राष्ट्रिय જ લખાવું જોઈએ.

(અમદાવાદ) —હરિશંકર અંબારામ પંડ્યા

સાચા કવિ

અંક ૬૫૮માં બહાદુરશાહ પંડિતના 'અકર્મણ્યતા' વિષેના લેખમાં ટાંકેલી 'કામ કરે ઈ જીતે રે માલમ!' એ કવિતા શ્રી મકરંદ દવેની નહિ પણ શ્રી નાથાલાલ દવેની છે.

(પોરબંદર) —હરજીવન થાનકી

આઝાદી સાથે અંત્યોદય માટે ગુજરાતનો પુરુષાર્થ

ગુજરાત સરકારે શોષિત તથા આર્થિક રીતે નબળા વર્ગોના ઉત્થાન માટે તેમજ સામાજિક ન્યાય સાથે વિકાસના લક્ષ્ય પર આધારિત અંત્યોદય માટે સામાજિક-આર્થિક નવરચનાને વેગવંતી બનાવવાનો વચનબદ્ધ કાર્યક્રમ અમલમાં મૂક્યો છે.

- રાજ્યના વિવિધ વિસ્તારોના સંતુલિત વિકાસ માટે અપનાવાયેલી વિશિષ્ટ વ્યૂહ રચનામાં પછાત વિસ્તારો અને પછાત વર્ગોના વિકાસને અપાયેલું પ્રાધાન્ય.
- આશરે ૫૦૦ મે.વો. જેટલી વધુ સ્થાપિત વિદ્યુત-શક્તિ ઊભી કરવાના અને ૮.૦૦૦ જેટલાં ગામોનું વીજળીકરણ પૂરું કરવાનો હાથ ધરાયેલો કાર્યક્રમ. ૬૮૭ હરિજનવાસોમાં વીજળી પહોંચાડાઈ, ૪૯૯ હરિજનવાસોના વીજળીકરણનો કાર્યક્રમ હાથ ધરાયો. ચાલુ વર્ષે ૧,૨૦૦ ગામો અને ૨૨,૫૦૦ કુવાઓના વીજળીકરણનું કાર્ય ઉપાડાયું.
- ગ્રામ અને પછાત વિસ્તારોના ઔદ્યોગિકરણને વેગ આપવા ઔદ્યોગિક પ્રોત્સાહનની નવી નીતિ જાહેર કરાઈ.
- ૨૪ જેટલી રોજગારીઓમાં લઘુતમ વેતન દરો મુકરર કરવામાં આવ્યા.
  કામદારોને વેતન તફાવતના
  રૂ. ૭.૭૦ લાખ વધુ મળ્યા. ખેતમજૂરોને રૂ ૨.૮૩ લાખનો વેતન તફાવત મળ્યો.
- આર્થિક રીતે નબળા વિભાગો માટે ગૃહનિર્માણની યોજનાને વેગ અપાયો.
- વૈજ્ઞાનિક ધોરણે લાંબા ગાળાની જમીન અંગેની નીતિના ઘડતર માટે ભૂમિ પંચની રચના કરાઈ.
- ભૂમિહીન ખેતમજૂરો અને નબળા વર્ગના લોકોને ૩.૨૯ લાખ જમીનના પ્લોટો ફાળવાયા, જેમાં અનુસૂચિત જાતિના લોકોને ૬૫,૫૦૦ પ્લોટ અને અનુસૂચિત જનજાતિના લોકોને ૯૬.૦૦૦ પ્લોટો અપાયા.
- ગ્રામ પાણી-પૂરવઠા કાર્યક્રમને અગ્રતા આપી ચાલુ વર્ષ માટેની રૂ. ૬ કરોડની જોગવાઈમાં રૂ. એક કરોડનો વધારો કરવામાં આવ્યો.
- સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમા મતાધિકાર માટેની વયમર્યાદા ૨૧ વર્ષથી ઘટાડીને ૧૮ વર્ષની કરવાનો નિર્ણય
- લઘુમતીઓ માટેની ઉચ્ચાધિકાર સમિતિની પુનર્રચના કરાઈ.
- આયોજન બોર્ડની પુનર્રચના કરાઈ.
- પૂર્ણ રોજગારીના ધ્યેયને સિદ્ધ કરવા ૨૦ જેટલાં પસંદ કરાયેલા ઘટકોમાં ખાસ કાર્યક્રમોનુ આયોજન અપનાવાયુ
- બેરોજગારીની સમસ્યા હલ કરવા રોજગારવૃદ્ધિ બોર્ડની રચના કરાઈ.
- હરિજનોના હિતોના રક્ષણ માટે વિધાન્ સભાના હરિજન સદસ્યોની સમિતિની નિમણૂક વગેરે પગલાં લેવાયાં. હરિજનોને કોઈપણ પ્રકારની કનડગત ન થાય તે માટે પોલીસતંત્રને સાબદું બનાવાયું
- જાહેર સેવા પંચના અધ્યક્ષ તરીકે એક હરિજનભાઈની તથા સભ્ય તરીકે એક આદિવાસી પ્રાધ્યાપકની નિયુક્તિઓ કરવામાં આવી.
- સામાજિક. શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વર્ગોના ઉત્કર્ષ માટે બક્ષી પંચે કરેલી ભલામણોનો સર્વાંશે સ્વીકાર.

